શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૩મું
ફેબ્રુઆરી : ૨૦૨૦ ● અંક : ૮
પાના નં. ૧ ● કુલ પેજ : ૫૬

૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૦ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૨-૨૦૨૦ કિંમત : રૂા. ૧૮/-




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

જીવદયા કરૂણા અહિંસા સુથરી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(સુથરી - મુંબઈ) પૂ. જયંતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનુ | એક થી દસ વર્ષ બાળકો માટે પીંજી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્શન, ગોકુળધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યક્ષેત્ર : ગામ - સુથરી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૯૦
ફોન : ૦૨૮૩૯ - ૨૮૧૧૩૯ • ફેક્સ : ૦૨૮૩૯ - ૨૮૧૨૩૦

iolite

SCHOOL MANAGEMENT SOFTWARE

IOLITE SOFTWARES PRIVATE LIMITED

406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600



HOME DESIGN
FURNITURE

Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Office : Shop No. 102, 1st Floor, Sarthak-II, Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.

Factory : Plot No. 64-65-66, Swagat, 3, Industrial Estate, Kuha - Kanbha Road, Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.

E-mail : homedesign3202@gmail.com

## જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

[illegible]

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકાશે.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પારશી માલશી ભેદા-મોખા (પાલા)

કાર્યાલય શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ / ૧૩૦ ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પારશી માલશી ભેદા-મોખા (પાલા)

૩૦૭ / ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલ ધામ હોટલની બાજુમાં, મુંબઈ ૪૦૦ ૦૦૪ ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

મૂકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯
સાગર સાવલા : ૯૪૨૬૧ ૧૩૦૯૪

શ્રી કચ્છી સમાજ - અમદાવાદને
તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....

શ્રી મૂકેશભાઈ એમ. સાવલા
૧૦, શૈલરાજ બંગ્લોઝ, આમ્રપલાશ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

જાહેરાત આવકાર્ય


જાહેરાત આવકાર્ય

જાહેરાત આવકાર્ય




SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL › 88 66 71 44 99 | 88 66 38 44 99

# ડૉ. તિવેન મરવાહનાં આરોગ્યલક્ષી પુસ્તકો




- કૂદકે ને ભૂસકે વધી રહેલા ડાયાબિટીસ વિશેની સાચી સમજણ
- ડાયાબિટીસ તથા તેના કારણે થતી વિષમતાઓ વિશે સરળ ભાષામાં વિવરણ
- ડાયાબિટીસ તથા તેના કારણે થતી તકલીફો અટકાવવા માટેના સચોટ ઉપાયો
- ડાયાબિટીસના નિષ્ણાત અને અનુભવી ડૉક્ટર દ્વારા લોકભોગ્ય ભાષામાં લખાયેલ સંક્ષિપ્ત પુસ્તક
- દિવ્ય ભાસ્કર વર્તમાનપત્રની 'કળશ' પૂર્તિની 'પહેલું સુખ' કોલમમાં લખાયેલા અને ખૂબ લોકપ્રિય થયેલા લેખ ઉપર આધારિત

## ડાયાબિટીસની કડવી-મીઠી વાતો




- ડાયાબિટીસના નિષ્ણાત અને અનુભવી ડૉક્ટર દ્વારા લોકભોગ્ય ભાષામાં લખાયેલ સંક્ષિપ્ત પુસ્તક
- "દિવ્ય ભાસ્કર" વર્તમાનપત્રની 'કળશ' પૂર્તિની 'પહેલું સુખ' કોલમમાં લખાયેલા અને ખૂબ લોકપ્રિય થયેલા લેખ ઉપર આધારિત
- ગોળ, ખાંડ, મધ અને સેકરીન વિશેની સાચી સમજણ
- કુદરતી અને કૃત્રિમ મીઠાશ આપનાર તત્ત્વોની વૈજ્ઞાનિક છણાવટ
- મીઠા પદાર્થોની ડાયાબિટીસ અને ઓબેસિટી ઉપરની અસરોનું તલસ્પર્શી વિશ્લેષણ
- મીઠાશ અને મીઠા પદાર્થો વિશેની સાચી-ખોટી માન્યતાઓની સુસ્પષ્ટતા

## ગોળ, ખાંડ, મધ અને સેકરીન – કેટલાં મીઠાં, કેટલાં કડવાં?

**નવનીત એજ્યુકેશન લિમિટેડ**

NAVNEET®

Like us on /navneet.india | www.navneet.com

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

વર્ષ-૩૩ ● અંક - ૮
૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૦

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | | |
|---|---|---|---|
| ૨ વર્ષ | : | રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : | રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : | રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

## આ અંકમાં....

**તંત્રી લેખ**
- કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના બંને પ્રકારના પાણીની હાલના ધોરણે સમીક્ષા .......... **અશોક મહેતા**....૭

**કચ્છ**
- ઈ.સ. ૧૯૭૧માં ભારત પાક યુધ્ધવિરામ બાબતે પૂછતાં પુજ્ય સ્વામિજીએ સચોટ તારીખ - સમય જણાવ્યા .......... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૯
- મુંદ્રા નગરનાં દર્શનીય જિનાલયો .......... **ભરત'કુમાર' પ્રા. ઠાકર**....૧૦
- પદ્મ પુરસ્કૃત કચ્છી પ્રતિભાઓ .......... **ભરત'કુમાર' પ્રા. ઠાકર**....૧૨

**ઇતિહાસ**
- કચ્છના ઈતિહાસનું એક અવિસ્મરણીય પાત્ર : જમાદાર ફતેહ મહંમદ...... **યુસુફ મીર**....૧૩

**ઐતિહાસિક વાર્તા શ્રેણી**
- અદ્દશ્ય પાત્રો - ૩ : ચોકીદાર : ભાગ-૨ .......... **હરેશ ધોળકિયા**...૧૫

**દરિયાઇ સર્વેક્ષણ**
- ઈન્ડિયન નેવલ શીપ ઉપર વિતાવેલ સમયનો અદ્ભુત અનુભવ .......... **વી. જે. ઠાકર**...૧૮

**સંસ્કૃતિ**
- ભારતીય સંસ્કૃતિ - પરંપરામાં યક્ષપૂજાનું મહત્ત્વ .......... **ચંદ્રકાંત પટેલ 'સરલ'**...૨૦

**શિક્ષણ**
- પરીક્ષા વાલીની છે કે વિદ્યાર્થીની? .......... **ડૉ. મિહિર એમ. વોરા**...૨૨

**વિજ્ઞાન**
- આજે છે ૨૮મી ફેબ્રુઆરી : આજે છે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ .. **ડૉ. મિહિર એમ. વોરા**...૨૩

**માહિતી**
- આંતરિક સુરક્ષામાં શ્રેષ્ઠ કામગીરી બદલ કચ્છના વિભાકર અંતાણીને રાષ્ટ્રપતિ ચંદ્રક.... .... ૨૪
- કચ્છના ગામોના પીન કોડ નંબર.... .......... ૨૪

**સ્વાસ્થ્ય**
- આત્મહત્યા નિવારી શકાય છે .......... **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા)**...૨૭

**તંદુરસ્તી**
- આદુ : કિમોથેરાપી કરતા આદુની અસર ૧૦,૦૦૦ ગણી વધુ .......... ..૩૦

**સત્ય ઘટના**
- પધ્ધરગઢ શિવાલયનું આગમન .......... **પારુલ આર. પટેલ**...૩૧

**ફિલ્મ**
- ગ્રેટ શો મેન : રાજ કપૂર .......... ....૩૩

**વાર્તા**
- મા ને સમાચાર મોકલવા છે .......... **બલવીરસિંહ જાડેજા**...૩૫
- રાજયોગ .......... **ધીમંતકુમાર પ્રા. ભટ્ટ**....૩૭

**લઘુકથા**
- દગો પરિસ્થિતિ કરે છે અને બદનામ કિસ્મત થઇ જાય છે ........ **ભોલાભાઈ ગોલીબાર**....૩૯
- લક્ષ્મીના પગલા .......... **ડૉ. ભાલચંદ્ર હાથી**....૪૦

**જબાન**
- શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૭) .......... **તુલસીદાસ કંસારા**...૪૧
- **શબ્દ શોધ** : ક્રમાંક-૯૧ .......... **પ્રદીપ જોશી**...૪૨
- **પ્રતિભાવ** .......... ...૪૩

**વિવિધતા**
- ગુજરાતી સારસ્વત પરિચય .......... ૪૪
- કાવ્યો. .......... ...૪૫
- વેલેન્ટાઇન સ્પે. : કપલ ગેમ .......... **ભાવના એ. ઝવેરી**...૪૬
- **અન્ય સંસ્થાઓના સમાચાર** .......... ૪૭-૫૨

**સંસ્થા સમાચાર**
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ .......... ...૫૨

# કચ્છ વિષયક તથા કચ્છી સર્જકોનાં વૈવિધ્યપૂર્ણ અણમોલ પુસ્તકો

## નવલિકાઓ/કથાઓ

| | | |
|---|---|---|
| કચ્છીકથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 140 |
| કેડે કટારી, ખભે ઢાલ (કચ્છી સત્યકથાઓ) | કુમારપાળ દેસાઈ | 100 |
| અદૃશ્ય પાત્રો | હરેશ ધોળકિયા | 125 |
| સાંજનો સૂર્યોદય | હરેશ ધોળકિયા | 170 |
| ગંઠાઈ ગયેલું લોહી | ધીરેન્દ્ર મહેતા | 140 |
| હું એને જોઉં એ પહેલાં | ધીરેન્દ્ર મહેતા | 100 |
| રણની આંખમાં દરિયો | સંપા. ધીરેન્દ્ર મહેતા | 150 |
| ખરા બપોર | જયંત ખત્રી | 110 |
| બસ, હવે હું જાઉં છું | ધીરજ બારુપાર | 90 |
| ખોવાઈ ગયેલું ગામ | માવજી માહેશ્વરી | 130 |
| જવનિકા | બિપિન ધોળકિયા | 150 |

## જીવનચરિત્રો/આત્મકથાઓ/ સંસ્મરણો

| | | |
|---|---|---|
| મહર્ષિ અરવિંદ | હરેશ ધોળકિયા | 125 |
| યોગીરાજ લાહિડી મહાશય | હરેશ ધોળકિયા | 50 |
| કિસકો લાગૂં પાય ? | હરેશ ધોળકિયા | 100 |
| મહેતાજી, તમે એવા શું ? | ધીરેન્દ્ર મહેતા | 400 |
| કોઈ ઝબકે, કોઈ ઝબકાવે | ધીરેન્દ્ર મહેતા | 120 |
| પ્રત્યંચાનો કંપ (કાવ્યો) | ધીરેન્દ્ર મહેતા | 125 |
| પરિચયપર્વ | દર્શના ધોળકિયા | 125 |
| મહાભારત ચરિત્રવિમર્શ | દર્શના ધોળકિયા | 120 |

## કાવ્યો

| | | |
|---|---|---|
| કાગવાણી ભાગ - 1 | દુલા ભાયા કાગ | 100 |
| કાગવાણી ભાગ - 2 | દુલા ભાયા કાગ | 120 |
| કાગવાણી ભાગ - 3 | દુલા ભાયા કાગ | 170 |
| પી. કથાનકો અને રૂપકો (કા.વા. 4) | દુલા ભાયા કાગ | 140 |
| બાવન ફૂલડાંનો બાગ (કા.વા. 5) | દુલા ભાયા કાગ | 180 |
| ભૂદાનમાળા (કા.વા. 6) | દુલા ભાયા કાગ | 170 |
| મા (કા.વા. 7) | દુલા ભાયા કાગ | 125 |
| યોગીમાળા (કા.વા. 8) | દુલા ભાયા કાગ | 125 |
| કાગમાળા | સંપા. જગદીશ ત્રિવેદી | 50 |

## જીવનપ્રેરક લેખો

| | | |
|---|---|---|
| જીવન એક ઉત્સવ | હરેશ ધોળકિયા | 150 |
| વિચારોની રખડપટ્ટી | હરેશ ધોળકિયા | 125 |

## નવલકથાઓ

| | | |
|---|---|---|
| અંગદનો પગ | હરેશ ધોળકિયા | 150 |
| નિયતિનું સંતાન | હરેશ ધોળકિયા | 125 |
| લાંબું સ્વપ્ન | હરેશ ધોળકિયા | 200 |
| આપણે લોકો | ધીરેન્દ્ર મહેતા | 115 |
| અદૃશ્ય | ધીરેન્દ્ર મહેતા | 80 |
| ખોવાઈ ગયેલી વસ્તુ | ધીરેન્દ્ર મહેતા | 100 |
| ભંડારી ભવન | ધીરેન્દ્ર મહેતા | 175 |
| વલય | ધીરેન્દ્ર મહેતા | 100 |
| છાવણી (પુરસ્કૃત) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| ચિહ્ન | ધીરેન્દ્ર મહેતા | 200 |
| તમે માનશો ? (લઘુનવલ) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| મનબંધણ | હંસરાજ સાંખલા | 425 |
| ફેસબૂકમાંના ચહેરાઓ | મનીષા ગાલા | 300 |

## વિવેચન/સંદર્ભસાહિત્ય

| | | |
|---|---|---|
| નંદશંકરથી ઉમાશંકર | ધીરેન્દ્ર મહેતા | 250 |
| દર્શક અને બીજા વિશે | ધીરેન્દ્ર મહેતા | 180 |
| કથા, તું બહુરૂપિણી ! | ધીરેન્દ્ર મહેતા | 240 |
| આઠે પહોર આનંદ રે... | દર્શના ધોળકિયા | 125 |
| નરસિંહ ચરિત્રવિમર્શ | દર્શના ધોળકિયા | 300 |
| શ્વાસમાં વાગે શંખ (ભક્તિકાવ્યોનો આસ્વાદ) | દર્શના ધોળકિયા | 225 |
| સહૃદય ધર્મ (અનંતરાય મ. રાવળના લેખો) | સંપા. દર્શના ધોળકિયા | 260 |
| અવધૂત આનંદઘન પદલહરી (આસ્વાદ) | માવજી કે. સાવલા | 110 |
| કચ્છી બોલી | મહેન્દ્ર સાકરચંદ દોશી | 140 |
| કચ્છીકવિતા - આસ્વાદના આલોકમાં | પ્રભાશંકર ફડકે | 80 |
| ધીણોધર સંભરન (કચ્છ વિષયક વાર્તાઓ, નિબંધો) | સંપા. વીનેશ અંતાણી | 240 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15

ફોન : 26934340, મો. 9825268759 ઇમેલ :
gurjarprakashan@gmail.com

તંત્રીલેખ

# કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના બંને પ્રકારના પાણીની હાલના ધોરણે સમીક્ષા



અશોક મહેતા

*કેન્દ્ર સરકારે ૪ રાજ્યો વચ્ચે નર્મદા નદીના પાણીની વહેંચણી માટે થયેલ ઝઘડા સામે વર્ષ ૧૯૬૯માં જળપંચની રચના કરેલ હતી. આ જળપંચનો ચુકાદો વર્ષ ૧૯૭૯માં આવેલ હતો અને તેમાં એવું કહેવામાં આવેલ છે કે તેઓ ૪૫ વર્ષ પછી એટલે કે વર્ષ ૨૦૨૪માં ફરી ફેર વિચારણા કરશે અને જે રાજ્યને ફાળવવામાં આવેલ પાણીનો તેઓ ઉપયોગ ના કરી શક્યા હોય તેવા સંજોગોમાં તેઓ પાણીની વહેંચણીમાં તફાવત કરી શકશે.*

- ***કચ્છને ફાળવવામાં આવેલ નિયમિત પાણી :***

*આ ચુકાદાને ૪૧ વર્ષ થવા આવ્યા. હવે માત્ર ૪ વર્ષ બાકી છે. આર.ટી.આઈ. મારફત સરદાર સરોવર નર્મદા નિગમની બધી જ ૩૧ બ્રાંચ ઓફિસના ખેતી માટેના પાણીનો વપરાશનો આજથી એક વર્ષ અગાઉ જવાબ મેળવવામાં આવેલ હતો. જેનો મતલબ નર્મદા નિગમે ગુજરાતની જે ૪૫ લાખ એકર જમીનમાં સિંચાઈના પાણી પહોંચાડવાના હતા તે સામે માત્ર ૮ લાખ એકર જમીનમાં પાણી પહોંચાડેલ છે. કચ્છમાં તો ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં પાણી પહોંચાડવાના હતા તે સામે આજ દિવસ સુધી એક પણ એકર જમીનમાં આ નિગમ પાણી પહોંચાડી શકેલ નથી. જો તે આવતા ૪ વર્ષમાં ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં પાણી પહોંચાડી નહીં શકે તો કચ્છના ભાગે આવેલ ૦.૫ M.A.F. નિયમિત પાણી ઝુંટવાઈ જવાનો પૂરેપૂરો ભય રહેવા પામેલ છે. પરિણામે દુષ્કાળના ઓછાયામાંથી બહાર નીકળવાના કચ્છના આ પ્રયાસને ખૂબ જ અસર પહોંચશે એ હકીકત નજર સામે દેખાય છે.*

*નર્મદા નિગમની યોજના અને આયોજન પ્રમાણે તેઓ જે ગામોની હદના ખેતરોમાં પાણી પહોંચાડવાના હોય તેવા ૧૦-૧૨ ગામોની એક સહકારી પાણી મંડળીની રચના કરાવે. કચ્છમાં આવી ૨૫-૩૦ સહકારી પાણી મંડળીઓની રચના થઈ શકે. નિગમ જે તે મંડળીઓને મીટર પદ્ધતિથી પાણી આપે અને પાણી મંડળી જે-તે ખેડૂતોને મીટર પદ્ધતિથી જ આ પાણી આપે. હજુ સુધી નિગમ દ્વારા એક પણ પાણી મંડળીની રચના કરવામાં આવેલ નથી. તેથી કચ્છના ખેડૂતોને કાયદેસર ક્યારે પાણી મળશે તે ભાવિમાં અનિશ્ચિત જ રહેવા પામેલ છે.*

*કચ્છ બ્રાંચ કેનાલ કે જે ૩૫૨ કિ.મી. લાંબી છે, તેના ૧૨૫ કિ.મી. લંબાઈના કામો હજુ બાકી રહેવા પામેલ છે. ત્યારબાદ તેની સબબ્રાંચ કેનાલો, સબસીડિયરી કેનાલ, માઈનોર કેનાલ અને સબ માઈનોર કેનાલ બને ત્યારે ખેડૂત મંડળીઓ સુધી પાણી પહોંચે અને એ ખેડૂત (પાણી) મંડળીઓ આગળ ઢુરિયા જેવી નાની કેનાલો બનાવી અથવા પાઈપ લાઈન નાખી, તેના દ્વારા ખેતરે ખેતર સુધી પાણી પહોંચાડે. જે પાણી ખેતર સુધી નિયમ પ્રમાણે અને કાયદેસર પહોંચ્યા હશે તેજ કેન્દ્રીય જળપંચની ગણતરીમાં લેવામાં આવશે. મુખ્ય કેનાલ કે અન્ય કેનાલો પર ડીઝલ પંપ મૂકી ખેડૂતો જે પાણી પોતાના ખેતરમાં લઈ જઈ ખેતી કરે છે તેની ગણના કોઈ પણ સંજોગોમાં જળપંચ કરી શકશે નહીં. તેથી કચ્છને ફાળવવામાં આવેલ આ પાણી ઝુંટવાઈ જવાની પૂરેપૂરી શક્યતા ઊભી રહે છે. આ પરિસ્થિતિમાં ગુજરાત સરકાર કોઈ પણ કાયદેસરનો જવાબ આપવા અસમર્થ રહેશે. છેલ્લા ૪૧ વર્ષથી સરકારશ્રીના અધિકારીઓએ જે નિષ્કાળજી દાખવેલ છે તેના પરિણામો કદાચ કચ્છની જનતાને ભોગવવાનો સમય આવી શકશે. યોજનાને આયોજન મુજબ પૂર્ણ કરવાને હવે માત્ર ૪ વર્ષનો સમયગાળો બાકી રહેતો હોવાથી અને આજના દિવસે પણ સરકારશ્રીના જમીન સંપાદન વિભાગની અને નર્મદા નિગમના અધિકારીશ્રીઓની કાર્યવાહીમાં કોઈ જ પ્રકારના દષ્ટિકોણમાં ફેરફાર થયેલ ન હોવાથી કચ્છનો*

---

***આ વખત શરમાઈ જાઓ, જો નજર મારી મળે; આંખના દરિયામાં હું ડૂબી જઈ પાછો તરું. – ડી.કે.***

ખેડૂત વર્ગ અને પ્રબુદ્ધ નાગરિક ખૂબ જ ચિંતિત થયેલ છે અને સરકારશ્રીને કુંભકર્ણ જેવી આ ઊંઘમાંથી જગાડવા "કચ્છ નર્મદા જળ અભિયાન" નામની સંસ્થાની રચના કરી સિંચાઈનો આ પ્રશ્ન ગંભીરતાપૂર્વક હાથમાં લેવાની વિચારણા કરી રહેલ છે. આ સંસ્થાના મોટાભાગના આગેવાનો ખેડૂત અગ્રણીઓ છે કે જેઓ કચ્છના દરેક તાલુકા મથકે ખેડૂતોને બોલાવી, તેઓની વચ્ચે આ યોજના વિશે ચર્ચા કરી દરેક ખેડૂતને જાગૃત કરી આ પ્રશ્ને સરકારશ્રી સામે અવાજ ઉઠાવીને તેને કટિબદ્ધ કરવા પ્રયાસ કરી રહેલ છે.

● ***કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણી :***

*આવો જ પ્રશ્ન કચ્છને વર્ષ ૨૦૦૬માં ફાળવવામાં આવેલ નર્મદા નદીના ૧.૦૦ M.A.F. વધારાના પાણી અંગેનો છે. વર્ષ ૨૦૦૬માં ગુજરાત સરકારશ્રી દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું કે જે મુજબ નર્મદા નદીના ૩.૦૦ M.A.F. વધારાના પાણીમાંથી ૧.૦૦ M.A.F. પાણી ઉત્તર ગુજરાતને, ૧.૦૦ M.A.F. પાણી સૌરાષ્ટ્રને અને ૧.૦૦ M.A.F. પાણી કચ્છને ફાળવાયેલ હતા. ત્યારબાદ ઉત્તર ગુજરાતના કાર્યો વર્ષ ૨૦૧૦માં પરિપૂર્ણ કરી દેવામાં આવ્યા. સૌરાષ્ટ્રને ફાળવાયેલ આ પાણીના રૂપીયા દસ હજાર કરોડના બજેટની સામે અત્યાર સુધી રૂપીયા સત્તર હજાર કરોડ વપરાઈ ચૂક્યા છે અને આવતા એકાદ વર્ષમાં અંદાજિત રૂપીયા વીસ હજાર કરોડના ખર્ચે આ કામ પરિપૂર્ણ કરી દેવામાં આવશે. જ્યારે રૂા. ૪૮૦૦ કરોડની કચ્છના આ પાણીની યોજનાના હજુ સુધી શ્રીગણેશ પણ માંડવામાં આવેલ નથી. અત્રે એ વાતની નોંધ લઈએ કે ગાંધીનગરની વિધાનસભામાં ઉત્તર ગુજરાતમાંથી ૩૫ ધારાસભ્યો, સૌરાષ્ટ્રમાંથી ૪૨ ધારાસભ્યો અને કચ્છમાંથી માત્ર ૬ ધારાસભ્યો બિરાજમાન હોવાથી કચ્છના ધારાસભ્યો પોતાની વાત ગમે તેટલી મક્કમતાથી રજૂ કરે તો પણ સાંભળવામાં આવતી નથી, એ હકીકત કચ્છનો એકેએક નાગરિક સારી રીતે સમજે છે અને તેથી કચ્છની પ્રજાને હાડોહાડ અન્યાય થતો જોઈ રહેલ છે. તેના ઈલાજરૂપે કચ્છની સમગ્ર જનતાએ પોતાના ધારાસભ્યોની પડખે ઊભા રહી આ ધારાસભ્યોનો અવાજ "કચ્છ નર્મદા જળ અભિયાન"ના માધ્યમ થકી બુલંદ બનાવવા પ્રયાસ કરી રહેલ છે. આ યોજનાની વિશેષતા તો એ છે કે કચ્છના નખત્રાણા, અબડાસા, લખપત અને ભુજ જેવા તાલુકાઓની કેટલીક જમીનમાં માત્ર આ વધારાના પાણી થકી ખેતીનો લાભ મળતો હોવાથી (આયોજન મુજબ નિયમિત પાણી ત્યાં પહોંચતા ન હોવાથી) આ વિસ્તારનો નાગરિક સવિશેષ ચિંતિત છે.*

● ***વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં જરૂરી રકમની ફાળવણી :***

*સરકારશ્રીના આયોજન મુજબ વધારાના પાણીથી કચ્છના નાની તેમજ મોટી યોજનાના બધા જ જળાશયો, ડેમો અને તળાવો ભરી દેવાના હોવાથી તેના થકી દર વર્ષે દસ લાખ એકરમાં ખેતીના પાકો મેળવી શકાશે. નિયમિત પાણીથી ૨,૮૫,૦૦૦ એકરમાં ખેતીના પાકો મેળવી શકાશે. આ પાણી દ્વારા ઘઉં, બાજરો, જુવાર જેવા પાકો પકવવામાં આવે તો ખેડૂતોને દર વર્ષે રૂા. ૨૦૦૦ કરોડનો નફો થવાની શક્યતા રહે છે પરંતુ તે પાણી થકી જીરા જેવા રોકડિયા પાક અને દાડમ, સફરજન, ચીકુ, પપૈયા જેવા બાગાયતી પાકો પકવવાથી આ આવક રૂા. ૫૦૦૦ કરોડથી પણ વધી જવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે.*

*ગુજરાત સરકારશ્રી દ્વારા કચ્છ પ્રત્યે દાખવવામાં આવતી ભેદભાવ જેવી નીતિથી કચ્છની આમ જનતા તેની આવકમાં નુકસાની વેઠી રહેલ છે અને તેથી એ પ્રજામાં ભારોભાર અસંતોષની લાગણી વ્યાપી રહેલ છે.*

*આશા રાખવામાં આવે છે કે ગુજરાત સરકારશ્રી કચ્છની પ્રજાની આ અજંપાભરી લાગણી પારખી તેને દૂર કરવાના પ્રયાસરૂપે વધારાના પાણીના આયોજન માટે તેની ઓછામાં ઓછા રૂા. ૨૫૦૦ કરોડની રકમ ચાલુ વર્ષના બજેટમાં ફાળવશે અને નિયમિત પાણીની બાકી રહેતી કેનાલોની જમીન જે-તે ખેડૂતોને યોગ્ય રકમ ચૂકવી તેને સંપાદિત કરી નિયમિત પાણીને કચ્છના ખેતરો સુધી પહોંચાડવાના આયોજનો ત્વરિતપણે હાથ પર લેશે.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***

*એવો મિત્ર તો કોઈ નસીબદારને જ મળે, હું છું ને તારી સાથે એવું કહીને ગળે મળે. – પરેશ ગોંડલિયા*

# ઇ.સ. ૧૯૭૧માં ભારત પાક યુધ્ધવિરામ બાબતે પૂછતાં પૂજ્ય સ્વામિજીએ સચોટ તારીખ - સમય જણાવ્યા



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

અખૂટ અને અનન્ય ચૈતસિક ધરાવતા યોગીઓ, પ્રખર સંતો આર્ષદ્રષ્ટા હોય છે. તેઓ ભાવિની ભીતરમાં ડોકિયું કરી શકે છે. નિસર્ગદત્ત આપત્તિઓ ટાળવાની પણ તેમનામાં શક્તિ વહેતી હોય છે. સામાન્ય રીતે જન કલ્યાણના કામોમાં જીવન વ્યતીત કરી આયખું ઉજાગર કરતા રહે છે. તેઓ અહર્નિશ ભગવાનની મૂર્તિમાં રસબસ રહેતા હોય છે.

ભારતમાં ઇ.સ. ૧૯૭૧માં શ્રીમતી ઈંદીરા ગાંધી દેશના વડાપ્રધાનપદે હતા. તે સમયે પાકિસ્તાને ભારત પર આક્રમણ કરેલું. આ યુધ્ધમાં પાકિસ્તાને હવાઈ હુમલાઓ કરી ભુજના એરફોર્સનો ઍરબેઝ તોડી નાખેલો. હવાઈ હુમલાનો વળતો જવાબ આપવા એરબેઝ કે રન-વે વિના શક્ય જ નથી. અંદાજે દોઢસો જેટલા બોમ્બ ફેંકીને ૧૫થી ૨૦ ફૂટ જેટલા ઊંડા ખાડાઓ પાકિસ્તાની એરફોર્સ બોમ્બરોએ પાડી દીધેલા.

વિંગ કમાન્ડર શ્રી કર્ણિકે કોન્ટ્રાક્ટરોને ત્વરિત બોલાવ્યા. તેમણે આ કામ પૂરું કરતા છએક માસ વીતી જાય તેવું જણાવ્યું. વિંગ કમાન્ડરશ્રીએ સમયસૂચકતા અને દૂરંદેશી દાખવી. તેઓ માધાપર ગામે ગામના સરપંચ શ્રી જાદવજી શિવજી હિરાણી, ઉપ સરપંચ શ્રી જાદવજી વેલજી વરસાણી, અગ્રણી શ્રી વી.કે. પટેલને મળ્યા. ભુજ એરપોર્ટ હવાઈ પટ્ટી સત્વરે રીપેર થાય તે માટે સ્તુત્ય પ્રયત્નો હાથ ધર્યા.

પુરુષ વર્ગ સાથે માધાપરની ૧૫૦ વીરાંગનાઓ તરત જ આ ભગીરથ કાર્યમાં સહભાગી બનવા પામી. આડેધડ પાકના બોંબ વિસ્ફોટો વચ્ચે અડીખમ રહીને ત્રણ દિવસ અને રાત ૭૪ કલાક અથાક પરિશ્રમ કરી દેશસેવાનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડવામાં વિરાંગનાઓનો સિંહફાળો છે. કાર્ય આરંભના બીજા દિવસે સુખપર તથા માનકુવાની બહેનો પણ જોડાઈ. કચ્છના આ વીર સપૂતો અને વિરાંગનાઓને વડાપ્રધાન સહિત દેશવાસીઓએ બિરદાવ્યા.

વિરાંગનાઓને બિરદાવવા ગુજરાતના ગવર્નર શ્રી શ્રીમન્નારાયણ પણ સમારોહમાં પધારેલા. એર ચીફ માર્શલ શ્રી પી.સી. લાલ પધારેલા. રાષ્ટ્ર ભક્તિનું ઉત્તમ ઉદાહરણ માધાપરની બહેનોએ આ યુધ્ધ દરમિયાન પૂરું પાડ્યાની વાત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અવારનવાર પ્રજા સમક્ષ મૂકતા રહે છે. આ સમયની સ્મૃતિના સ્મારક બનાવવા જાહેર કરેલું આજે વિદ્યમાન છે.

દુશ્મનના હવાઈ જહાજો રડારમાં દેખાય કે તરત જ સાઇરન વગાડવામાં આવે. જેથી લોકો સુરક્ષિત સ્થળે પહોંચી જઈ જાતને બચાવે. પ્લેન ચાલ્યું જાય ત્યારે લાંબી સાઈરન સબ સલામતની વાગે. આ સમયે ચિંતા તો ખરી જ છતાં કચ્છની ખમીરવંતી પ્રજાનો એક લડાયક મિજાજ પણ જોવા અનુભવવા મળ્યો.

અમારી લાલન કૉલેજના મેદાનમાં 'સ્ટ્રેન્ચીઝ' ખોદેલા. સાઇરન વાગે ત્યારે આ ખાડાઓમાં બેસી, જાતને બચાવી લેવી. સબ સલામતીની સાઈરન બાદ સ્ટ્રેન્ચિઝમાંથી બહાર આવી જવાનું રહેતું. પરંતુ એ સમયે લાલન કોલેજના આ મેદાનો અને ફરતી ઝાડીઓમાં કોબ્રા સાપ ઘણા હતા. સ્ટ્રેન્ચિઝમાં પણ પડ્યા રહેતા. તેથી આ સુરક્ષિત ખાડાઓ જોખમી બની ગયેલા.

લાલન કોલેજના પ્યુન ક્વાર્ટરમાં રહેતા પ્યુન શ્રી ઇસ્માઇલ જુણેજાના પિતાશ્રી હાસમભાઈ જુણેજા જેઓ રાત્રી ચોકીદાર હતા, તેમને કોબ્રાએ ડંશ મારેલો અને તેના ઝેરને કારણે જ હાસમભાઈ મૃત્યુને ભેટેલા.

ઇ.સ. ૧૯૭૨માં આર.આર. લાલન કૉલેજ – ભુજના પ્રિન્સિપાલપદે મૂળ સુરતના રહીશ ડૉ. શ્રી ડી.એમ. દેસાઈ હતા. યુધ્ધ દરમિયાન કૉલેજ આશ્રય સ્થાન હતું. રેક્ટર પ્રો. શ્રી જે.એન. શુક્લ તેમને પૂજ્ય ધ્યાની સ્વામિજીની યૌગીક સ્થિતિ વર્ણવતા. હું પણ સ્વામિશ્રીની વાત કરતો. આ સમયે હું જામનગરની ડી.કે.વી. કૉલેજમાં હતો. પિતાશ્રીની નાદુરસ્તીને કારણે સંભાળ લેવા ભુજ આવેલો.

અચાનક જ ભુજ સ્વામિનારાયણ મંદિરમાં દર્શનાર્થે ડૉ. દેસાઈ સાહેબ મળી ગયા. મને કહે, 'સ્વામિશ્રી મળશે? હવે યુધ્ધ વિરામ ક્યારે થશે તે પૂછવું છે. અત્રે હું એકલો જ છું. પરિવાર સુરત છે. અમારી ચિંતાનો કોઈ પાર નથી.'

અમે બંને પૂજ્ય સ્વામિશ્રીના આસને ગયા. સ્વામિશ્રીના ચરણ સ્પર્શ કર્યા કે તરત જ પ્રિન્સિપાલશ્રીએ યુધ્ધ વિરામ વિશે પૂછ્યું. સ્વામિશ્રીએ ત્વરીત ઉત્તર આપ્યો કે આજે ૧૬મી તારીખ છે. પરમ દહાડે ૧૮મી ડિસેમ્બરે પરોઢિયે બી.બી.સી. રેડિયો સાંભળજો. યુધ્ધ વિરામના સમાચાર સાંભળવા મળશે. બીજા દિવસે દીવાબત્તી કરજો!! મતલબ બ્લેક આઉટ ઊઠી જશે.

પૂ. ધ્યાની સ્વામિજીના શબ્દો સાંભળી પ્રિન્સિપાલ શ્રી ડી.એમ. દેસાઈ સાહેબે ખૂબ જ હળવાશ અનુભવી. તેમના ચિંતાના વાદળો વિખેરાઈ ગયા. પૂ.સ્વામિશ્રીના વાક્યો સત્ય ઠર્યા.

*૬/એ, સહજાનંદ, લીમડા લેન,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*એક વેલ જ્યારે ઝુકે છે ત્યારે બરછટ થડ પણ હરખાય છે; આ તો લાગણીની વાત છે, બધાને ક્યાં સમજાય છે!*

કચ્છ

## કચ્છમાં જૈનોની નાની પંચતીર્થી : લેખાંક-૧
# મુંદ્રા નગરનાં દર્શનીય જિનાલયો



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*કચ્છમાં જૈનોની 'મોટી પંચતીર્થી' (અબડાસા તાલુકો) અને 'નાની પંચતીર્થી' (મુંદ્રા - માંડવી તાલુકા)ના જૈન દેરાસરો 'તીર્થતુલ્ય જિનાલયો'નું બહુમાન પામ્યા છે! મોટા પંચતીર્થોની સ્પર્શના કરનાર યાત્રાળુઓ નાની પંચતીર્થીનાં જિન મંદિરોના દર્શન કરવાનો લાભ લેવાનું ચૂકતા નથી. મહાતીર્થ ભદ્રેશ્વર - વસહી અને મોટી પંચતીર્થી વચ્ચે આવતી નાની પંચતીર્થી કડીરૂપ અને કેન્દ્રીય સ્થાન ધરાવે છે.*

*ભૌગોલિક ક્રમે મુંદ્રા તાલુકાના મુંદ્રા, ભુજપુર, મોટી ખાખર અને માંડવી તાલુકાના નાની ખાખર, બિદડા, માંડવી.... આ બે તાલુકાના છ ગામોના પંદર જિનાલયોનો સમૂહ 'નાની પંચતીર્થી' તરીકે ઓળખાય છે. તેનો ક્રમશઃ પ્રાસાદિક પરિચય કરાવતી ચાર હપ્તાની આ લઘુ લેખશ્રેણી ખાસ 'કચ્છશ્રુતિ' માટે તૈયાર કરવામાં આવી છે. આશા છે કે વાચકોને તે ગમશે.*

★

જૈનોના મહાતીર્થ ભદ્રેશ્વર - વસહીથી ૩૦, વાંકી તીર્થથી ૨૧ અને બૌંતેર જિનાલયથી ૩૯ કિલોમીટરે આવેલ મુંદ્રા શહેરમાં કુલ ચાર ઉત્તુંગ જિનચૈત્યો અને એક ગુરુમંદિર (દાદાવાડી) આવેલા છે : અચલગચ્છનું શીતલનાથ, તપગચ્છનું ચિંતામણિ પાર્શ્વનાથ, ખરતરગચ્છનું મહાવીર સ્વામી અને ગોરજીનું અમીઝરા પાર્શ્વનાથ. પ્રથમ ત્રણ દેરાસરો જે તે જૈન સંઘોના સંચાલન હેઠળ છે, જ્યારે છેલ્લું ગોરજીની માલિકીનું છે.

### ૧. શીતલનાથ જિનાલય



મુંદ્રાની મધ્યમાં માંડવી ચોક મૂકતાં મુખ્ય બજારમાં રાજમાર્ગ પર જૂના ખાદીભંડાર પાસે ઉત્તરાભિમુખે જેનું મુખ્ય પ્રવેશદ્વાર પડે છે એ શીતલનાથ પ્રભુનું આલીશાન દેરાસર આવેલું છે. વિશાળ પ્રાંગણમાં પ્રવેશતા ડાબી તરફ પૂર્વાભિમુખે સ્થાપિત આ દેરાસર ૧૪૨ વર્ષ જૂનું, બારીક શિલ્પકળાથી અલંકૃત અને એક માળવાળું છે. જેમાં નીચે મૂળનાયક તરીકે શીતલનાથજી અને ઉપર આદિશ્વરજી બિરાજે છે. કુલ અઢાર પ્રભુ પ્રતિમાઓ ધરાવતું સમગ્ર દેરાસર જમીનથી ખૂબ ઊંચે બંધાયેલું છે અને કોઠારા - સુથરીનાં જિનાલયોની પ્રતિકૃતિ સમાન દીસે છે.

ભોંયતળિયે શીતલનાથ દેરાસરમાં ત્રણ પૈકી મુખ્ય મધ્ય ગંભારામાં વચ્ચે શીતલનાથ તથા આસપાસ મહાવીર સ્વામી અને અજિતનાથ તેમજ જમણી બાજુના નાના ગંભારામાં અનંતનાથ, સંભવનાથ, સુમતિનાથ અને ડાબી બાજુના નાના ગંભારામાં સુપાર્શ્વનાથ, પાર્શ્વનાથ, કુંથુનાથની પ્રતિમાઓ બિરાજમાન છે. અહીંની શીતલનાથજીની મૂર્તિ દેશલપર (કંઠી) પાસેના જૂના માડી ગામેથી સંઘવીઓ લાવેલા અને અહીંના દેરાસરમાં પ્રસ્થાપિત કરેલી.

ઉપલે માળે આદિશ્વર દેરાસરમાં પણ ત્રણ પૈકી મુખ્ય મધ્ય ગંભારામાં વચ્ચે ઋષભદેવ તથા આસપાસ વાસુપૂજ્ય અને અભિનંદન સ્વામી તેમજ જમણી બાજુના નાના ગંભારામાં પદ્મપ્રભ, પાર્શ્વનાથ, સુમતિનાથ અને ડાબી બાજુના નાના ગંભારામાં ચંદ્રપ્રભ, સંભવનાથ, સુવ્રતસ્વામીની મૂર્તિઓ બિરાજિત છે. અહીંના આદિશ્વર પ્રભુ (ઋષભદેવ)ની પ્રતિમા બે હજાર વર્ષ પૂર્વેની સંપ્રતિ રાજાના વખતની મનાય છે.

આ દેરાસરની સ્થાપના સંવત ૧૯૩૩ (સન ૧૮૭૭)ના શ્રાવણ સુદ દસમના થયેલી. સંવત ૨૦૦૦ (સન ૧૯૪૪)માં દેવચંદ ગોપાલજી વોરા (મુંદ્રા)એ ૪૫,૦૦૦ કોરીના ખર્ચે તેનો જીર્ણોધ્ધાર કરાવેલો તેમજ સંવત ૨૦૩૨ (સન ૧૯૭૬)માં જસરાજ ધનજી વોરા (મુંદ્રા) તરફથી નીચેના અને ઉપરના ગંભારામાં આરસકામ થયેલું. શીતલનાથ દેરાસરનું સંચાલન અચલગચ્છ જૈન સંઘ કરે છે.

### ૨. મહાવીર સ્વામી જિનાલય

મુંદ્રાની કંદોઈ બજારમાં આવેલું અને કુલ દસ પ્રભુ પ્રતિમાઓ ધરાવતું આ દેરાસર મુંદ્રાના ચારેય દેરાસરોમાં સૌથી જૂનું ગણાય છે. ઘણા તેને પોણા બે સદી

વટાવી ચૂકેલું માને છે, તો કેટલાક તેને સવા બસ્સો - પોણા ત્રણસો વર્ષ પુરાણું પણ ગણાવે છે. અહીંના મુખ્ય દેરાસરમાં મૂળનાયક તરીકે વચ્ચે મહાવીર સ્વામી તથા જમણી બાજુ સુવ્રતસ્વામી, ચંદ્રપ્રભ, વાસુપૂજ્ય અને ડાબી બાજુ સુમતિનાથ, નેમિનાથ, શાંતિનાથની જિન પ્રતિમાઓ સ્થાપિત છે. તો, આ જ દેરાસરમાં પૂર્વાભિમુખે પદ્મપ્રભસ્વામીનું નાનું દેરાસર પણ આવેલું છે, જેમાં જમણે નેમિનાથ અને ડાબે સુપાર્શ્વનાથની મૂર્તિઓ બિરાજીત છે.

ભાવિકોની ઉદાર સહાયથી આ દેરાસરનો ચાર દાયકા પૂર્વે રૂપિયા દોઢ લાખના ખર્ચે જીર્ણોધ્ધાર થયેલો તથા મુનિ સામ્યાનંદજી અને મુનિ જયાનંદજીના વરદ્ હસ્તે સંવત ૨૦૩૭ (સન ૧૯૮૧)ના મહા સુદ તેરસના તેની પ્રતિષ્ઠા કરવામાં આવેલ. તે પછી જાન્યુઆરી ૧૯૯૯માં આ જિનાલયનો પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો, જે હેઠળ નૂતન ધ્વજદંડ, શાસનદેવી - નાકોડા ભૈરવ પ્રતિષ્ઠા, દ્વારોદ્ઘાટન પણ સંપન્ન થયેલ હતા.

૨૦૦૧ના ધરતીકંપમાં ક્ષતિગ્રસ્ત દેરાસરોના કરાયેલા જીર્ણોધ્ધાર બાદ ૨૬થી ૨૮ જુલાઇ, ૨૦૦૯ના ત્રિ-દિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. તે પછી પુનઃ બંને દેરાસરો અને દાદાવાડીનો ૨૧થી ૨૮ જાન્યુઆરી, ૨૦૧૩ના અષ્ટાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. આ દેરાસર અનેક પ્રાચીન ગ્રંથોનો અમૂલ્ય ભંડાર પણ ધરાવે છે. દેરાસર અને બારોઈવાળા નાકા બહાર પાંજરાપોળ પાસે આવેલ દાદાવાડી (ગુરુ મંદિર)નો વહીવટ ખરતરગચ્છ જૈન સંઘ સંભાળે છે.

### ૩. ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય

મુંદ્રાના શહેરી બંદર રોડ પર પૂર્વાભિમુખે અને શીતલનાથ દેરાસરની ડાબે જોડાજોડ ચિંતામણિ પાર્શ્વનાથનું ૧૫૭ વર્ષ જૂનું શિખરબંધ જિનાલય ઊભેલું છે, જેમાં વચ્ચે રહેલા મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથની જમણે નેમિનાથ, આદિનાથ, શાંતિનાથ અને ડાબે સંભવનાથ, મહાવીર સ્વામી, વાસુપૂજ્ય એમ કુલ સાત પ્રભુ પ્રતિમાઓ પ્રસ્થાપિત થઈ છે.

સાડા ત્રણસો વર્ષથી અધિક પ્રાચીન મનાતી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ પ્રતિષ્ઠા સંવત ૧૯૧૮ (સન ૧૮૬૨)ના પોષ વદ પાંચમના થયેલ. ચાર દાયકા પૂર્વે કલાપૂર્ણસૂરિજીની પ્રેરણાથી આ દેરાસરનો રૂા. ૨૫,૦૦૦/-ના ખર્ચે જીર્ણોધ્ધાર (શુદ્ધિકરણ) કરવામાં આવેલ અને સંવત ૨૦૩૩ (સન ૧૯૭૭)ના વૈશાખ વદ અગિયારસ (અપરા એકાદશી)ના મૂળનાયક આદિ સાત જિનબિંબો, નૂતન ધ્વજદંડ, કળશ, યક્ષ-યક્ષિણી, માણિભદ્ર, ગુરુપાદુકા આદિની પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવેલ.

તે પછી સંવત ૨૦૩૫ (સન ૧૯૭૯)માં શ્રી સંઘે કરાવેલા જીર્ણોધ્ધારમાં દીવાલોમાં આરસકામ અને રંગકામ થયેલું. સંવત ૨૦૪૨ (સન ૧૯૮૬)માં દેરાસર પાસે પૌષધશાળાનું નવનિર્માણ કરાયું. ધરતીકંપમાં દેરાસર ખંડિત થતાં તેનો ફરી મુખ્ય જીર્ણોધ્ધાર કરાતાં ત્રિ-દિવસીય પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો અને ૨૫મી મે, ૨૦૦૩ના પ્રતિમાજીઓનો ધામધૂમપૂર્વક ગંભારા-પ્રવેશ કરાવાયો હતો. આ દેરાસરનો વહીવટ તપગચ્છ જૈન સંઘ સંભાળે છે.

### ૪. અમીઝરા પાર્શ્વનાથ દેરાસર

મુંદ્રામાં બારોઈવાળા નાકા બહાર તાલુકા પંચાયત કચેરી તરફ જતા બારોઈ રોડ ઉપર 'ગોરજીના દેરા' તરીકે જાણીતું અમીઝરા પાર્શ્વનાથ દેરાસર આવેલું છે. (પાર્શ્વનાથ પ્રભુનાં ૧૦૮ નામો પૈકી એક 'અમીઝરા' નામધારી દેરાસર સમગ્ર કચ્છમાં આ એકમાત્ર છે!) ૧૧૮ વર્ષ જૂનું અને ઝીણવટભર્યું શિલ્પકામ ધરાવતું આ દેરાસર જૈન મહાત્મા ગોરજી ગોવિંદજી રતનચંદજીના સ્મરણાર્થે સંવત ૧૯૫૭ (સન ૧૯૦૧)ના મહા સુદ અગિયારસ (જયા એકાદશી)ના બંધાયું છે.

ઉપરના પ્રથમ માળે પૂર્વાભિમુખ આવેલા આ દેરાસરમાં મૂળનાયક અમીઝરા પાર્શ્વનાથ, જમણે મલ્લીનાથ અને ડાબે નેમિનાથ એમ ત્રણ પ્રભુ પ્રતિમાઓનાં દર્શન થાય છે. મંદિરની અંદર રંગમંડપમાં ઉપરની ગોળ છતનું શિલ્પકામ આકર્ષક છે અને તેની ગોલાઈ કાચથી મઢી લેવામાં આવી છે. રાજમાર્ગ પર પડતા તેના જૂના મુખ્ય દરવાજા પરનું બારીક કાષ્ઠકામ અને પથ્થર પરની સૂક્ષ્મ કલાકોતરણી હવે જોવા મળતી નથી.

મુંદ્રામાં એક વધુ નૂતન દેરાસર આગાખાન સ્કૂલ (જી.ઈ.બી. રોડ) સામે આવેલ પાર્શ્વ રેસિડેન્સી (ઉમિયાનગર)માં તૈયાર થયું છે. આ નવા 'પાર્શ્વનાથ જિનાલય'નો શિલારોપણ ૨૩મી જુલાઈ, ૨૦૧૦ના તથા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ૨૧થી ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૨ના યોજાયો હતો.

*(ક્રમશઃ)*

*(આવતા બીજા લેખાંકમાં ભુજપુર અને મોટી ખાખરના જિનાલયોની તવારીખ)*

***'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧,***
***ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ,***
***અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.***
***ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯***
***મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦***

*દોડવું વ્યર્થ છે;*
***સમયસર નીકળવું એ જ અગત્યનું છે.***

*આંખોમાં જરા તસવીર રહી જાય કે પછી વસી જાય, શું ફેર છે? ખ્વાબને સ્વપ્ના જેવું જ છે ને! — સમીપ*

કચ્છ

# પદ્મ પુરસ્કૃત કચ્છી પ્રતિભાઓ



ભરત'કુમાર' પ્રા. ઠાકર

ગત ૨૬મી જાન્યુઆરીના ભારત સરકાર દ્વારા કચ્છના શ્રી નારાયણ જેઠમલ જોષી 'કારાયલ'ને પદ્મશ્રીનો ઍવોર્ડ જાહેર થયેલ છે. કચ્છ માટે આ એક ગૌરવની બાબત છે. તે માટે શ્રી જોષીને ખૂબ ખૂબ અભિનંદન.

કચ્છના અથવા મૂળે કચ્છી, પરંતુ અન્યત્ર નિવાસી અથવા કચ્છ સંલગ્ન એવી કુલ દસ પ્રતિભાઓ અત્યાર સુધી પદ્મ પુરસ્કારથી પોંખાઈ છે. તેમાં નવ પદ્મશ્રી અને એક પદ્મભૂષણથી અલંકૃત થયા છે. તે પૈકી ત્રણ સમાજસેવા, બે લલિતકળા, બે નાગરિક સેવા, એક પુરાતત્ત્વ, એક હસ્તકળા અને એક સાહિત્ય ક્ષેત્રની વ્યક્તિઓનો સમાવેશ થાય છે. તેમાં એક (કરમશીભાઈ સોમૈયા)ને મરણોપરાંત અપાયો છે, તો એક જણ (ગોવિંદજીભાઈ શ્રોફે) આ પુરસ્કારનો સવિનય અસ્વીકાર પણ કર્યો છે. દેશમાં બે ભાઈઓને એકસાથે આ સન્માન પ્રાપ્ત થયું હોય એવો વિક્રમ પણ કચ્છીઓ (કલ્યાણજી - આણંદજી)ના નામે છે! આ પુરસ્કાર કચ્છને મળ્યાનો સૌથી લાંબો ગાળો ૧૯૬૬-૮૩ વચ્ચે સત્તર વર્ષનો અને સૌથી ટૂંકો ગાળો ૨૦૧૩-૨૦૧૯ વચ્ચે છ વર્ષનો રહ્યો છે. જ્યારે સતત બે વર્ષ (૨૦૧૯ અને ૨૦૨૦) નવાજેશ થઈ હોય એવું અત્યારે બન્યું છે. તો, એક જ વર્ષ (૧૯૯૨)માં એકાધિક ત્રણ પુરસ્કારો પણ મળ્યા છે! પદ્મ પુરસ્કૃત દસ પૈકી ચાર મહાનુભાવો વિદ્યમાન છે.

આ સાથે અત્યાર સુધી પદ્મ પુરસ્કૃત થયેલ કચ્છી પ્રતિભાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | પુરસ્કાર | નામ અને ટૂંકી ઓળખ | જન્મ – મરણ | શ્રેણી |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૫૭ | પદ્મશ્રી | પ્રા. જશવંતરાય જયંતીલાલ (જે.જે.) અંજારિયા<br>(અર્થશાસ્ત્રી, રીઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર) | ૧૯૦૮ – ૧૯૭૦ | મુલકી સેવા |
| ૨. | ૧૯૬૬ | પદ્મશ્રી | સ્ટાનિસ્લાઉસ જોસેફ (એસ.જે.) કોએલ્હો<br>(કચ્છના સમાહર્તા : ૧૧-૯-૬૪ – ૯-૧૧-૬૫) | ૧૯૩૩ – ૨૦૧૭ | મુલકી સેવા |
| ૩. | ૧૯૮૩ | પદ્મશ્રી | હુંદરાજ લીલારામ માણેક (દાદા દુઃખાયલ)<br>(ગાંધીવાદી, લેખક, કેળવણીકાર) | ૧૯૧૦ – ૨૦૦૩ | સમાજસેવા |
| ૪. | ૧૯૯૨ | પદ્મશ્રી | કલ્યાણજી વીરજી શાહ (ફિલ્મ સંગીતકાર) | ૧૯૨૮ – ૨૦૦૦ | લલિતકળા |
| ૫. | ૧૯૯૨ | પદ્મશ્રી | આણંદજી વીરજી શાહ (ફિલ્મ સંગીતકાર) | જન્મ ૧૯૩૩ | લલિતકળા |
| ૬. | ૧૯૯૨ | પદ્મશ્રી | ગોવિંદજી ચતુર્ભુજ શ્રોફ (ઉદ્યોગપતિ - ગ્રામ સુધારણા) | ૧૯૧૧ – ૧૯૯૬ | સમાજસેવા |
| ૭. | ૨૦૦૦ | પદ્મભૂષણ | કરમશી જેઠાભાઇ સોમૈયા<br>(ઉદ્યોગપતિ - શિક્ષણ અને સમાજસેવા) | ૧૯૦૨ – ૧૯૯૯ | સમાજસેવા |
| ૮. | ૨૦૧૩ | પદ્મશ્રી | ડૉ. રવિન્દ્રસિંઘ (આર.એસ.) બિસ્ટ<br>(ધોળાવીરા ઉત્ખનન કાર્ય) | જન્મ ૧૯૪૪ | પુરાતત્ત્વ |
| ૯. | ૨૦૧૯ | પદ્મશ્રી | અબ્દુગફુર દાઉદ ખત્રી (રોગાન હસ્તકળાના કસબી) | જન્મ ૧૯૬૫ | હસ્તકળા |
| ૧૦. | ૨૦૨૦ | પદ્મશ્રી | નારાયણ જેઠમલ જોષી 'કારાયલ'<br>(પ્રાથમિક શિક્ષક - કચ્છી સાહિત્યકાર) | જન્મ ૧૯૪૩ | સાહિત્ય |

*વેદના અને સંવેદના બેઉ એક જ કાયાનો હિસ્સો છે, એક શરીરને દુઃખાવે બીજો લાગણીને. – ડૉ. સંજય કંસારા*

ઇતિહાસ વિભાગ

# કચ્છના ઇતિહાસનું એક અવિસ્મરણીય પાત્ર : જમાદાર ફતેહ મહંમદ

• યુસુફ મીર •

*વંકી ધરણી કચ્છજી, રણવંકી તલવાર*
*વાણી કચ્છી વંકડી, વંકા રણ-તોખાર*
*વંકા રણડંકા અને રણવંકા સરદાર*
*વંકા જેજા રાજવી, વંકા રાજકુમાર*
*વંકા શણગાર, ધીંગા નરવંકા જીતે.*

કચ્છ એટલે સંત, શૂરા અને સતીઓનો દેશ. કચ્છ એટલે દૂરંદેશીપણું ધરાવનાર સાહસિકોનો દેશ. કચ્છ એટલે સમગ્ર દુનિયા દરિયાવાટ એટલે શું? – એ શીખવાડનાર સાગર ખેડૂઓનો દેશ. કચ્છ એટલે રણમાં ભૂલા પડેલા અને તરસે મરતા ક્ષુધાતુર અભાગિયાને જીવતદાન આપનાર સંત મેકરણ દાદાનો દેશ. કચ્છ એટલે ગુંદિયાળીના સુંદરજી સોદાગરનો દેશ કે જેના અશ્વોના ડાબલા મૈસુરના ટીપુ સુલતાનની ઘોડાહરમાં ગુંજતા એવા શાહ સોદાગરનો દેશ. અને કચ્છે કેટકેટલા સંત, શૂરા અને સાહસિકો પેદા કર્યા છે? દાતારી ક્ષેત્રે જગડુશા દાતાર, શાહ સોદાગર સુંદરજી, શૂરવીરતાનું છોગુ એવા લાખો જામ, ફૂલ જામ, ઓઢો જામ. સતીઓમાં હોથલ પદમણી (ચઢી ચકાસરપાળ, ઓઢે હોથલ નિહાળીયા). જેસલ તોરલ (તોરાંદે યે તારીયા, સાંસતીયો ને સુધીર - જેસલ જગનો ચોરટો પળમાં કીધો પીર.)

કચ્છ હંમેશાં કોમી સોહાર્દમાં શિરમોર રહ્યું છે. ત્યાં ફતેહ મહંમદ જમાદાર જેવો જવાંમર્દ પાક્યો છે, જેને હિંદુ મુસ્લિમ બંનેએ હેતથી પોંખ્યો છે. ખુદ મુસ્લિમ જ મુસ્લિમની સામે પડનાર રણબંકો એટલે જમાદાર ફતેહ મહંમદ. મહમ્મદ પનાહ જેવા ધર્માંધનો ચઢાવ્યે ચઢી જનાર રાયધણ ત્રીજાના ત્રાસથી ત્રાસેલી પ્રજાને અભયતા બક્ષનાર, મંદિરોની ગરિમાને અખંડિત રાખનાર રણબંકો એટલે જમાદાર ફતેહ મહંમદ. ફતેહ મહંમદ જમાદાર જો તલવાર શૂરો હતો,તો કળાના ક્ષેત્રમાં સારંગી ઉપર બત્રીસ કે છત્રીસ રાગ વગાડી જાણનાર સુલેમાન જુમા (લંઘા?) સારંગીનો માણિગર હતો. સંત મેકરણ દાદાને માનવસેવા માટે ગધેડાની ભેટ આપનાર મુસ્લિમ ઉંમરજી કુંભાર હતો, તો રાજપુત રાજકુમારની પ્રાણરક્ષા માટે પોતાના નિર્દોષ બાળકોની બલી આપનાર ભીંયા કક્કલ અને રણની અફાટ રેતીમાં રાજકુમારને ખભે બેસાડી માઇલોના માઇલો દોડનાર છછ્છર બેટો કચ્છની અનોખી શાન છે. વિપદા ચાહે આસમાની હો કે સુલતાની હો, કચ્છી હિંદુ મુસ્લિમો ખભેખભો મિલાવી લડ્યા છે. **પણ અહિંયા આપણે વાત કરવી છે કથાનાયક અથવા તો લેખનાયક જમાદાર ફતેહ મહંમદની.** જેની જવાંમર્દીએ જેમ્સ મેકમર્ડો અને કર્નલ ટાડ જેવા અંગ્રેજોની વાહ વાહ મેળવી છે.

જમાદાર ફતેહ મહંમદનો જન્મ ૧૭૫૨માં સિંધના નોતિયાર મુસ્લિમ કોમમાં થયો હતો. નોતિયાર મુસ્લિમ એટલે ભરવાડને લગતી કોમ. જે ઘેટા બકરા ચારી પોતાનું ગુજરાન ચલાવતી. ફતેહ મહંમદના માતા-પિતા બચપણમાં જ ગુજરી જતા કાકાના શિરે ફતેહ મહંમદની જવાબદારી આવી પડી. પોતાના અને કાકાના ઘેટા બકરા ચારવા, એ ફતેહ મહંમદની દિનચર્યા.

એક દિવસની વાત. વગડામાં ઘેટા બકરા ચારતા ફતેહ મહંમદની આંખો શીળા પવનમાં ભરાઈ અને ફતેહ મહંમદ ઝાડની છાયામાં ઘસઘસાટ ઊંઘી ગયો. પગને આંટી મારી છે, એવામાં એક મહાત્મા વિશ્રામ લેવા એ જ ઝાડ નીચે બેઠા. હુક્કો પીવા આજુબાજુથી સાંઠી-ડાળખા ભેગા કરી અગ્નિ સળગાવ્યો. અચાનક એમની નજર પગની આંટી મારી સૂતેલા ફતેહ ઉપર પડી અને મહાત્મા ચમક્યા. અરે! આ યુવાનના લલાટમાં તો રાજયોગ છે પણ તેની પગને આંટી મારવાની કુટેવને લીધે નિર્ધનતામાં સબડે છે. એટલે એ ચીપિયો તાપણામાં મૂક્યો અને બરોબર લાલ થયો એટલે એ ચીપિયો ફતેહ મહંમદની કોમળ પાનીમાં ચોંટાડ્યો! "ઓ બાપ રે!" કહેતોક ને ફતેહ મહંમદ ઉભો થયો. સામે જોયું તો મહાત્માજી! ફતેહે કહ્યું, "મહારાજ, મેં શો એવો ગુનો કર્યો કે મને ડામ દીધો?" મહાત્માએ કહ્યું : "બેટા, તારા લલાટે રાજયોગ છે. તું રાજા થવા સર્જાયો છું. પણ તારી આ કુટેવ વચ્ચે આડખિલી બને છે. એટલે એ કુટેવ છોડાવવા મેં ડામ દીધો. હવે તું ઘેર જઈ, ભુજ જા. ત્યાં રાજાના સૈનિક તરીકે દાખલ થઈ જા. સદનસીબ તારી સાથે છે. તું એક દિવસ સમગ્ર કચ્છનો કર્તાહર્તા થઈશ." ફતેહે મહાત્માનું કહ્યું માની કાકાના ઘેર જઈ ભુજ રાજદરબારમાં નોકરી કરવાની ઈચ્છા દર્શાવી અને ભુજ પ્રયાણ કર્યું.

ભુજમાં જામ રાયધણ ત્રીજાનું રાજ્ય ચાલતું હતું. એટલે ફતેહ મહંમદને

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૯ ઉપર)**

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.**
**સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :

પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦

રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧

નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫

મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦

મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯


દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

ઐતિહાસિક વાર્તા શ્રેણી

## અદૃશ્ય પાત્રો – ૩

# ચોકીદાર : ભાગ-૨



હરેશ ધોળકિયા

(ગતાંકથી ચાલુ)

મનાઇ અને ભીમ ફરતા-ફરતા કિલ્લાની નજીક આવી પહોંચ્યા. જાણે હેતુવિહીન ફરવા નીકળ્યા હોય તેમ ટહેલતા હતા જેથી કોઇને શંકા ન જાય. કિલ્લાનો તોતિંગ દરવાજો બંધ હતો, કેવળ બારી ખુલ્લી હતી. દરવાજા પાસે બે-ચાર ચોકીદારો હાથમાં તલવાર રાખી ઊભા હતા.

"આ દરવાજા બહાર પેલો અંધ સાડ બેઠો છે." ભીમે કહ્યું.

"પણ તેને જોવો કેમ?"

"હમણાં કશુંક આવશે તો દરવાજો ખૂલશે. પોઠો આવ્યા જ કરતી હોય છે. થોડી રાહ જોઈએ."

બંને રસ્તાની કોર પર ઊભા રહ્યા. ચૂપચાપ જોતા રહ્યા. દેખાવ એવો કરતા હોય કે વાતો કરતા હોય.

થોડીવારે એક ચોકીદારે દરવાજાની ભોગળ ખોલી. દરવાજો ધીમેથી ખૂલ્યો. બહાર બે-ચાર અનાજનાં ગાડાં ઊભા હતા. અંદર પ્રવેશવાની રાહ જોતા હતા. દરવાજો ખૂલતા એક પછી એક અંદર આવવા શરૂ થયા.

ભીમ અને મનાઇ ફરી ટહેલતા દરવાજા પાસે ગયા. દરવાન ભીમ અને મનાઇને ઓળખતો હતો. ભીમે તેની પૃચ્છા કરી. આમ તો તેની સાથે બોલવાની મનાઈ હતી, પણ ભીમે તેને સ્નેહથી બોલાવ્યો, એટલે તેણે હસીને જવાબ આપ્યો.

"ભીમ મહારાજ, આ બાજુ?" દરવાને પૂછ્યું.

"થોડા દિવસથી મહારાજ મનાઇની તબિયત બરાબર ન હતી. માંડ સ્વસ્થ થયા છે. વૈદરાજે તેમને તાજી હવામાં ફરવાની સલાહ આપી છે. તેમને એકલા તો મૂકાય નહીં. તેથી હું પણ સાથે આવ્યો છું. કિલ્લા બહાર શિવના મંદિર સુધી ફરવાની ઇચ્છા છે." ભીમે મીઠા અવાજે જવાબ આપ્યો.

"ઝડપથી પાછા આવજો." દરવાને આજુબાજુ જોતા કહ્યું.

"હા, બસ થોડી વારમાં જ."

બંને બહાર નીકળ્યા.

બહાર દરવાજાની બાજુમાં એક પાટ પડ્યો હતો. તેના પર એક પ્રૌઢ ચોકીદાર બેઠો હતો. મનાઇએ જોયું કે તે આંધળો હતો. પણ તે ટટ્ટાર બેઠો હતો. તેના કાન જાણે કૂતરાના જેવા સરવા હતા. આંખો પણ ચકળવકળ હતી.

ભીમ અને મનાઇ તેની પાસેથી પસાર થયા. તરત તે બોલ્યો, "કોણ?"

ભીમ તેની પાસે ગયો. "હું ભીમ, સાડ!"

"અરે, ભીમ મહારાજ! તમે અહીં?"

"સામે મંદિરમાં દર્શન કરવા છે."

"તમે એકલા નથી."

મનાઇ તો જોઈ જ રહ્યો. પોતે થોડો દૂર હતો. ખૂબ હળવેથી ચાલતો હતો. છતાં આ અંધ ચોકીદારને કેમ ખબર પડી?

"હા, મારી સાથે મારા મનાઇ મહારાજ છે."

સાડ સચેત થઇ ગયો. "મનાઇ મહારાજ? તેઓ કેમ સાથે છે?"

"સાડ, તેમની તબિયત થોડા દિવસથી સારી ન હતી. બે દિવસથી જ ઠીક છે. તેથી તેમને તાજી હવા આપવા લઇ આવ્યો છું. સાથે દર્શન પણ થઈ જાય."

"રાજે છૂટ આપી છે?" સાડે પૂછ્યું.

મનાઇ તો ગુસ્સાથી તેની સામે જોતો હતો. એક સિપાહીની આટલી હિંમત?

"મહારાજને હરવા-ફરવાની મનાઇ નથી."

"તો ઝડપથી પાછા આવજો. રોકાતા નહીં."

"અરે, ગયા અને પાછા આવ્યા માનો, સાડ!" ભીમે કહ્યું.

"તો ભલે, જઇ આવો."

મનાઇ અને ભીમ આગળ વધ્યા. તેમને ખબર હતી કે થોડી પળોમાં તેમનાં ગાડાં પસાર થશે. તે જ તેમને જોવાનું હતું.

તેઓ સામેના મંદિરમાં ગયા. દર્શન કર્યા, ઘંટ વગાડ્યો, જેથી સાડને ખાતરી થાય કે તેઓ મંદિરમાં જ ગયા છે. પછી હળવેથી પાછા વળ્યા અને થોડે દૂર ઊભા રહ્યા.

સામેથી ગાડાંની હાર દેખાઈ. દર અઠવાડિયે ગાડાં આ સમયે જ આવતાં. નિશ્ચિત સંખ્યા હોય. તેમાં ઘાસ જ હોય. થોડી તપાસ થાય. પછી જવા દેવાય.

*કલમને હાથમાં રાખીને બળવાનું નથી સહેલું, બનીને મીણનો માણસ પીગળવાનું નથી સહેલું. – ડૉ. સંજય કંસારા*

ગાડાં દરવાજા પાસે આવી પહોંચ્યા. મનાઇ અને ભીમ પણ ટહેલતા ત્યાં આવ્યા.

ગાડાં ઊભા રહ્યા. એક ચોકીદારે તેને ગણ્યા. પછી બધા ઘાસના ભારા પર ચારેબાજુથી લાકડીઓ ઠોકી. પછી બોલ્યો, "બરાબર છે. જવા દો."

દરવાજો ખૂલ્યો. ગાડાં ગતિશીલ થયા.

અચાનક સાડે રાડ પાડી, "ગાડાં અટકાવો!"

ગાડાં થોભી ગયા.

મનાઇ અને ભીમના શ્વાસ અધ્ધર થઇ ગયા. તેઓ થોડા પાછળ ખસી ગયા અને ચિંતાતુર નજરે જોવા લાગ્યા.

"કેમ, શું છે?" તપાસનાર ચોકીદારે પૂછ્યું.

"અલ્યા, ગાડાંનો કિચૂડાટ આજે ભારી લાગે છે. અવાજમાં ફેરફાર છે. ગાડામાં ભાર વધારે છે." સાડે કહ્યું.

"હા સાડ, આજે ગાડામાં ઘાસ વધારે છે." આગળના ગાડાવાળાએ જવાબ આપ્યો.

"ના, ઘાસ વધે તો ભાર ન વધે, અવાજ ન બદલે. ગાડામાં બીજું કશુંક ભારે લાગે છે." સાડે જવાબ આપ્યો.

"પણ આ ચોકીદારે તો તપાસી લીધું છે."

"ફરી તપાસો."

ચોકીદારે ફરી જોરથી લાકડીઓ ફટકારી. ઘાસનો જ બોદો અવાજ આવ્યો.

"ઘાસ જ છે, સાડ!" તેણે કહ્યું.

"મારા મગજમાં મેળ નથી બેસતો."

"તો શું કરવું?"

"એક કામ કર - તારી પાસે ભાલો છે ને?" સાડે કહ્યું.

"હા, છે."

"આ ગાડામાંના ઘાસમાં ખોસી દે."

"કેમ?"

"હું કહું છું તેમ કર. દલીલ ન કર."

ચોકીદારે ઘાસમાં ભાલો ખોસ્યો.

મનાઇ તો ધ્રૂજતો જ હતો : બાપ રે! આમાં તો અંદરનો સૈનિક ઘાયલ થવાનો જ. તેનું લોહી ભાલા પર આવશે જ!

ચોકીદારો ભાલો અંદર નાખ્યો, પછી બહાર કાઢ્યો.

"નાખી દીધો, સાડ!" તેણે કહ્યું.

"કેવી છે ભાલાની અણી?" સાડે પૂછ્યું.

"હતી તેવી જ - સૂકી-સટ."

"ભીનો નથી? લાલ નથી?"

"ના."

"બને તો નહીં. ખેર, જવા દે. પણ મને બરાબર નથી લાગતું. પૈડાંનો અવાજ નથી બરાબર." સાડ બબડ્યો.

"સાડ, તને વહેમ છે વહેમ!" ચોકીદારે હસતાં કહ્યું.

સાડે જવાબ ન આપ્યો.

ગાડાં પસાર થઈ ગયાં.

મનાઇ અને ભીમે નિરાંતનો શ્વાસ લીધો. તેઓ બંને પણ ચૂપચાપ ગાડાં પાછળ ચાલ્યા ગયા

★

ચોકીદાર દરબારમાં પ્રવેશ્યો. સાડ તેની પાછળ દોરાતો હતો.

ચોકીદારે દરબારમાં નજર કરી. ખૂબ જ પરિવર્તન આવી ગયું હતું. સાત સાંધની ગાદીઓ ખાલી હતી. તેના સેનાપતિની ગાદી પર ભીમ બેઠો હતો. મુખ્ય આસન પર મનાઇ બેઠો હતો. તેને જોઈ તે ધ્રૂજી ઊઠ્યો. તેને છેલ્લા થોડા દિવસો યાદ આવી ગયા. તેણે અંધા સાડ સામે જોયું.

તે દિવસે તેણે સાડની મશ્કરી કરી હતી, તેના વહેમને હસી કાઢ્યો હતો, પણ સાડ સાચો નીકળ્યો. ગાડામાં હથિયારધારી સૈનિકો છુપાયા હતા. મોડે જ મોકલ્યા હતા. મનાઇ અને ભીમ પણ તે દિવસે તે જોવા જ આવ્યા હતા. સાડે પાકી રીતે કહેલ કે તેમાં ઘાસ ઉપરાંત બીજું કશુંક હતું જ. તેને તો માણસોનો વહેમ હતો જ. તેના કહેવાથી ભાલો પણ ખોસ્યો હતો, પણ ભાલો તો એવો જ પાછો આવ્યો હતો. તેથી ગાડાંને જવા દીધા હતા.

પણ ગાડાં થોભતાં જ સૈનિકો બહાર આવ્યા. ટુકડીઓમાં વહેંચાઈ ગયા. સાતે સાંધોનાં ખોરડાં ઘેરી લીધા. બહાર ઊભેલા સિપાહીઓને ચૂપકીથી પકડી મારી નાખ્યા. પછી ખોરડાંઓમાં ઘૂસી ગયા. સાંધો ત્યારે પૂજા કરતા હતા, છતાં ઊભા થયા અને લડવા લાગ્યા. પણ સૈનિકોની સંખ્યા સામે ટકી ન શક્યા. સાતેને મારી નખાયા. પછી ભીમે દરબારમાં જઈ બાકીના સરદારોને કેદ કરી લીધા. દરબારનો કબજો લઈ લીધો. મનાઇએ તરત મોડને બોલાવી લીધો. બંનેએ મળીને કડકાઇથી શાંતિ સ્થાપી દીધી હતી. મનાઇને રાજ્ય સોંપી મોડ ચાલ્યો ગયો.

મનાઇએ જ આજે સાડને બોલાવ્યો હતો. પોતે તેને દોરી લાવ્યો હતો.

રસ્તામાં ચોકીદારે સાડને પૂછેલ, "સાડ, તને કેમ બોલાવ્યો છે?"

સાડ મૂંગો રહેલ. ચોકીદારે આગ્રહ કરતાં કહેલ, "ઇનામ આપવા તો નહીં જ બોલાવ્યો હોય?"

"તો?"

"તો સમજી જા." સાડે કહેલ. "મનાઇ બોલાવે તે શુભ નિશાની ન જ હોય."

"કેમ?"

*તરક્કી તો ટેકનોલોજીમાં જ થાય છે, માણસાઈ તો દિવસે ને દિવસે નીચે પડતી જાય છે. – જીગર કવૈયા*

"ગાડાં પસાર થયાં અને મેં શંકા કરી, ત્યારે મનાઇ ત્યાં હાજર હતો ને?"

"હા."

"તેને ખબર હતી કે ગાડામાં સૈનિકો છુપાયા હતા. મારી શંકા તેને ડરાવી ગઈ હશે."

"પાછો તેં ભાલો ખોસાવ્યો હતો."

"હા."

"પણ, સાડ! ભાલો તો કોરો આવ્યો હતો."

"અંદરનો સૈનિક ઘણો ચતુર અને સજ્જ હતો. તેને વાગ્યો તો હશે જ. લોહી પણ નીકળ્યું હશે..."

"તો?"

"પણ તેણે ખૂબ ઝડપથી લોહી લૂછી નાખ્યું હશે. સલામ ભરવા લાયક હશે તે."

"હા, એ વાત સાચી."

"પણ," સાડ બોલ્યો, "મનાઇએ આ જોયું હશે. મારા પર ગુસ્સે થયો હશે. માટે જ આજે બોલાવ્યો છે."

ત્યાં બંને દરબારમાં આવી ગયા હતા. બંને મૂંગા થઈ ગયા. અત્યારે ભીમ અને મનાઇ સામે ઊભા હતા.

ચોકીદારે ચૂપચાપ મનાઇ સામે જોયું.

મનાઇ સાડને જોઈને ગુસ્સે થઈ ગયો. તેણે કટાક્ષમાં કહ્યું, "સિપાહી સાડ, તું ખરેખર અંધ છો કે નહીં?"

સાડ મૂંગો રહ્યો.

"જવાબ દે, દરવાન!" મનાઇ ગરજ્યો.

"મહારાજ, હું તો મારી ફરજ બજાવતો હતો."

"અરે, તારી ફરજ મારી યોજનાને ઊંધી વાળી નાખત, તેની તને ખબર છે?"

સાડે જવાબ ન આપ્યો. માથું નીચું કરી તે ઊભો રહ્યો.

"ભીમ," મનાઇએ ભીમ સામે જોતાં કહ્યું, "આને સજા તો થવી જ જોઈએ."

"મહારાજ," ભીમ જવાબ આપ્યો, "તેને દેશનિકાલ કરીએ."

"ના, તો-તો ભવિષ્યમાં પાછો આડો આવે."

"મહારાજ, અંધ જાણી જવા દઈએ તો?"

"ના, ભીમ, ઝેરનાં પારખાં ન થાય. આ સાત સાંધનો માણસ છે. જ્યાં હશે, ત્યાં તેનો જ રહેશે. તેને જીવતો ન છોડાય."

ચોકીદાર આ સાંભળી ધ્રૂજી ઊઠ્યો. તેને સાડના શબ્દો યાદ આવ્યા. 'મનાઇ બોલાવે એ શુભ નિશાની ન જ હોય."

"રખાય તને જીવતો?" મનાઇએ સાડને પૂછ્યું.

"મહારાજ, હું તો સિપાહી છું. મારો અભિપ્રાય ન હોય. અને તમારી પ્રકૃતિ જોતાં 'જીવતો રાખો' કહીશ, તો પણ તમે મને જીવતો નથી રાખવાના. હું તો મરવાની તૈયારીથી જ આવ્યો છું." સાડે માથું ઊંચું કરી કહ્યું.

મનાઇ સ્તબ્ધ થઇ તેને જોઇ રહ્યો. તેને હતું કે તે કાલાવાલા કરશે, પોતાને વફાદાર રહેવાના સોગંદ લેશે. પણ આ તો હઠીલો નીકળ્યો!

"એવું તેં કેમ માન્યું?" મનાઇએ તેને પૂછ્યું.

"મહારાજ, તમે ઝેરીલા છો. તમે સગા ભાઈ ઉન્નડને પણ ન છોડ્યો. સગા મામાને વચન આપ્યા પછી પણ મારી નાખ્યા. તમે જેને વિરોધી માનો છો તેને કદી ન છોડો. તમે મને પણ તમારો વિરોધી માની લીધો છે. હું તો સાંધોનો માણસ છું એમ સ્વીકારી લીધું છે. એટલે આખું ગામ કહેશે તો પણ તમે નહીં માનો. મને બોલાવ્યો ત્યારે જ હું સમજી ગયો હતો કે મારું આયખું પૂરું થાય છે."

મનાઇ તો તેની નીડરતાને જોઈ ચકિત થઈ ગયો. સાત સાંધો આવા વફાદારોના કારણે જ બળવાન હતા તે મનાઇ સમજી ગયો. તે આ સ્વતંત્રતા, નીડરતા સહન ન કરી શક્યો. તે સટાક કરતો ઊભો થઈ ગયો અને બોલ્યો, "હા, તને જીવતો ન જ રખાય. તું કાલે મારું નખ્ખોદ કાઢી નાખે!" પછી ભેટમાંથી તલવાર કાઢી ઝડપથી સાડ પાસે આવ્યો. ચોકીદારને ધક્કો મારી દૂર હટાવ્યો અને એક ઝાટકાથી સાડનું ડોકું ઉડાવી દીધું.

સાડનું માથું રવડતું સાંધની ગાદી પાસે જઈ પડ્યું અને લોહીથી પોતાના રાજાને અંજલિ આપી દીધી. ■

## પૈસાનું ગ્રુપ તપાસ્યું છે?

જિંદગીનું પહેલું કપડું જેનું નામ ઝભલું, જેમાં ખિસ્સું ન હોય. ને જિંદગીનું છેલ્લું કપડું કફન, એમાંય ખિસ્સું ન હોય. તો વચગાળાના ખિસ્સા માટે આટલી ઉપાધિ શા માટે? આટલી દોડધામ શા માટે? આટલા દગા અને પ્રપંચ શા માટે?

લોહી લેતાં ગ્રુપ ચેક કરાય છે, પૈસા લેતાં જરાક ચેક કરજો, એ કયા ગ્રુપનો છે? ન્યાયનો છે, હાયનો છે કે હરામનો છે? અને ખોટા ગ્રુપના પૈસા ઘરમાં આવી જવાથી જ આજે ઘર ઘરમાં અશાંતિ, કલેશ, કંકાસ છે. હરામનો અને હાયનો પૈસો, જીમખાના ને દવાખાના, ક્લબો અને બારમાં પૂરો થઈ જશે, ને તમનેય પૂરો કરી જશે. બેંક બેલેન્સ વધે, પણ જો ફેમિલી બેલેન્સ ઓછું થાય તો સમજવું કે પૈસો આપણને સ્યુટ નથી થયો.

*સૌજન્ય : "સ્પીડ બ્રેકર"*

*અમુક વખતે સત્ય ખબર હોવા છતાં શાંત રહેવું પડે છે! તેને મર્યાદાની 'ખામી' કહો કે 'સંબંધ' નિભાવવાની જવાબદારી. – મહાદેવ મહાદેવ*

દરિયાઇ સર્વેક્ષણ

# દરિયાઇ સર્વેક્ષણ માટેના ખાસ જહાજ ઇન્ડિયન નેવલ શીપ આઇ.એન.એસ. દર્શક ઉપર વિતાવેલ સમયનો અદ્ભુત અનુભવ



વી. જે. ઠાકર

આમ તો ભારતીય નૌસેના દેશના દરિયાઈ સંરક્ષણનાં મહત્ત્વનાં કાર્ય સાથે જોડાયેલ રહેતી હોય છે. પરંતુ શાંતિના સમયમાં આ નૌસેનાનાં જહાજો તથા કમાન્ડરો દેશ માટે દરિયામાં સર્વેક્ષણની કામગીરી કરી નકશાઓ તથા વૈજ્ઞાનિક માહિતી એકત્ર કરી ડેટા તૈયાર કરતા હોય છે. આ માહિતીને આધારે દેશ તથા વિદેશી જહાજો માટે વહાણવટાનાં દરિયાઇ માર્ગોનાં નકશા જે વેપાર ઉદ્યોગ માટે ખૂબ જ જરૂરી છે, તેનું પ્રકાશન કરી એક અગત્યની સેવા પૂરી પાડે છે. આ નકશાઓ એડમિરાલિટી ચાર્ટ તરીકે સમયે સમયે થતા ફેરફાર સાથે પ્રકાશિત થતા રહે છે. જે આંતરરાષ્ટ્રીય પરિવહન સાથે જહાજો માટે ખૂબ જ અગત્યના નહીં પરંતુ અનિવાર્ય છે. કારણકે આ ચાર્ટમાં જહાજના કપ્તાન પોતાના સ્થળના અક્ષાંસ રેખાંશના આધારે દરિયાની ઊંડાઈ, તળિયાની સ્થિતિ, નજીકના કિનારાના લાઇટ હાઉસની માહિતી, હવાના દબાણના પટ્ટાની માહિતી તે આધારે હવામાનની માહિતીથી વાકેફ રહેતા હોય છે. તળિયા તથા સપાટીના ઉષ્ણતામાન વચ્ચેના તફાવતને કારણે ઉદ્ભવતા વર્ટીકલ તેમજ હોરાઇઝન્ટલ ગરમ તથા ઠંડા દરિયાઈ પ્રવાહોથી માહિતગાર રહે છે. જે તેમના જહાજના સેઇફ સંચાલન તથા આવન જાવન માટે મદદરૂપ બને છે. આ ઉપરાંત ઓસનોગ્રાફીના અભ્યાસને લગતી કેટલીક જરૂરી માહિતી એકત્ર કરવામાં આવે છે. જેમકે દરિયા કિનારાની ઊંડાઇ પ્રથમ ૨૦૦ મીટર સુધી ધીમે ધીમે વધે છે. આ દરિયાઈ વિસ્તારને ખંડિય છાજલી કહેવામાં આવે છે. ત્યારબાદ ઊંડાઈ એક સાથે વધતા ૨૦૦૦ મીટર પહોંચે છે અને ઢાળ જેવી રચના કરે છે. જેને કોન્ટીનેન્ટલ સ્લોપ કહેવામાં આવે છે અને ત્યાંથી ઊંડો દરિયો શરૂ થાય છે. કિનારાથી ૨૦૦ મીટર સુધીના વિસ્તારને કોન્ટીનેન્ટલ સેલ્ફ તરીકે ઓળખાય છે અને સૂર્યનાં કિરણો આ વિસ્તારના પાણીમાં તળિયા સુધી પહોંચે છે. એટલે પ્રકાશ સંશ્લેષણની ક્રિયા શક્ય બને છે. અને તેથી સજીવની ઉત્પત્તિ, વૃધ્ધિ વિકાસ આ વિસ્તાર પૂરતા મર્યાદિત રહે છે અને દરિયામાં સૌથી પ્રાથમિક એકકોશીય જીવ પ્લાન્ટોન ફક્ત આ વિસ્તારમાં જ મળી શકે છે. પછી ઊંડા દરિયામાં નેક્ટોન અને બેંથોસ મર્યાદિત પ્રમાણમાં જોવા મળે છે. કોન્ટીનેન્ટલ સેલ્ફ ઉપર મળતા પ્લાન્ટોન ફાઇબ્રોપ્લાન્ટોન તથા ઝુ પ્લાન્ટોન તરીકે ઓળખાય છે. જે અનુક્રમે વનસ્પતિજન્ય તથા પ્રાણીજન્ય ગુણો ધરાવતા હોય છે. ફાઇટો પ્લાન્ટોન સૂર્ય પ્રકાશમાં પ્રકાશ સંશ્લેષણની ક્રિયાથી પોતાનો ખોરાક પોતે બનાવે છે. આ ફાઇટો પ્લાન્ટોન ઝુ પ્લાન્કટોન તથા અન્ય દરિયાઈ જીવોનો ખોરાક છે અને ઝુ પ્લાન્કટોન અન્ય માછલીઓ તથા સમુદ્ર જીવોનો ખોરાક છે. આ જીવો મૃત્યુ પામી દરિયાના તળિયામાં સડી જઈ નાશ પામે છે અને અવશેષો રાસાયણિક ક્રિયા દ્વારા ફરી ફાઇટો પ્લાન્કટોન જન્મે છે. આ રીતે દરિયાઇ જીવોની ફુડ ચેઇન બને છે. આ રીતે દરિયાઇ પ્લાન્ટોનનો અભ્યાસ અનિવાર્ય છે. આ તમામ અભ્યાસના સંકલન માટે જરૂરી ડેટા એકત્ર કરવા ભારતીય નૌસેનાનું સર્વેક્ષણ જહાજ આઈ.એન.એસ. દર્શક કેટલાક સમય માટે જોડાયેલ અને આ જહાજ અન્ય યુધ્ધ જહાજોના બેટલશીપ ગ્રે કલરથી અલગ પડી જાય છે. ઇ.સ. ૧૯૭૩-૭૪ની સાલમાં આ જહાજ ઓખા પોર્ટની મુલાકાતે આવેલ. ત્યારે હું ઓખા ખાતે મરીન બાયોલોજીકલ સંશોધન કેન્દ્રમાં સિનિયર રીસર્ચ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતો હતો. આ જહાજના કેપ્ટન ચોપરાએ સ્થાનિક નેવીના કમાન્ડર મારફત અમારી સંસ્થાના વડાનો સંપર્ક સાધ્યો અને જહાજની મુલાકાત માટે આમંત્રણ આપ્યું. તેઓશ્રી દ્વારા અરબી સમુદ્રના નોર્થ વેસ્ટ કોસ્ટ ઉપર કરવામાં આવી રહેલ દરિયાઈ સર્વેની માહિતીથી વાકેફ કરવામાં આવ્યા. તેઓની સાથે જહાજ પર વૈજ્ઞાનિક ટીમ હતી. જેમાં ભારત સરકારના હવામાન ખાતાના વૈજ્ઞાનિક, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓસનોગ્રાફીના વૈજ્ઞાનિક, ઓ.એન.જી.સી.ના પ્રતિનિધિ, જિયોલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયા ઝુઓલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયા, સી.એમ.એફ.આર.આઈ.ના નિષ્ણાતો પોતપોતાના ક્ષેત્રને લગતા ડેટા કલેક્શન જહાજ પર રહી સંશોધન કામગીરી કરતા હતા. અમારા ફિશરીઝ મોજણી સંશોધનની કામગીરીથી વાકેફ થતા જહાજ કેપ્ટને અમારા કેટલાક પ્રતિનિધિઓને ઊંડા દરિયામાં માછલીની

*આપણામાં સંવેદના હોય, તો જ બીજાની વેદના સમજાય. – મહાદેવ મહાદેવ*

મોજણીના કાર્ય માટે મોકલવા પ્રસ્તાવ મૂક્યો અને અમારા ખાતાએ માન્યતા આપતા બે ટીમો સાધન સામગ્રી સાથે જહાજની મોજણી સફરમાં સામેલ કરવામાં આવી. મારી સાથેની ટીમમાં ટીમલીડર શ્રી પી. ગોપાલકૃષ્ણન, શ્રી એમ.આઈ. પટેલ તથા શ્રી એસ.એમ. માંકડ વગેરે સામેલ હતા. મુંબઈથી જહાજ ઉપર સામેલ થયા અને કચ્છના અખાતની પશ્ચિમે લગભગ ૧૯૦૦ મીટર ઊંડાઈએ જહાજે લંગર નાખ્યું. પહેલા સ્ટેશન ઉપર દરેક વિભાગના પ્રતિનિધિઓએ પોતપોતાને લગતા સેમ્પલ લેવાનું શરૂ કર્યું. સાથોસાથ નેવી દ્વારા પણ પોતાના જરૂરી સેમ્પલો લીધા. એક કલાકના ડેટા કલેક્શન પછી જહાજ ચાલુ થઈ. બીજા સ્ટેશને એક કલાકે પહોંચ્યું અને આ રીતે દરેક સ્ટેશનો ઉપર ડેટા કલેક્શનની કાર્યવાહી કરવામાં આવતી અને ડેટા પ્રોસેસીંગ તથા પ્રયોગો જહાજ ઉપર લેબોરેટરીમાં થતા. હવામાન ખાતું બલૂન મોકલી જીઓલોજી તથા ઓ.એન.જી.સી. ગ્રેબ દ્વારા તળિયાના કાદવ રેતીના નમૂના એકત્ર કરતા. ઓસનોગ્રાફીના વૈજ્ઞાનિકો નાન્સન પીટરસન રીવર્સીબલ બોટલ દ્વારા તળિયાના પાણીના નમૂના લઇ તળિયાનું ઉષ્ણતામાન માપવામાં આવતું અને વર્ટીકલ ક્રોનિકલ ટાઈપ પ્લાન્ટોન નેટ મારફત કોલ્યુમનલ પ્લાન્કટોન વગેરે ડેટા કલેક્ટ થતો. અમારો વારો આવ્યો ત્યારે જહાજ ઉપરથી એક કલાક માટે ટ્રોલનેટ શુટ કરી માછલીના નમૂના પ્રાપ્ત કર્યા. આ સર્વેની કામગીરી કચ્છના અખાત સામેથી શરૂ થઇ, ઓમાનના અખાત સુધી ચાલુ રહી. આ દરમિયાન સ્વયંપ્રકાશિત પ્લાન્કટોનનું ઝુંડ દરિયામાં લાંબો ચળકટો પટો રચતો હતો અને રાત્રે જહાજની લાઈટના પ્રકાશમાં એકત્રિત થતા જુદા જુદા દરિયાઈ જીવનો નજારો તથા દરિયાઇ જીવોના અવાજો સાંભળવાની જે અલભ્ય તક મળી, જે ખરેખર અવર્ણનીય હતી. સમગ્ર રીતે આ નેવીના કન્ટ્રોલ નીચે શિસ્તબધ્ધ રીતે કામગીરીમાં સામેલ થવાની તક જીવનનો સામાન્ય રીતે ન મળી શકે તેવો લહાવો હતો.

*નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક*
*૧૭, નટવર પાર્ક, સામાકાંઠા, મોરબી.*
*મો. ૯૪૨૮૨ ૮૧૪૧૭*

---

## જમાદાર ફતેહ મહંમદ

**(અનુસંધાન : પાના નં. – ૧૩ ઉપરથી ચાલુ)**

આસાનીથી સૈનિક તરીકેની નોકરી મળી ગઈ. નસીબની દેવી ફતેહ મહંમદની રાહ જોતી હતી. ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો ચઢતો ફતેહ મહંમદ પોતાના અપ્રતિમ શૌર્યથી ‘જમાદાર ફતેહ મહંમદ’ના નામથી ઓળખાવા લાગ્યો.

ભુજના ધણી રા’બાવાને કમતિ સૂઝી અને તેને મહંમદ પન્નાહ નામના એક ધર્માંધ ઢોંગી ફકીરની સંગત મળી. તેણે ઈસ્લામના રીતરિવાજ અપનાવવા માંડ્યા. મંદિરોની આવકો બંધ કરવા માંડી અને છડેચોક ઈસ્લામનો પરચમ લહેરાવવા માંડ્યો. ફતેહ મહંમદ માટે આ સમય કસોટીનો હતો. તેણે હિંદુઓને સધિયારા સાથે રક્ષણ આપ્યું. રા’બાવા રાયધણ ત્રીજાને પદભ્રષ્ટ કરી રાયધણના પુત્ર પૃથુરાજને ગાદીનો વારસ બનાવી, તેના વતી રાજ કારભાર ચલાવવાનો નવતર પ્રયોગ શરૂ કર્યો. જેને ઈતિહાસ ‘બાર ભાયાનો કારભાર’ કહે છે જેમાં ફતેહ મહંમદ, ડોસલ વેણ, મેઘજી શેઠ, હંસરાજ શેઠ, કાશીગર બાવો – આવા આવા ખેરખાં હતા. કિંતુ રાજ ખટપટ, તેમાંય ધર્માંધ મહંમદ પન્નાહનો ચઢાયો રા’બાવા, પૃથુરાજની ખટપટ હોવા છતાં જમાદાર ફતેહ મહંમદે કચ્છી પ્રજાની અપેક્ષાને સંતોષી અને મુંદ્રા, લખપત, માંડવી વગેરેનો વિકાસ કર્યો.

કિન્તુ નસીબનો બળિયો હતો - ફતેહ મહંમદ. એણે ફક્ત કચ્છની આંતરિક આંટીઘૂંટીમાંથી પસાર થવાનું નહોતું, પણ એના સમકાલીન બીજા બે મહાન મુત્સદ્દી વઝીરો જૂનાગઢના અમરજી દીવાન અને નવા નગર (જામનગર)ના મેરૂ ખવાસનો પણ સામનો કરવાનો હતો. આમ છતાં પોતાની કુનેહથી આ સઘળા દલદલમાંથી જમાદાર ફતેહ મહંમદ સાંગોપાંગ પાર ઉતર્યો હતો અને લોકોમાં તેની ધાક શેહ પણ ખૂબ જ હતી. આથી જ તેને ખુદ બ્રિટીશરોએ ‘કચ્છના ક્રોમવેલ’નું બિરૂદ આપ્યું હતું. તો કચ્છ અને કાઠિયાવાડમાં કહેવાતું હતું કે, ‘ફતિયા તારી ફૌજનો ડંકો ભારી.’

જમાદાર ફતેહ મહંમદની લોકપ્રિયતા કચ્છ, કાઠિયાવાડના સીમાડા ઓળંગી છેક મૈસુરના ટીપુ સુલતાન સુધી પહોંચી હતી અને મૈત્રીના પ્રતીકરૂપે ટીપુ સુલતાને જમાદાર ફતેહ મહંમદને ‘હૈદરી તોપ’ પણ ભેટ આપી હતી. લોકવાયકા પ્રમાણે તો ટીપુ સુલતાનના સગા નવાબ હૈદરઅલી અને જમાદાર ફતેહ મહંમદ અડીને સગા થતા હતા – પણ એ સાચું છે કે નહીં તે રામ જાણે!

કચ્છના ઐતિહાસિક આસમાનમાં ફતેહ મહંમદ નામનો આ સીતારો - હિંદુ મુસ્લિમ એકતાના પ્રતીક સરીખો આજે પણ ઝળહળ્યા કરે છે. જમાદાર ફતેહ મહંમદનું મૃત્યુ ૩૦ ઓક્ટોબર, ૧૮૧૩ના રોજ થયું. ભુજ મ્યુઝિયમના સામે કાંઠે - હમીરસર તળાવની આજુબાજુમાં આવેલી તેની છતરડીમાંથી તેનો આત્મા આપણને કહેતો હશે કે –

*“નવ છડિયા હથિયાર, અલ્લાના બેલી*
*નવ છડિયા હથિયાર;*
*મુળુભા બંકડા, દેવુભા ચેતો,*
*નવ છડિયા હથિયાર.*

*મો. ૬૩૫૧૮૧૨૭૮૮*

---

*ખુશહાલ સંબંધો એમ જ નથી બનતા, સમજદાર વ્યક્તિઓ એમાં રોકાણ કરતી હોય છે. – મહાદેવ મહાદેવ*

સંસ્કૃતિ

# ભારતીય સંસ્કૃતિ - પરંપરામાં યક્ષપૂજાનું મહત્ત્વ



ચંદ્રકાંત પટેલ 'સરલ'

ભારતીય ધાર્મિક પરંપરા, એ ભારતીય લોક સંસ્કૃતિનું હૃદય છે. એક ઉજળુ અંગ છે. સમન્વયપ્રધાન જીવન પદ્ધતિનો સૌથી વધારે પ્રભાવ ધર્મના ક્ષેત્રમાં જોવા મળે છે.

આદિકાળથી ભારતીય લોકસમુદાય ઉત્સવ પ્રિય માનસ ધરાવે છે. જુદા જુદા સમયે દેવી - દેવતાઓના મેળા ભરાતા હતા. જેને 'મહ' કહેવાતા હતા. આવા મહોમાં — ઈન્દ્રમહ, ખંદમહ, રુદ્રમહ, મુકુંદમહ, શિવમહ, નાગમહ, ભૂતમહ, જક્ખમહ, ગિરિમહ, રુક્ખમહ, ચેઇયમહ, અગડમહ, થૂભમહ, દમિમહ, નઈમહ, તલાયમહ, પવ્વયમહ, સરમહ, સાગરમહ તથા એના જેવા બીજા અનેક ઉત્સવ મહ ઉજવાતા હતા.

આ લેખમાં આવા જ એક મહની વાતનો ઉપક્રમ છે. તે છે યક્ષમહ કે યક્ષપૂજાત્સવ. યક્ષપૂજા આજે પણ જળવાઈ રહી છે. પ્રાચીન - પુરાતનકાળમાં લોકધર્મના દેવતાઓમાં યક્ષની પૂજા લોકોમાં સૌથી વધુ વ્યાપક હતી. કારતક સુદ પૂનમને દિવસે યક્ષોત્સવ ઉજવાતો હતો અને આજે પણ 'વીર બ્રહ્મ' રૂપે યક્ષ દેવતાની પૂજા પરંપરા ચાલુ છે. બંગાળથી લઈ ગુજરાત સુધી અને હિમાલયથી કન્યાકુમારી સુધીના પ્રદેશોમાં યક્ષદેવતા પૂજાય છે, તેના મેળા થાય છે અને લોકો મનભરીને ઉત્સવને માણે છે.

- **યક્ષ કોણ છે?**

યક્ષ કોણ હતો? તેનું કુળ કયું હતું? તેનો આદિ પુરુષ કોણ થઈ ગયો? આ પ્રશ્નના સંતોષકારક ઉત્તર નથી મળતા. બ્રહ્માંડ પુરાણ પ્રમાણે કશ્યપ અને ખશાનો પુત્ર તે યક્ષ છે. આ યક્ષને પંચચુડા ક્રતુસ્થલા નામની અપ્સરાથી રજતનાભ નામે પુત્ર થયો. અને આ રજતનાભને પ્રહલાદના એક પુત્ર અનુહલાદની પુત્રી મણિરાથી મણિવર અને મણિભદ્ર કે માણિભદ્ર નામના બે પુત્રો થયા.

**માણિભદ્ર યક્ષ તરીકે ખૂબ જાણીતો છે. તેમનો વંશ પુણ્યજનનો છે. આ પુણ્યજનો અનાર્ય પ્રજા હતા.** મણિભદ્ર ક્રતુસ્થની પુત્રી પુણ્યજનીને પરણ્યો હતો. આ પુણ્યજનીના પુત્ર તે 'પુણ્યજનો' કહેવાયા, ને એ બધા યક્ષ તરીકે ઓળખાયા.

યક્ષોને પાલી ભાષામાં 'યકશા', પ્રાકૃત ભાષામાં 'જકક્ષ' કે 'જક્ખ' કહ્યા છે. સિંહાલી ભાષામાં યક્ષ-યક્ષીને 'યકા-યકી' કહે છે. દક્ષિણ ભારતમાં તેને 'યસ્ક' કહ્યા છે.

મણિભદ્રને લોકો રોગથી રક્ષણ કરતો દેવ ગણે છે. જ્યારે જ્યારે લોકોમાં રોગચાળો આવે છે ત્યારે રોગચાળાથી બચવા લોકો મણિભદ્રની પૂજા કરે છે. તેનું બીજું નામ માણિકવીર બતાવાયું છે.

મારા ઐતિહાસિક સંશોધનોના આધારે કહું તો આ માણિકવીર એ મણિભદ્રનું બીજું નામ નથી. મણિભદ્ર એક જ થઈ ગયો છે. આ માણિકવીર એ મણિભદ્રનો સાધક, સેવક કે શિષ્ય હોઈ શકે છે. મારો આ સંશોધનાત્મક સ્પષ્ટ મત છે અને તે સત્ય જ છે.

યક્ષને રાજા-મહારાજા અને રક્ષક ગણી તેની પૂજા કરવામાં આવે છે. મોટાભાગની પ્રજા માને છે કે યક્ષ એ કુબેર છે અને તેને રાજા-સંજ્ઞક યક્ષોનો રાજા માને છે અને મહારાજા કહીને તેને સંબોધે છે. **મહાભારતમાં યક્ષપૂજાનો ઉલ્લેખ છે** અને એ પૂજાત્સવને 'યક્ષમહ' કહી પછી તેને 'બ્રહ્મમહ' કહ્યો છે. મત્સ્ય દેશમાં બ્રહ્મનો મોટો ઉત્સવ થતો હતો તે બ્રહ્મ મહોત્સવ યક્ષનો જ ઉત્સવ હતો અને આ સમયે વીરપૂજા થતી હતી. આ પૂજા યક્ષપૂજા કહેવાતી હતી.

પ્રાચીન ભારતીય લોકધર્મમાં યક્ષમહ - યક્ખમહ - એ યક્ષપૂજા કહેવાઈ છે. **જે વખતે બુધ્ધે પોતાના ધર્મનો પ્રચાર કર્યો એ વખતે સામાન્ય જનતામાં યક્ષપૂજાનું બહુ મોટું સ્થાન હતું.** બૌદ્ધધર્મ સ્વીકૃત કરી લીધા પછી પણ ગૃહસ્થોમાં અને સાધારણ લોકોમાં યક્ષો અને યક્ષિણીઓની માન્યતા એ જ રીતે ચાલતી રહી. બૌદ્ધ સાહિત્યમાં, ખાસ કરીને જાતકોના કથા સાહિત્યમાં યક્ષપૂજાના અનેક ઉલ્લેખો આવે છે.

યક્ષોને મોટાભાગે મહર્ધિક એટલે કે ઘણી ઋદ્ધિ અને પ્રભાવ ધારણ કરનારા દેવતા કહ્યા છે. સારા અને નરસા એવા બંને પ્રકારના યક્ષો હતા. વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે, જુદા જુદા સ્થળે જે જે યક્ષોની પૂજા થતી હતી એ યક્ષોનાં નામ પણ જુદા જુદા હતા. જેમાં રાજગૃહમાં 'વજ્રપાણિ' અને 'બકુલ', કપિલવસ્તુમાં

*એ તથ્ય છે કે યાદમાં હોતું નથી વજન, એને ખસેડવામાં બહુ વાર લાગે છે. — ડૉ. ફિરદોસ દેખૈયા*

'કાલ' અને 'ઉપકાલક', વિરાટમાં 'મહેશ્વર', શ્રાવસ્તીમાં 'બૃહસ્પતિ', સાકેતમાં 'સાગર', વૈશાલીમાં 'વજાયુ', ચંપામાં 'સુદર્શન', વારાણસીમાં 'મહાકાલ', દ્વારકામાં 'વિષ્ણુ', તામ્રપર્ણીમાં 'વિભીષણ', ઉરગામાં 'મર્દન', ગીરનારમાં 'મહાગિરિ', વિદિશામાં 'વાસવ', રોહિતકમાં 'કુમાર', 'કાર્તિકેય', કલિંગમાં 'બૃહદ્રથ' — આમ ઘણા ઘણા નામે તેની પૂજાઓ ચાલુ હતી.

**આ યક્ષોમાં જરા નામની એક યક્ષીણી થઈ ગઈ છે.** એ રાજગૃહની દેવી મનાતી હતી ને ત્યાં જ તેનું મૂળ સ્થાન હતું. **મહાભારતના વનપર્વમાં આ રાક્ષસીનો ઉલ્લેખ છે.** તેનું સ્થાન રાજગૃહમાં બતાવાયું છે. તેની પૂજામાં માંસનો બલિ ચઢાવવામાં આવે છે.

આ જરાએ જ જરાસંગના શરીરના બે ટુકડાને 'જીવો જીવો' કહીને જોડીને એને જીવતો કર્યો હતો. એથી પ્રસન્ન થઈને મગધ નરેશ અને જરાસંઘના પિતા બૃહદ્રથે આદેશ દીધો કે મગધના નિવાસીઓએ ઘરે ઘરે 'જરા'ની પૂજા ચાલુ કરવી.

**આ જરા બૌધ્ધધર્મમાં હારીતિદેવી નામે પ્રસિદ્ધ થઈ છે.** આ બૃહદ્રથ અજમીઢના બીજા પુત્ર ઋક્ષની ૯મી પેઢીએ થયો છે. તે મગધનો રાજવી હતો. બૃહદ્રથની છઠ્ઠી પેઢીએ જૂહુ કે જહુ થયો. ત્યાર પછી બૃહદ્રથની બીજી પત્નીથી ''જરાસંઘ'' થયો હતો.

જરા યાને હારીતિદેવીએ પાંચસો યક્ષકુમારોને જન્મ આપ્યો હતો. તેનો એક શ્લોક 'મહાવંશ' ૧૨:૨૧માં જોવા મળે છે.

*पण्डको नाम यक्खो तु सद्धि हारतयक्खियाँ ।*
*पंचसतेहि पुत्तेहि चलं पापुणि आदिकम् ॥*

આ યક્ષીણી પ્રતિ લોકોને ધિક્કાર હતો કારણકે તે બાળકોનાં હરણ કરી તેને મારી નાખતી હતી. તેણે જરાસંઘનું પણ હરણ કર્યું હતું અને પાછળથી પાછો આપી દીધોહતો.

મહાભારતમાં યક્ષમહને બ્રહ્મમહ કહે છે. બક રાક્ષસના મૃત્યુ પછી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર બધાએ મળીને 'એકચક્રા' નગરીમાં 'બ્રહ્મમહ'નું આયોજન કર્યું હતું. આ બ્રહ્મમહ એ યક્ષમહ - યક્ષપૂજાનો જ ઉત્સવ હતો.

લોકો યક્ષને 'બ્રહ્મ' નામે ઓળખતા હતા. 'બ્રહ્મ રાક્ષસ' તરીકે પણ તે ઓળખાતો હતો. યક્ષનો સૌથી મહત્ત્વપૂર્ણ પર્યાય 'બ્રહ્મ' હતો અને તેને ઉત્તર દિશાના સ્વામી તરીકે માનવામાં આવ્યો છે.

મારા માનવા પ્રમાણે ઉત્તર દિશાનો અધિપતિ (યક્ષોનો અધિપતિ) 'વૈશ્રવણ' છે. સંભવિત એ યક્ષકુળનો હોય એવું બની શકે.

યક્ષોનો જ્યાં નિવાસ હતો તે નગરને 'બ્રહ્મપુર' કહેવાયું છે અને તેમાં અમૃતના કુંભો ભરેલા હતા. આ યક્ષો અમૃત પીને અમર બની ગયા હતા.

વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કેઃ યક્ષપૂજાનું બહુ જ પાકું પ્રમાણ ભરહુતના પ્રાચીન સ્વરૂપોમાંથી મળેલા વેદિકાસ્તંભો પર કોતરેલી યક્ષમૂર્તિઓ રૂપે મળે છે. સુચિલોમ, કુપિર (કુબેર), આજકાલક, ગંગિત, સુપવસ, વિરૂઢક અને સુદેશના, ચંદા, સિરિમા, દેવતા, ચુલકોકા અને મહાકોકા દેવતા. પાછલા પાંચ નામો યક્ષીઓનાં છે. એમાં ચુલકોકા એટલે નાની કોકા અને મહાકોકા એટલે મોટી કોકા. આ બધા પૂજનીય દેવી-દેવતાઓ છે.

લોકોમાં એવી માન્યતા છે કે યક્ષો વૃક્ષો પર વસે છે અને તેને 'વીર' કહ્યા છે. પીપળાનું ઝાડ યક્ષોનું રહેઠાણ મનાય છે પણ યક્ષોના સ્થાનકો તો 'ચોતરા' જોવામાં આવે છે અને તેને 'યક્ષભવન' કે 'ચૈત્ય' જેવા નામો અપાયા છે.

**પુરાતન કાળમાં મણિભદ્ર, પૂર્ણભદ્ર અને વૈશ્રવણ વગેરે જેવા અનેક યક્ષો પ્રસિદ્ધ હતા અને 'પંચવીર' તરીકે તેમની પૂજાઓ થતી હતી.** આ પૂજામાં ધૂપ, માલ્ય, પુષ્પ, દીપ, ગંધ, નૈવેદ્ય કે પ્રસાદ અને સંગીત. પૂજાના એ મુખ્ય અંગો હતા.

દર વરસે કારતક સુદ પૂનમ એટલે દેવ દિવાળી પછીના ચોથા દિવસે આવતી પૂનમે યક્ષપૂજા કરવામાં આવે છે. મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બંગાળ, બિહાર, રાજસ્થાન, ગુજરાતના આદિવાસી પટ્ટામાં આજે પણ યક્ષપૂજાની પરંપરા જળવાઈ રહી છે.

*C/o. "સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,*
*રતનપરા શેરી-૧,*
*નીલકંઠ બંગલાની સામે, બાગ દરવાજા,*
*માણાવદર-૩૬૨ ૬૩૦ (જિ. જૂનાગઢ)*
*મો. ૮૭૩૫૯૦૨૪૨૪*

## રજા : મજા કે સજા

એક અમેરિકન પેઢીએ જાપાનમાં પોતાની કામગીરી શરૂ કરી. તેની ઓફિસમાં કામ કરવા ત્યાંના જ લોકોને લીધા. અમેરિકામાં અઠવાડિયે પાંચ દિવસ કામ કરવાનું હોય છે. તે મુજબ જાપાનમાં પણ એ પેઢીએ સોમથી શુક્ર કામ કરવાની અને શનિ-રવિની રજાની પદ્ધતિ દાખલ કરી. પણ ત્યાં રાખેલ જાપાની કર્મચારીઓએ તેનો વિરોધ કર્યો. તેમણે કહ્યું કે, 'અમારે બે રજાઓ નથી જોઈતી. વધારે રજા ભોગવવાથી અમે આળસુ બનીએ. પછી અમને મહેનત કરવાનો કંટાળો આવે. વળી રજા પડે એટલે અમે વધુ મોજ મજા કરીએ. પૈસા પણ વધારે ખર્ચીએ. તો જે રજા અમારી શરીર સંપત્તિ ઓછી કરે અને અમારો આર્થિક બોજ વધારે, તે અમને ન ખપે!

*કિતના ભી જ્ઞાનીયોં કે સાથ બેઠ લો, તજુર્બા કહીં ન કહીં બેવકૂફ બનને કે બાદ હી મિલતા હૈ.*

શિક્ષણ

# પરીક્ષા વાલીની છે કે વિદ્યાર્થીની?



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, પરીક્ષાની સીઝન આવી ગઈ છે. આપણે સૌએ વિદ્યાર્થી વાલીની માનસિક પરિસ્થિતિની ચિંતા કરવી જરૂરી છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓની અસર વિદ્યાર્થીની કારકિર્દી પર ખૂબ જ મોટી થાય છે. આ વાતને મશહૂર લેખક ડૉ. અશોક પટેલ બહુ સારી રીતે સમજાવે છે. આ બાબતથી વિદ્યાર્થી અને વાલી સારી રીતે પરીચિત હોવાથી તેને ખૂબ જ ગંભીરતાથી લે છે.

આમ તો કોઈ પણ વિદ્યાર્થીની પરીક્ષાને તેના વાલી દરેક વખતે ગંભીરતાથી જ લેતા હોય છે. જે બાબત એક રીતે જોવા જઈએ તો સારી બાબત છે. પણ વાલી અને તેમાં પણ મમ્મીઓ દરેક પરીક્ષાને વધારે પડતી ગંભીરતાથી લે છે ત્યારે એવું લાગે છે કે પરીક્ષા વાલીની છે કે વિદ્યાર્થીની? આવા ધોરણમાં અભ્યાસ કરતા બાળકના પાઠ્ય પુસ્તકની વિગત બાળકને આવડે છે તેના કરતાં તેની મમ્મીને વધારે ખબર હોય છે. પરીક્ષા સમયે મમ્મીનું રૌદ્ર સ્વરૂપ અને પપ્પાનું બિચારાપણું જોવા મળે છે. પણ બોર્ડની પરીક્ષામાં તો મમ્મી અને પપ્પા બંનેનું રૌદ્ર સ્વરૂપ અને વિદ્યાર્થીનું બિચારાપણું જોવા મળે છે.

પરીક્ષા પૂર્વે શું ખાવું, ક્યારે ખાવું અને કેટલું ખાવું તે મમ્મી, પપ્પા અને તેમના મિત્રો નક્કી કરે છે. જેનો સતત ચોકીપહેરો પણ રહેતો હોય છે. વિદ્યાર્થીએ ક્યારે આરામ કરવો, કેટલો આરામ કરવો તે પણ આ મમ્મી-પપ્પા જ નક્કી કરતા હોય છે. તે સમયે તેમના મોઢામાંથી નીકળતા એક એક શબ્દની નકારાત્મક અસર વિદ્યાર્થી પર જે પડે છે, તેની તેમણે ક્યારેય કલ્પના કરી નથી. વળી પાછા એ જ મમ્મી-પપ્પા કહે છે પણ ખરા કે, 'અમે તો તેની પાસે કોઈ અપેક્ષા રાખતા નથી. તેને જેટલું વાંચવું હોય તેટલું તેની રીતે વાંચે છે. પરીક્ષાનું જે પરિણામ આવે તે અમને મંજૂર છે... વગેરે.' પણ મમ્મી-પપ્પાના શબ્દો જુદા અને વર્તન જુદું હોય છે. સોસાયટીના અન્ય સભ્ય સાથે સારા દેખાવા માટેના શબ્દો અને વર્તન હોય છે. પરીક્ષાના દિવસો જેમ જેમ નજીક આવતા જાય તેમ તેમ મમ્મી-પપ્પાનું ટેન્શન વધતું જાય છે. જે જોઈને પેલો વિદ્યાર્થી પણ બાપડો - બિચારો બનીને ટેન્શનમાં આવી જાય છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને ધોરણ-૧૦ નાપાસ તેની મમ્મી કે પડોશી સલાહ આપતા હોય છે! આધુનિક જમાનાની આધુનિક શુભેચ્છાઓ તો વળી ખરી જ. પરીક્ષા શરૂ થવાના આગલા દિવસે વિદ્યાર્થીના સગા-સ્નેહીજનો પેન કે બુકે લઈને બેસતા વર્ષની જેમ શુભેચ્છા વ્યક્ત કરવા નીકળી પડે છે. ત્યારે મમ્મી-પપ્પા બોલે છે કે, 'આ મળવા આવનાર સગાઓથી તો અમારો દીકરો ખૂબ જ ડિસ્ટર્બ થાય છે. તેનું ભણવાનું બગડે છે. આ લોકોએ સમજીને જ ન આવવું જોઈએ.' પણ જો કોઈ નજીકના સગા મળવા ન આવે અને દૂરના સગા મળવા આવે તો વળી આ મમ્મી-પપ્પા કહે છે કે, 'જોયું, ફલાણાભાઈ મળવા પણ ના આવ્યા!'


પરીક્ષાના દિવસે પેપર કેવી રીતે લખવું, શું લખવું વગેરેની સલાહ આપતા વાલી ક્યારેક તો ઉશ્કેરાટમાં એવું પણ સંભળાવી દે છે કે, 'કોઈ ખાલી જગ્યા જેવું ન આવડે તો બાજુવાળાને પૂછી લેજે. એ ચોરી ના કહેવાય.' જે શાળામાં વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા હોય તે શાળાના શિક્ષકોને આગલા દિવસે વાલી દ્વારા મળવા જવું અને ક્યારેક દબાણ લાવવું, તે બાબતો જ વિદ્યાર્થીને વધારે દબાણમાં લાવી દે છે. પરીક્ષાની આગલી રાત્રે અગત્યના પ્રશ્નો માટે અન્ય વાલી કે શિક્ષકોનો સંપર્ક કરવો તે કોઈ પણ રીતે યોગ્ય ન હોવા છતાં વાલી તે બાબત ચૂકતા નથી. પેપર આપીને બહાર નીકળતા વિદ્યાર્થીને પહેલો પ્રશ્ન એ હોય છે કે, 'કેવું પેપર ગયું?' જો પેપર ખરાબ ગયું હોય અને વિદ્યાર્થી સાચો જવાબ આપે કે પપ્પા, થોડું ખરાબ ગયું છે તો કેટલાક વાલી ગુસ્સે થઈને બિચારા વિદ્યાર્થીને ખખડાવી નાખે છે. અમે કહેતા હતા કે ભાઈ વાંચ, પણ અમારું કોણ સાંભળે છે! હવે લોઢા ટીપવા જજે વગેરે... આવા સમયે વિદ્યાર્થીને પ્રોત્સાહન આપવાની જરૂર હોય છે. ભલે એક પેપર ખરાબ ગયું, બાકીના સારા જશે. જે થયું તે થઈ ગયું, તેનો વિચાર કરવાના બદલે બાકીના પેપર વિશેની ચર્ચા કરવી વધારે યોગ્ય ગણાશે. કોઈ પેપર ધાર્યા કરતા કઠીન નીકળે તો તેમાં

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૨ ઉપર)**

*મેં ટાઢ ઉડાડવા કરેલું તાપણું જોઈને બાકસ ચોંક્યું, ઓહો! મારી એક જ દિવાસળીની ચિત્તા આવડી મોટી? – ખ્વાબ*

વિજ્ઞાન

# આજે છે ૨૮મી ફેબ્રુઆરી, આજે છે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ



ડૉ. મિહિર એમ. વોરા

ભારતના વૈજ્ઞાનિક શ્રી ડૉ. ચંદ્રશેખર વેંકટરામને ઇ.સ. ૧૯૨૮માં આજના દિવસે પ્રકાશના પરાવર્તનની વિસ્મયકારક ઘટના નિહાળી. વિજ્ઞાન જગતમાં આ ઘટનાનો પ્રભાવ એટલો બધો પડ્યો કે સમગ્ર એશિયામાંથી ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પારિતોષિક સૌપ્રથમ તેમને એનાયત થયું હતું. વિજ્ઞાનની આ સુવર્ણ ઘડીને બિરદાવતાં ૨૮મી ફેબ્રુઆરી "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ" તરીકે ઉજવાય છે. ૨૮મી ફેબ્રુઆરીએ ડૉ. રામને તેમની નોબેલ પ્રાઇઝ મેળવનારી શોધ 'રામન ઇફેક્ટ'નો આવિષ્કાર કર્યો હતો. પ્રકાશના કિરણો કઈ રીતે કામ કરે છે, તે વિશે તેમણે ઉંડું સંશોધન કર્યું હતું. જે પાછળથી ભૌતિક વિજ્ઞાન જગતમાં 'રામન ઇફેક્ટ' તરીકે ઓળખવામાં આવે છે.

સર સી.વી. રામનનો જન્મ ભારત દેશના દક્ષિણ ભાગમાં આવેલા તિરુચિરાપલ્લી, તામિલનાડુ રાજ્ય ખાતે હિંદુ, બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. એમની માતૃભાષા તમિલ છે. બાળપણમાં જ તેમના પરિવારને વિઝાગ, આંધ્ર પ્રદેશ ખાતે રહેવા જવાનું થયું. તેઓના પિતાજી ગણિત તથા ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા હોવાને કારણે રામનજીને ભણવાનું યોગ્ય વાતાવરણ ઘરમાં જ મળી ગયું હતું. એમના ભત્રીજા સુબ્રમણ્યના ચંદ્રશેખરને પણ ભૌતિકશાસ્ત્રના વિષયમાં નોબેલ પુરસ્કાર ઇ.સ. ૧૯૮૩ના વર્ષમાં એનાયત કરવામાં આવ્યું હતું. રામનજી પ્રેસિડન્સી કોલેજ, ચેન્નાઇ ખાતે ઇ.સ. ૧૯૦૨ના વર્ષમાં દાખલ થયા અને ઇ.સ. ૧૯૦૪ના વર્ષમાં એમણે B.Sc.ની પદવી મેળવી. જેમાં એમણે પ્રથમ સ્થાને રહી સુવર્ણચંદ્રક પણ જીત્યો હતો. ઇ.સ. ૧૯૦૭ના વર્ષમાં એમણે M.Sc.ની પદવી અવ્વલ સ્થાને રહી ૭૦%થી વધુ ટકા સાથે મેળવી હતી. ત્યારબાદ એમણે આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ જનરલ તરીકે ઇન્ડિયન ફાઇનાન્સ ડિપાર્ટમેન્ટમાં કોલકતા ખાતે પોતાની કારકિર્દીની શરૂઆત કરી.

આજે છે ૨૮મી ફેબ્રુઆરી. આજે છે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ. ભારતના વૈજ્ઞાનિક શ્રી ડૉ. ચંદ્રશેખર વેંકટરામને ઇ.સ. ૧૯૨૮માં આજના દિવસે પ્રકાશના પરિવર્તનની વિસ્મયકારક ઘટના નિહાળી. વિજ્ઞાન જગતમાં આ ઘટનાનો પ્રભાવ એટલો બધો પડ્યો કે સમગ્ર એશિયામાંથી ભૌતિક ક્ષેત્રમાં નોબલ પારિતોષિક સૌપ્રથમ એમને એનાયત થયું હતું. વિજ્ઞાનની આ સુવર્ણ ઘડીને બિરદાવતા ૨૮મી ફેબ્રુઆરી "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ" તરીકે ઉજવાય છે. ૨૮મી ફેબ્રુઆરીએ ડૉ. રામને તેમની નોબલ પ્રાઇઝ મેળવનારી શોધ "રામન ઇફેક્ટ"નો આવિષ્કાર કર્યો હતો. પ્રકાશના કિરણો કઈ રીતે કામ કરે છે, તે વિશે તેમણે ઊંડું સંશોધન કર્યું હતું, જે પાછળથી ભૌતિક વિજ્ઞાન જગતમાં 'રામન ઇફેક્ટ' તરીકે ઓળખવામાં આવે છે. સમગ્ર દેશ તા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઉજવે છે. આ દિવસે ડૉ. સી.વી. રામને 'રામન-પ્રભાવ' એટલે કે રામન ઇફેક્ટની શોધ પૂર્ણ કરી અને પરિણામો મેળવ્યા.

'રામન ઇફેક્ટ'ની શોધને કારણે તેમને ૧૯૩૦માં નોબેલ પારિતોષિક મળ્યું. તેથી સમગ્ર વિશ્વમાં ભારતને ગૌરવ અપાવ્યું. ડૉ. સી.વી. રામનનું જીવન સાદગીભર્યું અને સરળ હતું. 'રામન ઇફેક્ટ'ની શોધ માટે તેમણે બનાવેલ સાધનનો ખર્ચ રૂા. ૨૦૦/- થયો હતો પરંતુ તેના દ્વારા વિજ્ઞાનની એક નવી દિશા ખૂલી. આ રામન પ્રભાવનો ઉપયોગ વિવિધ પદાર્થોના આંતરિક બંધારણ જાણવામાં થાય છે. સમગ્ર વિશ્વમાં આ શોધ દ્વારા ગૌરવ પ્રાપ્ત થયું અને તેની જાહેરાત સૌપ્રથમ તા. ૨૮-૦૨-૧૯૨૮ના રોજ થઇ. ત્યારથી આ દિવસને 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'થી સન્માનિત કરેલ છે. સાથોસાથ આ દિવસ સમગ્ર સમાજમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને અભિગમ કેળવાય તેમજ અંધશ્રધ્ધા દૂર કરવા માટે જાગૃતિનો દિવસ છે.

વિજ્ઞાન દિવસ નિમિત્તે આપણું કચ્છ વિજ્ઞાનમાં ક્યાં છે, તે એક વિચારવા જેવું છે. આપણી યુનિવર્સિટીમાં જોઈએ તેટલું સંશોધન થતું નથી અને જે કરે છે તે બહુ ઓછું છે. વિશ્વ લેવલે તેને લઈ જવામાં હજી ઘણી સફર કરવાની બાકી છે. શાળા કોલેજમાં વિજ્ઞાનમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છે અને શિક્ષકો પણ ઓછા છે. જે એક વિચારવાલાયક બાબત છે. જેમાં ભૌતિક વિજ્ઞાનમાં તો વિદ્યાર્થીઓ, શિક્ષકો અભ્યાસક્રમોની સંખ્યા ઓછી છે. આથી જો આપણે આજના દિવસે જો જરાક પણ ભૌતિક વિજ્ઞાન પ્રત્યે રસિક અભિગમ રાખશું તો શક્ય છે કે આગામી રામન એક કચ્છી, ગુજરાતી કે ભારતીય હોય.

છેલ્લે, એક નાની પણ મજાની વાત. તમે પણ રોજ મનગમતું સંગીત સાંભળો અને ભૌતિક વિજ્ઞાનમાં નવું સંશોધન કરો અને કરાવતા રહો તેવી ફિઝિક્સ પ્રેમી તરીકેની મારી અપીલ છે.

*સળગતા ઝૂંપડા જોઈને, ધિક્કારવા લાગી દિવાસળી પોતાના અવતારને. – ભાવુક*

માહિતી

# માહિતી

## આંતરિક સુરક્ષામાં શ્રેષ્ઠ કામગીરી બદલ કચ્છના વિભાકર અંતાણીને રાષ્ટ્રપતિ ચંદ્રક

આંતરિક સુરક્ષામાં સહયોગી રહીને શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ અદના કચ્છીમાડુની સરકાર દ્વારા તાજેતરમાં પ્રશંસા કરવામાં આવી છે. અનેક પુરસ્કાર સાથે જમીન પર રહીને ફરિસ્તા સમાન કામગીરી કરનાર ભુજના વિભાકર અંતાણીને રાષ્ટ્રપતિ ચંદ્રક આપવામાં આવ્યો છે.

વર્ષ ૧૯૭૮માં ૧૬ વર્ષની વયે નાગરિક સંરક્ષણમાં જોડાયેલા વિભાકર નટવરલાલ અંતાણી વર્ષ ૧૯૮૨માં ફાયર સેફ્ટીની તાલીમ લઈ આગના બનાવ દરમિયાન અનેક શ્રેષ્ઠ કામગીરી કરી હતી. વર્ષ ૧૯૮૯માં રેસ્ક્યુ લીડર તરીકે નિમાયા હતા. આ દરમિયાન ભુજના ઓરિએન્ટ કોલોનીમાં એક ભૂંગામાં આગ લાગી હતી, તેમાંથી બે બાળકોને હેમખેમ બહાર કાઢ્યા હતા. તો ભુજ શહેરના કોટ વિસ્તારમાં ૧૯૮૫માં એક ગોડાઉનમાં લાગેલી આગમાં પણ તેમણે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વર્ષ ૧૯૯૯થી ૨૦૦૦માં પલ્સ પોલિયોમાં સારી કામગીરી બદલ તેમને નવાજવામાં આવ્યા હતા. ભૂકંપ બાદ કેરા નદીમાં આવેલા પૂરમાં રસ્સી બાંધીને ૨૦ જેટલા લોકોને ડૂબતા બચાવ્યા હતા. તેમને વર્ષ ૨૦૦૧માં બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ - અમદાવાદ દ્વારા પણ અભિનંદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સંસ્કૃત ભાષા અંગે કરેલી કામગીરીમાં સંસ્કૃત સમ્રાટ ઍવોર્ડ ઉપરાંત સંસ્કૃત ભૂષણ અને સંસ્કૃત શિરોમણિ ઍવોર્ડ પણ એનાયત થયો હતો. ગીતા પઠન પરીક્ષામાં પણ વિભાકર અંતાણીએ દર વર્ષે ૮૦૦ જેટલા હિન્દુ મુસ્લિમ બાળકોને જ્ઞાન પીરસવાની કામગીરી કરી છે. આ ઉપરાંત સામાજિક રીતે તેમણે હાટકેશ સેવા મંડળ દ્વારા વડીલોનું સન્માન કર્યું હતું. જેમાં ૭૫ વર્ષથી ઉપરની ઉંમરના વડીલોના સન્માન બદલ તેમને સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત તેમણે જાહેર જીવનમાં રહીને હોમગાર્ડમાં જોડાઈને નિવૃત્તિ બાદ એક વર્ષ વધારાનું એક્સ્ટેન્શન આપવામાંઆવ્યું હતું. તેમણે પોતાના જીવન દરમિયાન ૨૫થી વધુ વાર રક્તદાન પણ કર્યું હોવાનું જણાવ્યું હતું. આમ, શિક્ષક પિતાના સંસ્કાર સાથે કરેલી ઉમદા કામગીરીની કદર કરી તેમને રાષ્ટ્રપતિ ચંદ્રક જાહેર કરાયો છે.

## કચ્છના ગામોના પીન કોડ નંબર

| ગામનું નામ | પીનકોડ | એકસરખા પીનકોડમાં આવરી લીધેલ ગામો |
|---|---|---|
| **અંજાર** | ૩૭૦ ૧૧૦ | કુંભારિયા, ખંભરા, જરૂ, રાપર, દેવળિયા, નયા અંજાર, નાંગલપુર, બીટા - વલાડિયા, મોડવદર, લાખાપુર, વરસામેડી, વાડા, વીરા, સતાપર, સીનુગા |
| **આદિપુર** | ૩૭૦ ૨૦૫ | અંતરજાળ, કિડાણા, નુણા, મથક, સંગડ, સીણાય |
| **આદેસર** | ૩૭૦ ૧૫૫ | ઉમાઈયા, કાનજોર, ખાંદેક, ધામીથલ, ટગા, પ્રાગપર, ભરૂડિયા, માખેલ, મોડા, મોમાયા, ભોરા, લાખાગઢ, વલ્લભપર, સણાવા, સુખપર, હમીપર |
| **આધોઇ** | ૩૭૦ ૧૩૫ | વામકા, હલરા |
| **ઉદયનગર** | ૩૭૦ ૨૦૩ | |
| **કપાયા** | ૩૭૦ ૪૧૫ | કારાઘોઘા, ગેલડા, ટોડા, દેશલપુર, પ્રાગપુર, બરાયા, બેરાજા, રામાણિયા, લાખાપુર, સમાઘોઘા |
| **કંડલા** | ૩૭૦ ૨૨૦ | |
| **કંડલા પોર્ટ** | ૩૭૦ ૨૧૦ | યુનાઈટેડ સોલ્ટ વર્કસ, કંડલા હાર્બર, |
| **કંડલા ફ્રી ટ્રેડ ઝોન** | ૩૭૦ ૨૧૦ | |

*દરેક ઘર એક વ્યક્તિ છે, એક કવિ જ કાબેલ છે. – અનિલ દવે ‘અનુ’*

| | | |
|---|---|---|
| **કાંડાગરા** | ૩૭૦ ૪૭૨ | |
| **કિડિયા નગર** | ૩૭૦ ૧૪૭ | |
| **કુકમા** | ૩૭૦ ૧૦૫ | અશ્રમચકાર, કાળી તલાવડી, કોટડા રોહા, ચપ્રેલી, નિંગાલ, પધર, રતનાલ, રોહા, લાખોંદ, સાપેરા, સગારિયા, હજાપર. |
| **કેરા** | ૩૭૦ ૪૩૦ | ગજોડ, ચુનડી, મેઘપર |
| **કોટડા** | ૩૭૦ ૬૦૫ | અંબારા, ઉગેડી, ઐયર, જડોદર, જીણજાય, દેશલપુર, નરા, મથલ, રતાડિયા, વિગોડી, હાજીપીર |
| **કોઠારા** | ૩૭૦ ૬૪૫ | આરીખાણા, ખીરસરા, ભાનાડા, ભાચુંડા, રવા, રાપર ગઢવારી, વારાપધ્ધર, વાંકુ, સાંયરા, સાંધવ |
| **કોડાય** | ૩૭૦ ૪૬૦ | |
| **ખાવડા** | ૩૭૦ ૫૧૦ | કુરણ, કુનરિયા, ખારી, ગોરેવાલી, જુણા, દીનાર, દુમડો, ધોરાવર, મીઠડો, ધોબાણા, બી.એસ.એફ. કેમ્પ, ભીરંડિયારા, મીસરીઆડો, રતડિયા, હોડકા |
| **ખેડોઇ** | ૩૭૦ ૧૩૦ | ચંદિયા, ચંદ્રોડા, ભાલોર, ભુવાર, મથડા, મિઠીઆડા, લોહારિયા, વરલી |
| **ખોંભડી** | ૩૭૦ ૬૭૦ | ઉખરડા, કાદિયા નાના, કાદિયા મોટા, ટોડિયા, રસલિયા |
| **ગડુલી (સિયોત)** | ૩૭૦ ૬૨૭ | કોણીઆણી, ગુનેરી, ગુહર મોટી, દયાપર, ધારેશી, નારાયણ સરોવર, પાનન્ધ્રો, કુલરા, મીઠીઆરી, મુધાણ, લખપત, લાખાપુર, સુભાષપુર, સિયોત |
| **ગઢડા ખડીર** | ૩૭૦ ૧૬૦ | કલ્યાપર, ગણેશપર, જનાણ, ધોળાવીરા |
| **ગઢશીશા** | ૩૭૦ ૪૪૫ | દરશડી, દેવપર, મઉ, મકડા, મોમાય મોરા, રાજપર, રામપર વેકરા, લુડવા, વડવા, વાડાસર, વિરાણી |
| **ગાગોદર** | ૩૭૦ ૧૪૬ | |
| **ગાંધીધામ** | ૩૭૦ ૨૦૧ | |
| **ગુંદાલા** | ૩૭૦ ૪૧૦ | કુંદરોડી, છસરા, બગડા, ભોરારા, મોખા, રતાડિયા, લૂણી, વડાલા, વાગુરા, વોયાર, હટડી |
| **ગુંદિયાળી** | ૩૭૦ ૪૪૫ | નાના ભાડિયા, મોટા ભાડિયા, બાડા |
| **ગોધરા** | ૩૭૦ ૪૫૦ | ઉનડોઠ, કાસેડિઆ મોટા, કોકલિયા, કોટડી મહાદેવપુરી, દેઢિયા, નાગ્રેચા, પોલડિયા, ભોજાય, વિંઢ, સાંભરાઈ, હાલાપર |
| **ગોપાલપુરી** | ૩૭૦ ૨૪૦ | ખારી રોહર, ગળપાદર, પડાણા, ભીમાસર, મીઠી રોહર |
| **ચોબારી** | ૩૭૦ ૧૪૧ | |
| **જખૌ** | ૩૭૦ ૬૪૦ | પરજાઉ, લાલા |
| **ઝરપરા** | ૩૭૦ ૪૦૬ | |
| **ડુમરા** | ૩૭૦ ૪૯૦ | ખીરસરા, મંજલ, રાયધણજર, લઠેડી, વરંડી મોટી, વરાડિયા, સુથરી, સાંધાણ, વિંઝાણ |
| **તેરા** | ૩૭૦ ૬૬૦ | કરાઈઆ, કાળતલાવ, મંગીયા, બારા મોટા, લાખણિયા, સુખપર |
| **દહીંસરા** | ૩૭૦ ૪૮૫ | કોજાચોરા, ગોડપર, ગોણિયાસર, ધૂણઈ, નાના આસંબીયા, પુનડી, વાંઢ, સરલી, મોટા આસંબીયા |
| **દુર્ગાપુર** | ૩૭૦ ૪૪૦ | |
| **નખત્રાણા** | ૩૭૦ ૬૧૫ | નારાણપર, રામપર, રોહા |
| **નલિયા** | ૩૭૦ ૬૫૫ | અકરી મોટી, આશાપર, ઐડા, કેવરું, ગોયલા, મોખરા, ચરોપરી મોટી, છસરા, છાદુરા, જસાપર, જગલિયા, પીપર, ફુલાય, બંદરા, બુટા, બેર, મોટી બેર, મોટી સુધડો, રામપર, વાયોર, સખપર |
| **નારાણપર** | ૩૭૦ ૪૨૯ | |
| **નેત્રા** | ૩૭૦ ૬૨૦ | ઉસ્તીયા, ખીરસરા, બાંઢિયા, લક્ષ્મીપર, રામપર |
| **પત્રી** | ૩૭૦ ૪૨૫ | કણજરા, રાપર, વાંકી |
| **પલાંસવા** | ૩૭૦ ૧૫૭ | |

*પ્રથમ તો દીવાલમાં ખીલી જરા મજબૂત ખુંતાડજો; પછી જ ઘરના આધાર સ્તંભની છબી ત્યાં લગાડજો. – પરેશ ગોંડલિયા*

| | | |
|---|---|---|
| **ફતેહગઢ** | ૩૭૦ ૧૫૬ | |
| **બળદિયા** | ૩૭૦ ૪૨૭ | ભારાપર, મોટા બંધારા, ટી.બી. સેનેટોરિયમ, વડઝર |
| **બીરા** | ૩૭૦ ૬૩૫ | ખાનાય, બાલાપર, ભારાપર, વમોટી નાની, વમોટી મોટી, હમીરપર |
| **બિદડા** | ૩૭૦ ૪૩૫ | ટુંડા, ડેપા, તુંબડી, નાની ખાખર, ફરાદી, મોટી ખાખર, સીરાયા |
| **ભચાઉ** | ૩૭૦ ૧૪૦ | આમરડી, કકરવા, કડોલ, કુંભારડી, ખારોઈ, ચીરી, છાડવાલા, નારા, બંધડી, મનફરા, માય, ભરૂડિયા, મેઘપર, રામપર, વિન્યાસર, વોંધડા, સિક્રા |
| **ભદ્રેશ્વર** | ૩૭૦ ૪૧૧ | |
| **ભીમાસર** | ૩૭૦ ૧૬૦ | પદમપુર |
| **ભુજ** | ૩૭૦ ૦૦૧ | કુનરિયા, કોડાય, ઝોકડી, ઝુરાણ, ઢોરી, ધ્રંગ, નાગોર, નિરોણા, બીબર, ભાગડિયા, મીરઝાપર, લોડાઇ, લોરીયા, વંગ, સુયરાસર, શેખ, હલાય |
| **ભુજ** (BSF) | ૩૭૦ ૦૧૫ | |
| **ભુજપુર** | ૩૭૦ ૪૦૫ | ઝરપરા, નવીનાળ, પ્રતાપુર |
| **મસ્કા** | ૩૭૦ ૪૭૧ | |
| **મંજલ** | ૩૭૦ ૬૧૦ | આનંદપર, આનંદસર, કલ્યાણપર, સાંયરા - જખ |
| **માધાપર** | ૩૭૦ ૦૨૦ | કડાઇયા, કોટડા, ખોખરા, ચાંદરાણી, જવાહર નગર, ડગાળા, દૂધઈ, ધાણેઠા, ધમડકા, નવાગામ, નાડાપા, બાનીઆરી, બુઠર, મોરા, ભુજોડી, મમુઆરા, રાપર-ખોખરા, સુખપર |
| **માનકુવા** | ૩૭૦ ૦૩૦ | કુરબાઈ, કોટડા રોહા, કોડકી, જિયાપર, નરેડી, ભારસર, ભીરાર, મંગવાણા, રોહા, વિભાપર, સણોસરા, સુખપર, સમુરાસર, જર |
| **માંડવી** | ૩૭૦ ૪૬૫ | કાઠડા, ડોણ, દુર્ગાપુર, નવાવાસ, નાંગલપુર, પ્યાકા, ભાડઈ મોટી, મંજલ, મેરાઉ, રતાડિયા મોટા, રાયણ મોટી, વાડા, સીરવા, શેરડી, સલાયા મોટા, સાંજી પડી |
| **મુંદ્રા** | ૩૭૦ ૪૨૧ | ધ્રબ, બારોઈ, સાડાઉ |
| **મોથારા** | ૩૭૦ ૬૫૦ | કનકપર, કંડાય, ખારુઆ, ચીયાસર, ધનવારા વાડા, નુંધાતડ, બાલાચોડ નાની, બાલાચોડ મોટી, બેરાચીયા, ભવાનીપર, હાજાપર |
| **રવાપર** | ૩૭૦ ૬૨૫ | કોટડા ગઢ, ગરની દયાપર, દોલતપર, પાનોલી, ભારાપર, મઠ, મેઘપર, વિરાણી, વાલ્કા મોટા, વિરાણી નાની, હરિપર |
| **રાપર** | ૩૭૦ ૧૬૫ | આનંદપર, અમરાપર, કલ્યાણપર, કંથકોટ, ખીરી, ખંગપર, ગેંડી, મરાવાલા, જેસડા, રીંડલવા, જખૌ, ડાભુડા, ડાયરી, દેશલપુર, નંદાસર, નીલપર, બેલા, બાદરગઢ, બલાસર, મઉંવાણા, રામવાવ, લોડાણી, વણોઇ, સુવણી, સહી, સેલારી |
| **લખપત** | ૩૭૦ ૬૩૦ | |
| **લાકડિયા** | ૩૭૦ ૧૪૫ | કુંભારિયા, ખોડાસર, ગાગોદર, ચિત્રોડા, થોરીઆરી, પેથાપર, બાદલપર, માણાબા, વલ્લભાપર, શિવલખા, સાંઘ |
| **લાયજા** | ૩૭૦ ૪૭૫ | ખીરસરા, નાના લાયજા, પાંચરિયા, બાડા, બાયઠ, બાંભડાઈ, ભીંસરા, માપર, વરાડિયા, વિંઝાણ |
| **લોરીઆ** | ૩૭૦ ૦૦૭ | |
| **વિથોણ** | ૩૭૦ ૪૬૫ | અંગિયા મોટા, દેવપર જખ, ધાવડા, નાના અંગિયા, ભડલી, સાંગનારા |
| **વિરાણી** | ૩૭૦ ૬૬૫ | અરાલ મોટી, જતાવીરા, દેવસર, નાની અરાલ, રતામિયા, લાખીયાર વીરા |
| **સામખિયારી** | ૩૭૦ ૧૫૦ | આંબલીયારા, ગરણાજંગી, લલીયાણી, વાંઠિયા, શિકારપર |
| **સુખપર** | ૩૭૦ ૦૪૦ | કોટડી, દેશલપર, રતિયા, સામત્રા |

**રજૂઆત : સંજુ ઠાકોર**

*શ્વાસ જીવનના આવ જા કરે, જાણે પરચૂરણના સિક્કા. – ભાવુક*

સ્વાસ્થ્ય

# 'આત્મહત્યા નિવારી શકાય છે'



ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

## ૧૦ સપ્ટેમ્બર : વૈશ્વિક આત્મહત્યા નિવારણ દિવસ

વિશ્વભરમાં ૧૦ સપ્ટેમ્બર વૈશ્વિક આત્મહત્યા નિવારણ દિવસ (10th September : World Suicide Prevention Day) તરીકે મનાય છે. આ દિવસે આરોગ્યને લગતા જાહેર કાર્યક્રમો યોજાય છે જેમાં આત્મહત્યા નિવારણ (suicide prevention) વિશે એક મનોવૈજ્ઞાનિક જાણકારી તથા આધુનિક સારવાર વિશે માહિતી આપવામાં આવે છે. સાથે સાથે આત્મહત્યા વિશેની ગેરસમજ તથા ભૂલભરેલી માન્યતાઓને દૂર કરવા પ્રયત્નો કરાય છે. આને લીધે આત્મહત્યા વિશેના વિચારો તથા પ્રયાસ કરનાર વ્યક્તિનું યોગ્ય, ત્વરીત નિદાન થઈ શકે તથા યોગ્ય આધુનિક સારવાર થઈ શકે તથા વ્યક્તિ ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે.

છેલ્લા થોડાક મહિનાઓથી આત્મહત્યાના કિસ્સાઓનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે. વર્તમાનપત્રોમાં લગભગ રોજ આત્મહત્યાના કિસ્સાઓની ખબર હોય છે. જાણીતી વ્યક્તિઓ પણ આત્મહત્યા કરવા પ્રેરાય છે. કાફે કોફી ડે ના માલિકનો કિસ્સો વર્તમાનપત્રોમાં ખૂબ ગાજયો હતો. **કચ્છી સમાજમાં પણ યુવાન વયે આત્મહત્યાના કિસ્સાઓ વધી ગયા છે.**

- **આત્મહત્યા વિશેના આંકડાઓ :**

ઇન્ટરનેશનલ એસોસિએશન ફોર સુઇસાઇડ પ્રિવેન્શન (International Association for Suicide Prevention) તરફથી બહાર પાડેલા ચોંકાવનારા આંકડાઓ નીચે મુજબ છે :

૧. **વિશ્વમાં દર વર્ષે ૮,૦૦,૦૦૦ લોકો આત્મહત્યા કરે છે.** એટલે કે રોજના ૨૨૦૦થી વધુ લોકો આત્મહત્યા કરે છે. દર ૪૦ સેકંડે એક વ્યક્તિ આત્મહત્યાને લીધે મૃત્યુ પામે છે. (આ લેખ વાંચવાનું પૂરું કરશો ત્યાં સુધીમાં વીસેક લોકોએ આત્મહત્યા કરી લીધી હશે.)

૨. મૃત્યુના પ્રથમ ૨૦ કારણોમાંનું એક કારણ આત્મહત્યાથી થતું મૃત્યુ છે (મોટાભાગના આત્મહત્યાના કિસ્સામાં સમયસરનું નિદાન તથા યોગ્ય સારવારથી આત્મહત્યા અટકાવી શકાય છે.)

૩. આનાથી વીસ ઘણા લોકો આત્મહત્યાનો પ્રયાસ (attempted suicide) કરે છે. સમયસરની સારવારથી આ વ્યક્તિઓ બચી જાય છે.

- **૨૦૧૯નું સૂત્ર :**

ઇન્ટરનેશનલ એસોસિએશન ફોર સુઇસાઇડ પ્રિવેન્શનનું વર્ષ ૨૦૧૯નું સુત્ર (theme) છે : "સાથે મળીને આત્મહત્યા નિવારણ માટે કામ કરીએ." (Working together to prevent suicide).

આત્મહત્યાનો પ્રશ્ન એક ગંભીર સમસ્યા છે. નિમ્નલિખિત ક્ષેત્રમાં સાથે સહયોગ કરી કાર્ય કરવાથી, પ્રયાસ કરવાથી સમસ્યાનું નિવારણ લાવી શકાય : (૧) વ્યક્તિગત ક્ષેત્ર, (૨) કૌટુંબિક ક્ષેત્ર, (૩) મેડિકલ તથા મનોવૈજ્ઞાનિક ક્ષેત્ર, (૪) સામાજિક ક્ષેત્ર, (૫) સરકારી ક્ષેત્ર.

- **મનોવૈજ્ઞાનિક ક્ષેત્ર :**

મરવાના વિચારો અને / અથવા આત્મહત્યાનો પ્રયાસ કરવો એ મનની (માનસિક) બીમારી છે.

મરવાના વિચારો આવવા અથવા / અને આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિ મનની (માનસિક) બીમારીથી પીડાય છે. એને પોઝીટીવ સહાનુભૂતિ તથા હુંફની જરૂરત છે. યોગ્ય નિદાન તથા મનોચિકિત્સકની સારવારથી એ વ્યક્તિ પૂર્વવત નોર્મલ થઈ ગુણવત્તાસભર જીવન જીવી શકે છે.

જેવી રીતે તાવ આવવો કે કમળો થવો એ શારીરિક નબળાઈ નથી પરંતુ શારીરિક બીમારી છે. તથા સારવાર બાદ વ્યક્તિ નોર્મલ થાય છે.

તેવી જ રીતે મરવાના વિચારો આવવા કે આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિની આ માનસિક નબળાઈ નથી પરંતુ મનની બીમારી છે. જેમ તાવ કે કમળા પર એ વ્યક્તિનો કાબૂ

*ડૂબે તો પાણીનો વાંક કાઢે છે, પડે તો પથ્થરનો વાંક કાઢે છે; માણસ પણ ખરો છે, કંઈ ના કરી શકે તો નસીબનો વાંક કાડે છે!*

નથી તેવી જ રીતે નકારાત્મક વિચારો પર મનની બીમારીથી પીડાતી વ્યક્તિનો કાબૂ નથી. મનોચિકિત્સક પાસે સમયસરનું યોગ્ય નિદાન કરી મનોચિકિત્સકની સારવાર દ્વારા વ્યક્તિને પૂર્વવત સાજો કરી શકાય છે અને પૂર્વવત પ્રમાણે ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે. પોતાની જવાબદારીઓ નિભાવી શકે છે.

મોટાભાગના આવા કિસ્સાઓમાં આત્મહત્યા અટકાવી શકાય છે (preventable).

- **કેસ સ્ટડી :**

મારા એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) મિત્રની સલાહથી એમના CA મિત્ર પોતાની પત્નીને લઇ અમને કન્સલ્ટ કરવા આવ્યા.

પર વર્ષના સરલાબેનને (નામ બદલ્યું છે) ખૂબ વિચારો આવતા હતા. નકારાત્મક વિચારો આવતા હતા. કામમાં મન લાગતું ન હતું. કામમાં ધ્યાન ઓછું થઈ ગયું હતું. વારંવાર રડવું આવતું હતું. ઊંઘ ઓછી થઈ ગઈ હતી. સવારના પરોઢિયે ઊંઘ વહેલી ઉડી જતી હતી. સ્ફૂર્તિ પણ ઓછી થઈ ગઈ હતી. ખૂબ થાક, નબળાઈ લાગતા હતા. ભૂખ ઓછી થઈ ગઈ હતી. વજન ત્રણેક કિલો ઓછું થયું હતું. નાની નજીવી બાબતોમાં ગુસ્સો આવી જતો હતો.

નકારાત્મક વિચારો આવતા હતા. અપરાધભાવના વિચારો આવતા હતા. "હું નિષ્ફળ શિક્ષિકા છું, મારો દીકરો નાપાસ થયો. હું નિષ્ફળ માતા છું. લોકો મારા વિશે શું અભિપ્રાય બાંધશે? હું સ્કુલમાં મોઢું બતાડવા લાયક નથી રહી." "આના કરતા મરી જવું સારું." છેલ્લા એકાદ અઠવાડિયાથી આત્મહત્યાના વિચારો વધી ગયા હતા. કેવી રીતે આત્મહત્યા કરવી એ વિશેના વિચારો આવતા હતા. આત્મહત્યા કરવાની પધ્ધતિઓ વિશે વાંચન કરતા હતા. સરલાબેને પતિના મિત્રની પત્ની જોડે આત્મહત્યાની પધ્ધતિઓ વિશે ચર્ચા કરી, જે પતિને ખબર પડી. આથી પતિ ચોંકી ગયા તથા કન્સલ્ટેશન માટે આવ્યા.

સરલાબેન શાળામાં પ્રિન્સિપાલ હતા. સાતમા સત્રમાં એન્જિનિયરીંગ અભ્યાસ કરતો એકનો એક પુત્ર નાપાસ થયો હતો. ત્યારબાદ ઉપરોક્ત લક્ષણો તથા વિચારોનું પ્રમાણ વધી ગયું હતું.

પતિએ સમજાવવાની ઘણી કોશિશ કરી કે દીકરો હોંશિયાર છે. અત્યાર સુધી દરેક પરીક્ષામાં ૯૦%થી વધારે ગુણાંક લાવ્યો છે. આ વખતે એક જ વિષયમાં ફક્ત ત્રણ ગુણાંકથી જ નાપાસ થયેલ છે. વધારે મહેનત કરી પાસ થશે. એ.ટી.કે.ટી. મળેલ છે, સત્ર બગડતું નથી. આપણે દીકરાને હિંમત આપવાની છે, હુંફ આપવાની છે.

સરલાબેનના મનના વિચારો ઓછા ન થયા. વિચારોએ એમનો કબજો લઈ લીધો. એકાદ અઠવાડિયાથી સ્કુલે ગયા ન હતા. રજા લીધી હતી.

- **નિદાન :**

આ એક 'હતાશાની બીમારી' (Depressive Disease)નો કેસ છે. હતાશાની બીમારીનું નિદાન લક્ષણો (માનસિક તથા શારીરિક) પરથી થાય છે. હતાશાની બીમારીની તીવ્રતા આ કિસ્સામાં વધારે હતી. મરવાના વિચારો તીવ્ર હતા. તથા આત્મહત્યાની પધ્ધતિ સુધી વિચારો પહોંચી ગયા હતા. મનોચિકિત્સાની રીતે આ એક તીવ્ર બીમારી છે. જેને માટે અરજન્ટ પગલા લેવાની ખૂબ જ આવશ્યક્તા હતી.

- **સારવાર :**

હતાશા પ્રતિરોધક દવાઓ ચાલુ કરી. સાથે ફેમિલી થેરાપી શરૂ કરી. પતિને અઠવાડિયા માટે પોતાના કામથી રજા લઇ સરલાબેનના સતત નિરીક્ષણમાં રાખવા સમજાવ્યું. દવાઓ પણ પતિને જાતે આપવા સમજાવ્યું. દીકરાના અભ્યાસ બાબત તથા અન્ય કોઈ લાગણીજન્ય વિષયો પર ચર્ચા કરવાની ના પાડી. સરલાબેનને સલાહ આપવાનું બંધ કરવા સમજાવ્યા. દીકરાને પણ સહકાર આપવા કાઉન્સેલિંગ કર્યું.

અઠવાડિયાની સારવારમાં લક્ષણોમાં ફેરફાર થયા. રડવાનું ઓછું થયું. ઊંઘ નોર્મલ થઈ. વિચારો ઓછા થયા. બીજા દસેક દિવસની સારવારમાં નોંધપાત્ર સુધારો થયો. મરવાના વિચારો બંધ થયા.

**હતાશાની બીમારીમાં જ્ઞાનતંતુઓમાં થયેલા રાસાયણિક ફેરફારો હતાશા પ્રતિરોધક દવાઓ દ્વારા નોર્મલ કરાય છે.** આ ન્યુરોટ્રાન્સમિટર્સ નોર્મલ થતાં મનના કાર્યો વ્યક્તિના કાબૂમાં આવે છે. સમજણ શક્તિ નોર્મલ થાય છે. ત્યારબાદ કાઉન્સેલિંગની સારવાર દવાઓ સાથે કરાય છે.

ત્રણેક મહિનાની સારવારમાં સરલાબેન પૂર્વવત કામકાજ તથા જવાબદારી સ્વીકારતા થઈ ગયા. એક કાઉન્સેલિંગના સેશનમાં સરલાબેને કહ્યું : "ડૉક્ટર તમારો આભાર. જો સારવાર ન થાત, તો હું ચોક્કસપણે આત્મહત્યા કરત."

- **મનોવિશ્લેષણ :**

ફક્ત બાહ્ય ઘટના કે પ્રસંગને લીધે હતાશાની બીમારી થતી હોય તો સરલાબેનના પતિને પણ હતાશાની બીમારી થવી જોઈએ. એમને હતાશાની લાગણી થયેલ. એમના રોજિંદા કામકાજ પર કોઈ અસર ન થયેલ. એમનામાં આ નકારાત્મક ઘટનાનો સામનો કરવાની માનસિક ઉર્જા હતી.

- **મનની પ્રતિકાર કરવાની શક્તિ :**

મનની પ્રતિકાર કરવાની શક્તિ નીચેના ત્રણ પરિબળો પર આધારિત છે. વ્યક્તિને માનસિક બીમારી થશે કે નહીં, એ આ ત્રણ પરિબળો પર આધારિત છે.

૧. **મગજના અવયવોની રચના તથા કાર્ય (Biological Factors) :** જેમાં આનુવંશિકતા, મગજના અલગ અલગ અવયવોનું બંધારણ તથા બાળપણમાં મેળવેલ પૌષ્ટિક આહાર મહત્ત્વનો ભાગ ભજવે છે.

૨. **વ્યક્તિત્વ (Psychological Temperament) :** સંવેદનશીલતા, અપેક્ષાઓ, મનથી બાંધછોડ કરવાની વૃત્તિ, યોગ્ય સમયે યોગ્ય પધ્ધતિથી "ના" પાડવાની સમર્થતા, સંવાદ કરવાની પધ્ધતિ (Communication Skills) મહત્ત્વના ઘટકો છે. માનસિક ઉછેર આ બધામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

3. **બાહ્ય પ્રસંગો :** તથા એ પ્રસંગો પ્રત્યે વ્યક્તિગત પ્રતિભાવ તથા પ્રતિક્રિયા અગત્યનું ત્રીજું પરિબળ છે.

મનની બીમારીના નિદાન તથા સારવાર માટે આ ત્રણેય પરિબળો વિશે જાણકારી મેળવવી જરૂરી છે. જેથી યોગ્ય વ્યક્તિગત સારવાર કરી શકાય. *(ક્રમશઃ)*

## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી

**(અનુસંધાન : પાના નં. – ૪૧ ઉપરથી ચાલુ)**

જેનો બીજો અર્થ થાય છે ચીડવવું. આ ચીડવવા કે સતામણી કરવાના સંદર્ભમાં તે ૧૮૮૫થી વપરાવા લાગ્યો. હેકલીંગ કરનારને હેકલર કહેવાય છે. જે અન્યને અણગમતા સવાલો પૂછી, પડકારો આપીને તેને મૂંઝવે છે, પરેશાન કરે છે, તેવી વ્યક્તિને હેકલર કહેવાય છે. આવા લોકો મોટેથી બૂમબરાડા પાડીને કોઈ ભાષણ કે કોઈ એન્કર સામે હલકી ટીપ્પણી કરતા હોય છે. જેથી બોલનાર વ્યક્તિને રૂકાવટ થાય અને તે મૂળ વાત ભૂલી જાય. આવું આપણે રોજ ટી.વી. ચેનલોને પેનલ ચર્ચાઓમાં પણ જોતા હોઈએ છીએ. હાલમાં જ ફ્લાઈટમાં સ્ટેન્ડ અપ કોમેડિયન કૃણાલ કામરા દ્વારા ટી.વી. એન્કર અર્નબ ગોસ્વામી ઉપર વિમાનની મુસાફરી દરમિયાન આપત્તિજનક ટીપ્પણી કરવામાં આવેલ. જેને કારણે એર ઇન્ડિયા અને ઇન્ડિગો દ્વારા કૃણાલ પર વિમાનમાં મુસાફરી કરવા માટે છ મહિનાના પ્રતિબંધ લગાવ્યા. આ શબ્દ હેકિંગ (hecking) જેવો લાગે છે પરંતુ હેકિંગ એટલે ચૂંથવું. જે લોકો ઇન્ટરનેટ દ્વારા તમારા કમ્પ્યુટર કે ફોનમાં ઘૂસીને તમારી માહિતી લઈ લે છે તેને હેકિંગ કહેવાય છે અને આવા લોકોને હેકર્સ કહેવાય છે. ■

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599
KCI
**KARMA**
**CHEMICAL INDUSTRIES**
Manufacturer of : BASIC DYES
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**
**• FACTORY •**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110
**• RESIDENCE •**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

*Mahalaxmi*
**INFRACONTRACT PVT. LTD.**
*Mining for Better Tomorrow*
**• CORPORATE OFFICE •**
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010**
**• REGD. OFFICE •**
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

*એક નફરત છે જે લોકો એક પળમાં સમજી જાય છે અને એક પ્રેમ છે, જેને સમજવામાં વર્ષો નીકળી જાય છે.*

તંદુરસ્તી

# આદુ

## કિમોથેરાપી કરતા આદુની અસર ૧૦,૦૦૦ ગણી વધુ!

રસોઇમાં આદુનો છૂટથી ઉપયોગ કરો. કેન્સર હોય તો આદુનું સેવન રોજ કરો. કેન્સરની દવા 'ટેક્સોલ' કરતા આદુના '૬-શોગાઓલ' નામનાં તત્ત્વમાં કેન્સર સામે લડવાની દસ હજાર ગણી ક્ષમતા છે.

ખાસ વાત એ છે કે, આદુ માત્ર કેન્સરના કોષો પર પ્રહાર કરે છે, સ્વસ્થ કોષો પર નહીં. કિમોથેરાપી કરતાં આદુની અસર ૧૦,૦૦૦ ગણી વધુ છે.

કેન્સર સામે લડવામાં હળદર બહુ ઉપયોગી છે એ તો બહુ જાણીતું તથ્ય છે. પણ હળદરના પિતરાઈ ભાઈ જેવા આદુના આ ગુણ વિશે હજુ તાજેતરમાં જ સંશોધન થયા છે. સંશોધનો દ્વારા પુરવાર થયું છે કે કેન્સરની કેટલીક પરંપરાગત દવાઓ કરતાં પણ આદુ વધુ અસરકારક રીતે કેન્સરની સારવાર કરી શકે છે. પરીક્ષણોમાં સાબિત થયું છે કે કિમોથેરાપી કરતાં આદુ દ્વારા કેન્સરની સારવાર કરવામાં આવે તો એ કિમોથેરાપી કરતાં દસ હજાર ગણી વધુ અસરકારક નીવડે છે અને કિમોથેરાપીની સરખામણીએ આદુનો ફાયદો એ છે કે આદુ માત્ર કેન્સરના કોષોને ખતમ કરે છે અને શરીરના ઉપયોગી કોષો પર આદુની કોઈ જ વિપરીત અસર થતી નથી.

આપણા રોજિંદા ખોરાકમાં આદુનો નિયમિત ઉપયોગ શરીરને તંદુરસ્ત અને સક્ષમ રાખવા માટે ખૂબ જ જરૂરી છે. આદુ, એ વિશ્વ ઔષધી ગણાય છે. સંસ્કૃત ભાષામાં એને આર્દ્રક કહે છે. શરીરને તાજુ-માજું લીલું રાખનાર એટલે કે કોષમાંથી કચરો બહાર કાઢવાની ક્રિયા (કેટાબોલીઝમ) અને કોષને રસથી ભરપૂર રાખી તાજો રાખનાર ક્રિયાનું અનાબોલીઝમ – આ બંને ક્રિયા આદુ કરે છે.

જમતા પહેલા આદુનો રસ પીવાથી ખૂબ ફાયદો થાય છે.

- ✦ મસાલામાં આદુ રાજા છે.
- ✦ જઠરાગ્નિ પ્રબળ બનાવે છે (દીપન છે.)
- ✦ ફેફસામાં કફના ઝાળા તોડી નાખે છે.
- ✦ જીભ અને ગળું નિર્મળ બનાવે છે.
- ✦ વધુ પ્રમાણમાં પેશાબ લાવે છે.
- ✦ છાતીમાંથી શરદી કાઢી નાખે છે.
- ✦ આમવાતના સોજા મટાડે છે.
- ✦ જાડાપણું (મેદસ્વિતા) મટાડે છે.
- ✦ કફ તોડે છે - વાયુનો કટ્ટર દુશ્મન છે.
- ✦ હૃદયરોગ મટાડનાર છે.
- ✦ તેના નિયમિત સેવનથી કેન્સર થતું નથી.
- ✦ પિત્તનું શમન કરે છે.
- ✦ આદુમાં ઉડીયન તેલ : ૩%

  તીખાશ : ૮%

  સ્ટાર્ચ : ૫૬%

  આદુ ગરમ છે તે વાત ખોટી છે.

**ઓર્ગેનિક અપનાવો, સ્વસ્થ જીવન જીવો.**

*(વૉટ્સ એપ ઉપરથી)*

***ડૉ. ભાલચંદ્ર હ. હાથી - ગાંધીનગર***

## આટલું જો કરી શકીએ...

- ★ બીજાઓના દોષ ન જોયા કરો અને તેમના સારા ગુણો જોવાનો પ્રયાસ કરો.
- ★ હંમેશાં તમારી પોતાની નબળાઈઓનો વિચાર કરતા રહો.
- ★ તમારી વાતચીતમાં તથા વિચારમાં બીજાઓ વિશે વધારે પડતા ટીકાખોર થવાનું ટાળો.
- ★ તમારા બધા કાર્યોની તેના ઉપયોગ અને હેતુ ઉપરથી કસોટી કરો. સૌથી વધારે મહત્ત્વનું કામ પ્રથમ હાથ પર લો. એ પછી મહત્ત્વના ક્રમે બીજા કામો કરો. કામ નાનું હોય છતાં તેને વિશે કદી બેદરકાર ન બનો.
- ★ બોલવામાં સંયમ રાખો અને જ્યારે બોલો ત્યારે વિનયી બનો અને સામાની લાગણીનો ખ્યા રાખો.
- ★ નિયમિતતા, સમયપાલન અને વચનપાલન વિશે યોગ્ય ધ્યાન આપો.
- ★ તમારા કામમાં પૂરો ઉત્સાહ અને આનંદ રેડો અને દરેક વિગત તરફ પૂરેપૂરું ધ્યાન કેન્દ્રિત કરો.

*ક્યાંક તડકો દેખાય તો કહેજોને... રૂ જેવી હલકી અને ભીંજાઈ ગયેલી ગેરસમજોને સૂકવવી છે!!*

સત્ય ઘટના

# પધ્ધરગઢ શિવાલયનું આગમન



પારુલ આર. પટેલ

હું જ્યારે અમદાવાદ કોલેજમાં ભણવા આવી ત્યારે હું કચ્છની હોવાને નાતે મારી પ્રથમથી જ ફ્રેન્ડશિપ વીણા કરીને છોકરી સાથે થઈ. અમારી ફ્રેન્ડશિપ આજદિન સુધી એવી ને એવી અતૂટ રહી છે. આ વીણા ત્યારે કોણ છે અને કેવા પરિવારમાંથી આવે છે તે ખ્યાલમાં ન હતું. પરંતુ એક વખત મારે સ્વસ્તિક ચાર રસ્તા પર વીણાના ઘરે વીણા સાથે જવાનું બન્યું. ત્યાં મેં એક બુઝુર્ગને બહાર બાલ્કનીમાં ખાટલા પર બેઠેલા જોયા. મેં તેમને પ્રણામ કર્યા અને વીણાની સામે પ્રશ્નભરી દૃષ્ટિથી જોયું. **તેણે ઓળખાણ આપી કે આ મારા દાદા 'દુલેરાય કારાણી' છે. તે બહુ જ મોટા લેખક અને કવિ છે.**

આ સાંભળી હું તો ખુશીની મારી ઉછળી જ પડી કારણકે મારા પિતાજી અખેરામ બાપા વારંવાર દુલેરાય કારાણીનો ઉલ્લેખ કરતા અને તેમના બનાવેલા દુહા અને કવિતાઓ મોઢે બોલતા. એટલે મારા માટે આ ખૂબ જ પરીચિત નામ હતું.

મારી તો ખુશીનો પાર ન રહ્યો. હું તો તેમના ચરણોમાં નમી પડી. વીણાએ હું કચ્છની છું, તે જણાવી મારી ઓળખાણ આપી. કારાણી દાદા તો મારી સાથે કચ્છીમાં વાત કરવા લાગ્યા. મારી તકલીફ એ હતી કે હું પૂરી રીતે કચ્છી બોલી શકતી ન હતી, પરંતુ સમજી બધું જ શકતી હતી. દાદાએ જાણ્યું કે હું કચ્છી સારી રીતે નથી બોલી શકતી, તો તેઓ મને ઠપકાપૂર્ણ રીતે કચ્છી બોલીમાં બોલ્યા કે, "તું કચ્છજી ધી થઈને કચ્છી નતી બુઝે. કચ્છી શીખી ગન, અનમેંજા શીખી ગન."

સાંભળીને મને થોડો ક્ષોભ થયો. તેમણે મને કચ્છીમાં લખેલ એક નાની સ્ટોરી બુક આપી. જે આજદિન પર્યંત મારી પાસે છે. હવે મુળ વાત પર આવું.

ત્યારે મારે અવારનવાર વીણાના ઘરે દાદાને મળવા જવાનું બનતું. ત્યારે કારાણીદાદા અમને કચ્છના ગૌરવપૂર્ણ ઈતિહાસની વાત કરતા ત્યારે તેમની કહેલી બે વાર્તાઓ કે જે સત્યઘટના અને પુરાવા સાથે આજે પણ જોવા મળે છે, તેની વાતો તમારી સાથે કરવાની છું.

દેશલપર અને જખબૌંતેરાની વચ્ચે આવેલ પુંઅરેશ્વર મહાદેવનું દેરું આજે પણ તુટફુટ હાલતમાં પૂજાય છે. મારે નખત્રાણા કોર્ટમાં કેસ અર્થે જવાનું બને છે અને આ પુંઅરેશ્વરના દહેરા વિશે કાંઈક વધુ માહિતી મળે તે આશયથી બે-ત્રણ વખત તે જોવા અમે પરિવાર સાથે ગયા. ખાસ માહિતી ન મળી પરંતુ મને દુલેરાય કારાણી દાદા પાસેથી સાંભળેલી વાતો થોડી થોડી યાદ હતી અને મને તેમણે લખેલ "કચ્છ કલાધર" નામનું પુસ્તક મળ્યું. તેમાં તેમણે કરેલ વાત અને લખેલ વાતનો તાળો મળી ગયો અને ક્યારે આ દહેરું આવ્યું અને તેની સંપૂર્ણ વિગતો મને પુરાવા સાથે મળી.

મેં જાત તપાસ શરૂ કરી. દહેરું અને તેને ફરતે વિશાળ તુટફુટ થયેલા ગઢ વિશે માહિતી એકઠી કરવા લાગી. એટલા મોટા માટીના વિશાળ પાળાને અને તેને ઢાંકતા બાવળિયાઓ વચ્ચે ઘુસીને મારો ડ્રાઈવર શૈલેષ, મારા પતિ આર.કે. પટેલ, મારો પુત્ર આનંદ વગેરે સૌએ તૂટેલા ગઢના કાંગરાઓ અને તેના અવશેષોને ઉથલાવી, જોવા લાગ્યા. એટલી તો મોટી મોટી ઈંટો કહો કે પથ્થરો, જે એક સરખા ઘડેલા જોવા મળ્યા અને વધુ અંદર જતાં એક મોટા ઉંચા પ્લેટફોર્મ પર ઉભેલા પધ્ધરગઢ નજરે પડ્યો. તે પણ તુટફુટ હાલતમાં છે. પરંતુ તેની ઉંચી મેડી અને નીચી મેડીના અવશેષો અને વિશાળ દીવાલો તેના ઉપરના પથ્થરોમાં કોતરેલ ચિત્રો વગેરે નજરે પડ્યા. જેને ગુજરાત સરકાર દ્વારા આરક્ષિત કરવામાં આવેલા છે. પહેલા તો ત્યાં મિલીટરીના માણસો કે સિક્યોરીટી રાખવામાં આવેલ પરંતુ અત્યારે તેમના માટે બનાવેલા મકાનોમાં રખડતા લોકો અને સાધુ રહે છે. તે લોકોને કંઈક વિગત પૂછો તો તોછડાઈથી જવાબ આપી, ભગાડવાની વાતો કરે છે. અમે ખૂબ જ નીડરતાથી તેમને ધમકાવ્યા અને તેમને થોડા ડરાવ્યા પણ ખરા. ત્યારે અમને ત્યાં બધું જોવામાં ખલેલ ન પહોંચાડી.

આ પુંઅરેશ્વરનું દહેરું, તેનો ઈતિહાસ શું છે? તો પુંઅરાગઢ કે પધ્ધરગઢનો ઈતિહાસ શું છે? તેનો લાંબો ઈતિહાસ છે. પરંતુ ખૂબ જ રસપ્રદ અને દરેકને જાણવા જેવો છે. ધરતીકંપ પહેલાં ત્યાંથી પસાર થતી દરેક બસનો ડ્રાઈવર અને પેસેન્જરો ત્યાં દર્શન કરીને જ આગળ વધતા. પ્રથમ

પુંઅરેશ્વર મહાદેવના દહેરા વિશે આપને જણાવું કે,

થરપારકરના રાણા ચાંદનું રાજ કોરાકટના રાજ્યથી ઘણે જ દૂર હતું. પરંતુ કોરાકટના રાજા જામ લાખા ફુલાણી જ્યારે કચ્છના અન્ય પ્રદેશો જોવા માટે નીકળેલ ત્યારે તેણે રાજા ચાંદના રાજ્યનો પ્રદેશ, જે ખૂબ જ હરિયાળો અને સમૃધ્ધ હતો, તે જોઈને થરપારકર રાજ્ય પર ચડાઇ કરીને તેને જીત્યો અને રાજા ચાંદને હરાવ્યો. રાજા ચાંદ ખૂબ જ શાંતિપ્રિય અને ધાર્મિક સ્વભાવનો હતો. તેણે સમયને પારખી પોતાની કુંવરીને જામ લાખા ફુલાણીના ભત્રીજા સાથે લગ્ન કરવા તૈયાર થયો. રાણા જામનો ભત્રીજો એટલે પધ્ધરગઢનો ધણી પુંઅરો જામ.

રાણો ચાંદ શિવભક્ત હતો. તે સવાર-સાંજ પોતાનો મોટાભાગનો સમય શંખેશ્વર મહાદેવના પૂજન કાર્યમાં વ્યતીત કરતો. તેમ તેની કુંવરી પણ ભગવાન શિવની પરમ ઉપાસક હતી. તે કુંવરીને એવી ટેક હતી કે ભગવાન શંકરનું પૂજન કર્યા પછી જ ભોજન લેવું. આમ બંને પિતા પુત્રી શંકર ભગવાનની સેવામાં જ નિમગ્ન રહેતા.

જામ પુંઅરા સાથે આ કુંવરીના લગ્ન કરવાનું નક્કી થતાં તૈયારીઓ ચાલવા લાગી. હવે લગ્ન તો નક્કી કર્યા પરંતુ કુંવરીની ટેક હતી કે ભગવાન શંકરની પૂજા કર્યા પછી જ ભોજન કરવું અને તે પણ આ શંખેશ્વર મહાદેવમાં જ પૂજન કરવું તેવી ટેક હતી અને પોતાના ઈષ્ટદેવના મંદિરથી જરા પણ દૂર થવા તૈયાર ન હતી. તે માનતી હતી કે મારા ઈષ્ટદેવથી દૂર થવા કરતાં મરી જવું વધારે સારું. રાજા ચાંદ પુત્રીની ટેકને લઈને ખૂબ જ વ્યથિત હતા. તેઓ પુંઅરાનો ભયંકર ખોફ વહોરવા તૈયાર ન હતા અને દીકરીની ટેક તોડવા પણ તૈયાર ન હતા. તેઓ પોતાની પુત્રી માટે કાંઈ પણ કરવા તૈયાર હતા. અનેક વિચારોને અંતે કોઈ ઉપાય ન સુઝતાં રાજા ચાંદ ભગવાન શિવની ઉપર કમળ પૂજા કરવા તૈયાર થયા. રાજા ચાંદ તલવાર પોતાના હાથમાં લઇ પોતાની ગરદન પર ઘા કરવા ગયા કે તરત જ મહાદેવ પ્રસન્ન થયા. ભગવાને પોતે જ જણાવ્યું તેઓ તેમની પુત્રીથી પ્રસન્ન છે અને તેમણે પુત્રી સાથે પધ્ધરગઢ જવાનું વચન આપ્યું. પરંતુ શરત એટલી કે તેણે પાછળ આવતા મારા દહેરાને પાછળ વળીને જોવાનું નહીં. આ સાંભળી રાણા ચાંદની ચિંતા દૂર થઈ. આ વાત તેણે કુંવરીને જણાવી. કુંવરી પણ અત્યંત ખુશ થઈ. કુંવરીના આણાની તૈયારી કરીને તેને વિદાય આપવામાં આવી અને પધ્ધરગઢ તરફ ચાલવા લાગ્યા. આગળ વેલ અને પાછળ દહેરું ચાલવા લાગ્યા. સવારે વેલ પધ્ધરગઢના દરવાજે આવી પહોંચી ત્યારે એક દાસીએ શંકા વ્યક્ત કરતાં કુંવરીને જણાવ્યું કે પધ્ધરગઢનો દરવાજો તો નાનકડો દેખાય છે અને આપણું દહેરું તો તેનાથી ઘણું જ મોટું દેખાય છે. તો તે દરવાજામાંથી કેમ કરીને અંદર દાખલ થશે? દાસીની આ વાત સાંભળીને કુંવરીએ વેલનો પડદો ઊંચો કરી પાછળ દૃષ્ટિપાત કર્યો અને તે જ વખતે પધ્ધરગઢના દરવાજા બહાર જ દહેરું અટકી ગયું. **એ દહેરું આજે પણ હજાર વર્ષની ભવ્ય ગાથાનું દર્શન કરાવતું પધ્ધરગઢના ખખડી ગયેલા દરવાજા બહાર જીર્ણ સ્થિતિમાં ઉભું છે.** ભુજથી નખત્રાણા જતા આવતા સૌ કોઈએ આ જોયું હશે. **પધ્ધરગઢ મંજલથી થોડે દૂર જખની કકડભટ્ટી પાસે તૂટેલી ફૂટેલી હાલતમાં જોવા મળે છે.** ગઢની પૂર્વ તરફ શિવાલય છે.

પધ્ધરગઢની હવે પછી વિગતવાર વાત કરીશ.

*મો. ૯૭૩૭૪ ૭૩૪૪૪*

## પરીક્ષા વાલીની છે કે વિદ્યાર્થીની?

**(અનુસંધાન : પાના નં. – ૨૨ ઉપરથી ચાલુ)**

વાલીઓની એક જ ચર્ચા કે આખું વર્ષ વાંચ્યું નહીં, પછી પેપર અઘરું જ લાગે ને? અથવા તો શિક્ષક પર તૂટી પડશે કે આવું તો કાંઈ પેપર કઢાતું હશે? વર્ગમાં ભણાવતા જ નથી વગેરે.

પરીક્ષા અગાઉના કેટલાક દિવસ વાલી ઓફિસમાંથી રજા લઇને વિદ્યાર્થીની સામે સતત હાજર રહે છે. વિદ્યાર્થી કરતાં તેના વાલી વધારે ઉજાગરા કરે છે. આ બધી બાબતની અસર વિદ્યાર્થી પર પડ્યા વિના રહેતી નથી. જેથી અપરિપક્વ ગણાતો વિદ્યાર્થી ઝડપથી દબાણ અનુભવવા લાગે છે. ત્યારે જ તેના મનમાં થાય છે કે મમ્મી-પપ્પાની ઇચ્છા મુજબનું પરિણામ આવશે કે કેમ? આ દબાણ દિવસે દિવસે વધતું જાય છે. જે પરીક્ષાની આગલી રાત્રે વિશેષ જોવા મળે છે. આવા સમયે વાલી પાછા વિદ્યાર્થીને સલાહ આપે છે કે, ગભરાવવાનું નહીં, હિંમત રાખ વગેરે. અરે ભાઇ! તમારામાં હિંમત હતી? જો તમે જ હિંમત હારી ગયા છો તો પછી તમારું બાળક પણ હિંમત હારી જવાનું જ છે. શાળાના દરવાજા સુધી મૂકવા જનારા અને પરીક્ષા પૂરી થઈ ગયા પછી બહાર નીકળતાં વિદ્યાર્થીને શરબતની બોટલ ધરનાર વાલીના આ વર્તનો જ વિદ્યાર્થીને દબાણયુક્ત બનાવે છે. ટૂંકમાં, આજનો વાલી પરીક્ષાર્થી બની ગયો છે. તેમનું બાલક ગમે તે ભોગે અશક્યને પણ શક્ય બનાવીને પરીક્ષામાં ઊંચું પરિણામ મેળવે તે જ તેમનો હેતુ હોય છે. જે વિદ્યાર્થીને ડિપ્રેશન કે ટેન્શનમાં લાવી મૂકે છે. વાલીઓ પોતાના સંતાનોના મિત્ર બનો, નહીં કે દબાણકારી વાલી, તેવી મારી એક શિક્ષક તરીકેની સૌને વિનંતી છે. શિક્ષક પણ વાલીઓને સમજાવવાની કોશિશ કરે. ટ્યુશનિયા શિક્ષકોની વાતમાં આવીને વાલીઓ પોતાના બાળકને માર્કસનું મશીન ના બનાવે તેવી મારી અપીલ છે. ■

*શિયાળો એટલે સતત કોઈની 'હૂંફ' ઈચ્છતી એક પાગલ ઋતુ.*

ફિલ્મ

# ગ્રેટ શો મેન : રાજ કપૂર

## 'યે શો હૈ સિર્ફ તીન ઘંટે કા'

નિર્માતા - દિગ્દર્શક રાજ કપૂરની વાત કરવા બેસીએ ત્યારે અભિનેતા રાજ કપૂરને સાવ અવગણી ના શકીએ એટલું માતબર કામ એમણે કર્યું છે. સાદી ભાષામાં આપણા ચાર્લી ચેપ્લિન ગણાતા રાજ કપૂર ૧૯૪૮માં રીલીઝ થયેલી ફિલ્મ 'અમર પ્રેમ' સુધી માત્ર એક્ટર તરીકે ઝળક્યા. ૧૯૪૮માં જ આવેલી 'આગ'થી નિર્માતા, દિગ્દર્શક અને અભિનેતાનો શરૂ થયો ટ્રીપલ રોલ. ત્યારબાદ બરસાત (૧૯૪૯), આવારા (૧૯૫૧), આહ (૧૯૫૩) અને શ્રી ૪૨૦ (૧૯૫૫) જેવી ફિલ્મોએ રાજ કપૂરને એક ફિલ્મમેકર તરીકે સાતમા આસમાને મૂકી દીધા. માત્ર ભારતમાં જ નહીં પણ વિદેશમાં પણ એમના નામના ડંકા વાગવા લાગ્યા. જોકે 'આહ'માં તેઓ માત્ર અભિનેતા અને નિર્માતા હતા. દિગ્દર્શન રાજા નવાથેનું હતું. સમીક્ષકોના માટે 'બરસાત' ફિલ્મથી હિંદી ચલચિત્રોમાં રોમાન્સનો એક અલગ દોર શરૂ થયો. ખુદ રાજ કપૂરે જ કહ્યું હતું કે 'પ્રેક્ષકો પડદા પર જે પ્રેમકહાની જોતા હોય એ એમના હૃદયમાં પણ અવતરવી જોઈએ.' અને આ બાબતે એમણે પ્રેક્ષકોનો ખ્યાલ જરૂર રાખ્યો. આ દોરની એક રમણીય વાત એ છે કે રાજ-નરગીસની જોડી લોકોના દિલો દિમાગમાં વસી ગઈ. આર.કે. ફિલ્મ્સની આગ, આવારા, બરસાત, આહ, શ્રી ૪૨૦, જાગતે રહો ઉપરાંત અન્ય બેનરની ફિલ્મો પણ એમણે સાથે કરી. 'જાગતે રહો' પછી રાજ-નરગીસની જોડી ફરી ક્યારેય સાથે જોવા ના મળી. જો કે 'જાગતે રહો'માં નરગીસનો રોલ સાવ નાનો પણ ખૂબ અસરકારક હતો. પાણી માટે આખી રાત વલખા મારતા રાજ કપૂરને નરગીસ ફિલ્મના અંતમાં પડદા પર પાણી પીવડાવી એની તરસ છીપાવે છે. પણ ફિલ્મ પૂરી થયા પછી નરગીસ પડદા પર અને પડદા બહાર રાજ કપૂરનો સાથ છોડી દેતા જાણે રાજ કપૂરના જીવનમાં એક નવી તરસ જન્મ લે છે. રાજ કપૂર સાથે 'આવારા'થી 'રામ તેરી ગંગા મૈલી' સુધી એક સિનેમેટોગ્રાફર તરીકે કામ કરનાર રાધુ કરમાકરે એમની આત્મકથામાં નોંધ્યું છે કે જ્યારે ફિલ્મ 'જાગતે રહો'નો નાનકડો રોલ કરી નરગીસે આર.કે. ફિલ્મ્સ સાથે છેડો ફાડ્યો ત્યારે રાજ કપૂર ભાંગી પડ્યા હતા. નરગીસ જતી રહી એ વાત તેઓ સહન ના કરી શક્યા. જાણે એમનું હૃદય ખાલીખમ થઈ ગયું હોય એવું લાગતું હતું. 'આગ'થી નરગીસ જ એમની પ્રેરણા હતી અને પછી એમના વિના બધું અધુરું લાગતું હતું. આ ખાલીપો કેટલો તીવ્ર હતો એનો ખ્યાલ ૧૯૫૭થી ૧૯૬૮ની એમની ફિલ્મ કારકિર્દી પર નજર નાખતા આવે છે. આ ૧૧ વર્ષમાં એમણે માત્ર ત્રણ જ ફિલ્મોનું નિર્માણ કર્યું અને દિગ્દર્શન તો માત્ર 'સંગમ' (૧૯૬૪)માં જ કર્યું. ૧૯૫૭માં આવેલી 'અબ દિલ્લી દૂર નહીં' તો નરગીસથી છૂટા પડ્યા પહેલા જ પ્લાન થઈ ગઈ હતી. એટલે મેકર તરીકે ઈન્વોલ્વમેન્ટ માત્ર 'સંગમ' અને 'જીસ દેશ મેં ગંગા બહતી હૈ' (૧૯૬૦) જેનું દિગ્દર્શન રાધુ કરમાકરે કર્યું હતું. એક ફિલ્મમેકર તરીકેના પેશનમાં ઓટ આવી ગઈ હતી. જો કે 'સંગમ' ખાસ્સી સફળ રહી અને એ એમની પહેલી કલર ફિલ્મ હતી. કલર ફિલ્મના નિર્માણ અને એના મેકિંગના પગલે જાણે જીવનમાં રંગો સંચર્યા હોય એમ તેઓ થોડા વધુ સક્રિય થયા. વર્ષોની મહેનત અને પુષ્કળ પૈસા ખર્ચીને બનાવેલી 'મેરા નામ જોકર' (૧૯૭૦) જ્યારે બોક્સ ઑફિસ પર ફ્લોપ થઈ ત્યારે લોકોને હસાવવા મથતા પડદા પરના 'જોકર'ને રીયલ લાઈફમાં રડવાનો વારો આવ્યો. અલબત્ત તેઓ બમણા આવેશથી એક ટીનએજર લવસ્ટોરી સાથે પાછા ફર્યા અને ફિલ્મ 'બોબી' (૧૯૭૩)એ દેશભરમાં ધૂમ મચાવી અને તેમનું બેંક બેલેન્સ પણ તગડું કરી નાખ્યું. ત્યારબાદ ૧૯૭૮માં 'સત્યમ શિવમ સુંદરમ્', ૧૯૮૨માં 'પ્રેમરોગ' અને ૧૯૮૫માં 'રામ તેરી ગંગા મૈલી'ના નિર્માણ, દિગ્દર્શન અને સંકલનની એમ ત્રિવિધ જવાબદારી નિભાવી. પણ પહેલાના રાજ કપૂર ફુલ ફોર્મમાં ક્યાંય નજરે ન પડ્યા. કેટલાક ફિલ્મ ફેર અને જૂજ નેશનલ ઍવોર્ડ મેળવનાર રાજ કપૂરને ૧૯૮૭માં સિનેમાનો સર્વોચ્ચ ગણાતો દાદાસાહેબ ફાળકે ઍવોર્ડ મળ્યો અને બીજી જૂન ૧૯૮૮ના દિવસે જીવનના રંગમંચ પરથી એમણે આખરી એક્ઝીટ મારી.

ભારતીય ફિલ્મ ઈતિહાસના 'ગ્રેટેસ્ટ શોમેન' તરીકે પંકાયેલા રાજ કપૂરની ઓળખ એક ફિલ્મ મેકરની છે. એક એવા ફિલ્મ મેકર, જેમને ફિલ્મના સૌથી મહત્ત્વના મનાતા દિગ્દર્શનના પાસા ઉપરાંત ફિલ્મના નિર્માણ, કથા-પટકથા, સંગીત, સંકલન જેવા પણ મહત્ત્વના પાસાઓની પણ ઊંડી સમજ અને જ્ઞાન હતા. એમની સાથે વિવિધ તબક્કે કામ કરનારી વ્યક્તિઓએ આ વાતનો ખુલાસો કર્યો છે જે જાણવા જેવી છે.

એ તો બધા જાણતા જ હશે કે રાજ કપૂરને સંગીતમાં રૂચિ હતી અને કિશોરાવસ્થામાં સંગીતના ક્ષેત્રમાં નામ કમાવાની ઈચ્છા પણ થઈ હતી. એમને કેટલાક વાજીંત્રો વગાડવાનો મહાવરો પણ હતો. સૂર - તાલની સમજ હતી. એટલું જ નહીં, પણ ગીત કઈ રીતે રજૂ થવું જોઈએ એ વિશે પણ એમના ચોક્કસ ખ્યાલો હતો.

*મળીએ ત્યારે આંખમાં હરખ અને અલગ પડતી વેળા આંખમાં થોડી ઝાકળ.*

મન્ના ડે ના સંદર્ભમાં એમના બે કિસ્સા રાજ કપૂરની સંગીતની સમજ વિશે ઘણું કહી જાય છે. સૌથી મહત્ત્વની વાત એ કે ખુદ મન્ના ડે એ આ પ્રસંગો કહ્યા છે એટલે એમાં બીજી કોઈ પણ દલીલને અવકાશ નથી રહેતો.

પહેલી વાત છે ફિલ્મ ‘બૂટ પોલીશ’ની. જેમાં અભિનેતા ડેવિડ પર ચિત્રિત થયેલા ગીત ‘લપક ઝપક તુ આ રે બદરવા’ ગીતનો કિસ્સો છે. મન્ના ડે જેમાં માહેર હતા એવું અસ્સલ શાસ્ત્રીય ગીત હતું. શંકર-જયકિશને સ્વરબધ્ધ કરેલા આ ગીતમાં પડદા પર ડેવિડ હતા પણ સાથે ભૂદો અડવાણી નામના કલાકારને અપાયેલા પ્લેબેકમાં શાસ્ત્રીય ઢબથી થોડાક ભાગની રજૂઆત કરવાની હતી અને એ ભાગ મન્ના ડે ના સ્વર સાથે આવતો હોવાથી બીજા એક કાબેલ ગાયકની જરૂર ઊભી થઈ. રેકોર્ડિંગનો સમય થઈ ગયો હતો પણ ભૂદો અડવાણીવાળા સંગીતના ટુકડા માટે યોગ્ય ગાયક મળી શક્યો ના હોવાથી અને એ તરજમાં શંકર - જયકિશન તેમજ રાજ કપૂર કોઈ પણ ફેરફાર કરવા તૈયાર ના હોવાથી બધા તનાવમાં આવી ગયા હતા. વાત રાજ કપૂર સુધી પહોંચી અને એમણે તાબડતોબ કહી દીધું કે તમે રેકોર્ડિંગની તૈયારી કરો, ગાયકની ગોઠવણી થઈ જશે. જો કે કેવી રીતે? એનો એમણે ફોડ પાડ્યો નહીં. તરત વ્યવસ્થા કઈ રીતે થશે એવા પ્રશ્નાર્થ સાથે બધા એકબીજા સામે તાકી રહ્યા. તૈયારીઓ થઈ ગઈ એટલે રાજ સા'બને કહેણ ગયું અને તેઓ આવ્યા એટલે મન્ના ડે એ હળવેકથી પૂછ્યું કે રાજજી, વો હિસ્સા કૌન ગાયેગા? તરત રાજજી રેકોર્ડિંગ રૂમમાં દાખલ થયા અને બોલ્યા કે ‘હું, બીજું કોણ?’ બધા એકબીજા સામે તાકી રહ્યા. પણ પછી રાજ કપૂરે સહજતાથી એ ભાગની રજૂઆત એવી પ્રભાવીપણે કરી કે બધા મોંમાં આંગળા નાખી ગયા અને ગીત પૂરું થતા મન્ના ડે એ રાજજીને રીતસર સલામ કરી.

બીજો કિસ્સો છે ફિલ્મ ‘શ્રી ૪૨૦’ના ગીત ‘દિલકા હાલ સુને દિલવાલા...’નો. આ આખી વાત મન્ના ડે ના શબ્દોમાં જ માણીએ. *“જ્યારે મને કહેવામાં આવ્યું કે મારે રાજ કપૂર માટે ગાવાનું છે ત્યારે તો મારા આનંદની કોઈ સીમા જ ના રહી. ત્યારે તેમનો સિતારો બુલંદીમાં હતો અને મારી ઓળખ પણ એક કાબેલ શાસ્ત્રીય ગાયક તરીકેની બની ગઈ હતી. એટલે રીહર્સલ કર્યા પછી એ સાંભળવા રાજજી આવવાના છે એની જાણ થતા એમને ઈમ્પ્રેસ કરવા મેં મારી ક્લાસિકલ સંગીતની બધી આવડત કામે લગાડવાનું નક્કી કર્યું. રાજજી આવ્યા અને એ ગીતની તર્જને વફાદાર રહી એક સિદ્ધહસ્ત શાસ્ત્રીય ગાયકની શૈલીથી ગીત રજૂ કર્યું એ આશા સાથે કે ગીત પૂરું થતા જ રાજજી મને ભેટી પડી શાબ્બાશી આપશે. પણ મેં શું જોયું? રાજજીના ચહેરા પર કોઈ હાવભાવ નહીં. ઊભા થઈ મારી પાસે આવ્યા અને મને કહ્યું કે તુમને અચ્છા ગાયા લેકિન ઈસ ગીત કે બોલ ક્યા હૈં? મેં કહ્યું, ‘દિલ કા હાલ સુને દિલવાલા... સીધી સી બાત ના મિર્ચ મસાલા.’ તરત તેઓ બોલ્યા કે, હાં યે ગીત એક સીધેસાદે આદમી કા હૈ. તો ઈસલિયે ઈસે સીધેસાદે ઢંગસે હી પેશ કરના ચાહિયે. ઈસમેં મિર્ચ મસાલા ડાલનેકી જરૂરત નહીં. હું તરત સમજી ગયો કે એમનો ઈશારો મેં ગીતમાં ઉમેરેલી શાસ્ત્રીય ઢબની રજૂઆત તરફ હતો. ફરી રીહર્સલ થયા અને એ રેકોર્ડ થયેલું એ ગીત સાંભળતી વખતે કર્ણપ્રિય તો લાગે જ છે પણ એ એક સીધાસાદા માણસનું ગીત પણ લાગે છે. એ દિવસે સંગીતનો એક મહત્ત્વનો પાઠ હું ભણ્યો.”*

ફિલ્મ મેકિંગના અન્ય પાસાઓમાં એમની કેટલી ઊંડી સમજ હતી એ માટે ‘રામ તેરી ગંગા મૈલી’ના બે વાત મમળાવવા જેવી છે. ફિલ્મની હિરોઈન હતી મંદાકિની. ૧૯૮૫થી ૧૯૯૬ દરમિયાન એણે ચાલીસેક ફિલ્મો કરી હતી. પણ જો મંદાકિનીની ફિલ્મો કઈ કઈ, એ વિશે પૂછવામાં આવે તો મોટાભાગના લોકોનો જવાબ ‘રામ તેરી ગંગા મૈલી’થી શરૂ થઈ ‘રામ તેરી ગંગા મૈલી’ પર જ પૂરો થઈ જાય. આ હતી રાજ કપૂરની કમાલ. એક અભિનેતાને ઓળખ અપાવી શકનાર દિગ્દર્શક. આ ઉપરાંત હસરત જયપુરીએ ખુદ કબૂલ્યું છે કે એમણે પોતે લખેલા ‘રામ તેરી ગંગા મૈલી’ના અત્યંત લોકપ્રિય થયેલા ગીત ‘સુન સાહ્યબા સુન, પ્યાર કી ધૂન, મૈંને તુજે ચુન લીયા, તુ ભી મુજે ચુન...’ એ ગીતમાં જે સુન સાહ્યબા સુન શબ્દો છે એના રચયિતા બીજું કોઈ નહીં પણ ખુદ રાજ કપૂર છે. ખુદ રાજ કપૂર જ્યારે આ ગીતના સંદર્ભમાં હસરતજીને મળ્યા ત્યારે આ મુખડું રજૂ કરી એના પર આગળ ગીત લખવાનું સૂચન કર્યું હતું. સૌ જાણે છે કે ‘સુન સાહ્યબા સુન’ એ ત્રણ શબ્દો કેવા ગૂંજ્યા હતા અને આજે પણ એ ગીત કે એ ફિલ્મની વાત નીકળે તો પહેલા ‘સુન સાહ્યબા સુન’ જ હોઠ પર આવી જાય. એમની સાથે મુખ્યત્વે પબ્લિસિટી સાથે સંકળાયેલા અને થોડું ઘણું ફિલ્મો માટે લેખન કરનાર વી.પી. સાઠેએ પણ કહ્યું છે કે ફિલ્મની કથા - પટકથાના લેખનમાં એમના મહત્ત્વના સૂચનો રહેતા અને એનાથી ફિલ્મોને ફાયદો થયો હોય એવા ઘણા પ્રસંગો પણ છે.

એકંદરે રાજ કપૂર માત્ર એક કાબેલ દિગ્દર્શક જ નહીં પણ એક સિધ્ધહસ્ત ફિલ્મ મેકર હતા એ આના પરથી જરૂર સિધ્ધ થાય છે.

***અને છેલ્લે...***


| | |
|---|---|
| પ્રથમ ચરણ | : ૧૯૪૮થી ૧૯૫૬<br>‘આગ’થી ‘જાગતે રહો.’ |
| દ્વિતીય ચરણ | : ૧૯૫૭થી ૧૯૬૮<br>‘શારદા’થી ‘સપનોંકા સૌદાગર’ |
| તૃતીય ચરણ | : ૧૯૭૦થી ૧૯૮૫<br>‘મેરા નામ જોકર’થી ‘રામ તેરી ગંગા મૈલી’ |

***(રાજ કપૂર વિશેની વાતોના આધારે)***

***અમુક રાતે તમને ઊંઘ નથી આવતી અને અમુક રાતે તમે સૂવા નથી માંગતા!!***

વાર્તા

# મા ને સમાચાર મોકલવા છે



બલવીરસિંહ જાડેજા

'ચાલ મન્નુ ઉઠ તો દીકરા, જલ્દી તૈયાર થઈ જા.'

'આજે તો રવિવાર છે ફોઇ! નિશાળમાં તો રજા છે ને!'

'હા, પણ તારા બાપા, તારા અને નન્નુ માટે મા લેવા ગયા છે. હમણાં આવશે.'

'શું... મા લેવા? રેખા માને લેવા, ફોઈ?'

'ના, નવી માને લેવા.' કહીને લાલી ફોઇએ મન્નુને ઉઠાડીને તૈયાર કર્યો.

પાંચ વરસના મન્નુ (મનહર) અને દોઢ વરસના નન્નુ (નરેન્દ્ર)ની મા રેખા, પહેલો વરસાદ પડ્યો અને ઝેરી મેલેરિયામાં ટૂંકી માંદગી ભોગવી ભગવાનના ઘરે જતી રહી. કડિયાકામ કરતા પિતા રામજીએ એક વરસ પહેલા જ પરણાવેલી નાની બહેન લાલી (લલીતા)ને બોલાવીને એકાદ મહિનો છોકરા સાચવ્યા પણ ક્યાં સુધી પરણાવેલી બહેનને પોતાના ઘરે રાખી શકે!

નાની બહેન લાલીના સસરાના ગામની સીતા ઓરસંગના કાંઠે, બે છોકરા અને ઘરવાળા સાથે રહીને ખેતમજૂરી કરતી હતી. પણ વડોદરા જિલ્લામાં આ વરસે અતિ ભારે વરસાદમાં ઘરની સાથે ઘરવાળો અને બંને છોકરા તણાઈ ગયા. પોતે એક ઝાડને ચોંટીને બચી ગઈ. જે સરકારે બચાવગીરી દરમિયાન બચાવી. ન તો કોઈ પીયરમાં હતું કે નહોતું કોઈ સાસરીમાં. એ પણ કોઇનો આશરો શોધતી હતી. અને નાતે સીતા અને રામજીનો મેળાપ કરાવ્યો. રામજીએ નાતને ચોખવટ કરી કે, 'મારે ઘરવાળી પછી, પહેલા મારા નાના બે છોકરાઓ માટે મા જોઈએ છે. સીતા મારા છોકરાઓની મા... સાચી મા બનીને રહેવા તૈયાર હોય તો જ મારી હા, નહિંતર ના.' સીતા પણ મા જ હતી, જેણે પોતાના બે સંતાનો ગુમાવ્યા હતા. એ પણ મા બનીને રહેવા માંગતી હતી. એટલે એણે પણ 'હા' પાડી.

મન્નુની મા રેખા, મન્નુને નિશાળે મૂકી આવીને નાના નન્નુને તેડીને એના ઘરની નજીક સોસાયટીઓના બે-ત્રણ બંગલામાં ઘરકામ - કચરા - પોતા - ઝાડુ, સાફસૂફી કરવા જતી. બાપ રામજીએ મન્નુને કહ્યું કે, તારી મા ભગવાનના બહુ મોટા બંગલામાં દૂર દૂર કામ કરવા ગઈ છે. હમણાં નહીં આવે. તું ને નન્નુ મોટા થશો પછી આવશે.' પણ મન્નુને દુઃખ એ વાતનું હતું કે, 'મા મને કહ્યા વિના જતી રહી. અને બધાના ઘરે કામ કરવા જતી ત્યારે નન્નુને તેડીને જતી, કેમ ભગવાનના ઘરે નન્નુને સાથે ના લઈ ગઈ? ક્યાં છે ભગવાનનું ઘર કે મહેલ. હું ભગવાનના ઘરે જઇને રેખા માને પાછી લાવીશ.' તૈયાર થતો મન્નુ વિચારતો હતો, નવી મા એટલે શું? બાળમાનસ જવાબ શોધી નહીં શકતા, ફોઇને નિરાંતે નન્નુને નવડાવી લે પછી પૂછીશ એમ વિચારી શાંત થઈ ગયો.

લાલી ફોઇને પૂછવા અધીરો થયો ત્યાં તો બાપા નવી માને લઇને આવી ગયા. નવી માએ લાલી ફોઇ પાસેથી નન્નુને તેડી લીધો અને સાથે લાવેલી ચોકલેટ આપી હેત કર્યું. એકિટસે જોઈ રહેલા મન્નુને પણ પાસે બોલાવી ચોકલેટ આપી અને સોડમાં લીધો. મન્નુને થયું કે પોતાની રેખા મા પણ આમ જ કરતી હતી. વિચારી ચોકલેટ ખાવા લાગ્યો. ઘરની બહાર ફળિયામાં બેઠેલા બાપાને, નવી માએ લોટો ભરીને પાણી આપ્યું અને પછી પોતે પીધું. મન્નુ વિચારતો હતો, 'મારી મા પણ આમ જ કરતી હતી.' પછી માએ ચા બનાવી. બાપા, ફોઇને રકાબીમાં આપી ને પછી પોતે રકાબીમાં લઈ પીવા બેઠી. નન્નુ મા પાસે જ હતો. તેને પણ પોતાની રકાબીમાંથી ઠંડી કરી ચા પીવડાવી. જેવું એની મા કરતી હતી. મન્નુ વિચારતો હતો 'મા હોય એ જ આમ કરે ને?'

પછી માએ લાપસી અને દાળ બનાવ્યા. મન્નુ અને નન્નુને પોતાના હાથે કોળીએ કોળીએ ખવડાવીને પછી ફોઇ અને બાપાને જમાડ્યા. પછી જ પોતે જમી. આખો દિવસ નન્નુને તેડીને ઘરના કામ કરતી માને મન્નુ જોતો રહ્યો. રાતે ફરી બધાને જમાડીને પછી જમીને સૌ સૂતા ત્યારે મન્નુ અને નન્નુને પોતાની સાથે જ સુવડાવ્યા. મન્નુ માની સોડમાં, માના હેતનો અહેસાસ કરતો ઊંઘી ગયો.

બીજા દિવસે સવારે ઉઠ્યો ત્યારે મા ઘરના કામ કરતી હતી. 'મા, હું આજે નિશાળે ન જાઉં તો?'

'કેમ દીકરા? આજે તો હું તને મૂકવા અને તારી નિશાળ અને નિશાળે જવાનો રસ્તો જોવા આવીશ. તું બતાવીશને?'

'હા, હોં માં હું તૈયાર થઇ જાઉં હોં...'

મન્નુ મા નિશાળે મૂકવા આવશે તે વિચારે હોંશે હોંશે તૈયાર થવા લાગ્યો. નન્નુને તેડીને મા નિશાળે મૂકવા અને પછી લેવા પણ આવી. પછી દરરોજ મન્નુને મા નિશાળે મૂકવા-લેવા આવવા લાગી.

*વેદના અને આનંદ વચ્ચે આ ફેર છે... ક્યાંક અઢળક પણ ઓછું પડે અને ક્યાંક એક સ્મિત અઢળક થઈ પડે.*

થોડા દિવસ પછી મન્નુ નિશાળે જાય પછી નન્નુને તેડીને મા સોસાયટીઓના બંગલાઓમાં કામે જવા લાગી. જેમ એની મા રેખા જતી હતી.

એક દિવસ એના ભાઈબંધ રમેશની માએ, જ્યારે એની મા, નિશાળે આવવામાં મોડી પડી, ત્યારે કહ્યું, 'તારી નવી મા છે તે મન્નુ, તને બહુ મારતી હશે નહીં? ખાવા પણ પૂરું નહીં આપતી હોય કેમ?'

'ના રે, મને તો મા એવું કાંઈ કરતી નથી.'

'થોડો મોટો થઈશ ને, પછી કરશે જોજે.'

મન્નુએ છ મહિના સુધી આ વાત યાદ રાખી પણ નવી મા તો એવું કાંઈ જ નહોતી કરતી. ઉલટાનું વધારે ને વધારે હેત કરતી. પાસે બેસી લેશન કરાવતી, ભાવે એવું બનાવીને ખવડાવતી, વાર્તા કહેતી. ત્યારે એને થયું, રમેશની મા તો જુઠ્ઠું બોલે છે. મારી મા તો બહુ સારી છે.

એક દિવસ મન્નુએ માને પૂછ્યું, 'મા, તું ક્યાંથી આવી?' સીતા માએ કહ્યું, 'તારી રેખામાં ભગવાનના ઘરે કામ કરવા જતી હતી ત્યારે મને કહેતી ગઈ કે તું મારા મન્નુ-નન્નુની મા બનીને જા અને એમને સાચવજે. ભગવાનનું ઘર બહુ જ મોટું છે. ત્યાં મને કામ કરતા બહુ જ વાર થશે. એટલે હું તારી મા બનીને આવી ગઈ.'

મન્નુને માની વાત ગળે ઉતરી ગઈ. એટલે એ માને ભેટી પડ્યો.

પરીક્ષામાં મન્નુ સારી રીતે પાસ થયો અને બીજા ધોરણમાં આવ્યો. રાજી થઈને માએ બંને છોકરાને આઈસ્ક્રીમ ખવડાવ્યો કારણકે મા ખૂબ રાજી થઈ હતી.

સીતા મા હવે બંગલાઓમાં કામે જતી હતી અને પૈસા લાવતી હતી. નન્નુ પણ હવે બોલતો - દોડતો થઈ ગયો હતો. વેકેશનમાં મન્નુ-નન્નુને ખૂબ મજા કરાવી. મેળામાં લઈ ગઈ, ચકડોળમાં બેસાડ્યા, નવા કપડા - રમકડાં, જે જોઈએ એ લઈ દીધું. એકવાર સરકસ જોવા લઈ ગઈ. દરરોજ સાંજે બાગમાં રમવા લઈ જવા લાગી.

એકાદ વરસ પછી લાલી ફોઈ એની નાની દીકરી ફોરમને લઈને ભાઈના ઘરે આવી ત્યારે મન્નુએ પૂછ્યું, 'ફોઈ, આને ક્યાંથી લાવી?' 'ભગવાનના ઘરેથી. તારે પણ ભગવાનના ઘરેથી નન્નુથી પણ નાની બહેન કે નાનો ભાઈ આવશે હોં!' કહીને લાલીએ ભાભી સીતા સામે ખુશીના ભાવથી જોઈને, જાણે પૂછ્યું, 'ક્યારે?' સીતાએ ડોકું હલાવી જાણે જવાબ આપ્યો, 'ક્યારેય નહીં.'

મન્નુ - નન્નુ નાની ફોરમને રમાડવામાં પડ્યા હતા. ત્યારે લાલીએ સીતાને પૂછ્યું, 'કેમ ભાભી, કેમ ના પાડો છો?'

સીતાએ જે જવાબ આપ્યો તે સાંભળીને લાલીની આંખ આશ્ચર્ય સાથે લાગણીભીની થઈ ગઈ. 'મેં ને તમારા ભાઈએ લગ્ન કરીને તરત જ, આ બે છોકરાઓ સિવાય કોઈ વધારાનું છોકરું ન જોઈએ એમ નક્કી કરીને, બેય જણાએ છોકરા ન થવાના ઑપરેશન કરાવી લીધા છે.' લાલી પોતાની ભાભીને મનોમન વંદી રહી.

ફોરમને રમાડતો મન્નુ એકાએક બોલ્યો, 'ફોઈ, આ ફોરમ જેમ ભગવાનના ઘરેથી આવી, એવી રીતે કોઈ આપણું ઓળખીતું - જાણીતું ભગવાનના ઘરે જાય ખરું?' લાલી ફોઇ અને સીતા મા અચંબાથી મન્નુ સામે જોઈ રહ્યા.

'હા જાય ને! તારે શું કામ છે મન્નુ?' લાલી ફોઈએ પૂછ્યું.

'ભગવાનના ઘરે મારી રેખા માને, સમાચાર મોકલવા છે કે તું અમારી ચિંતા કર્યા વિના ભગવાનના મોટા ઘરના કામ કરજે. તેં મોકલેલી સીતા મા અમને તારી જેમ જ રાખે છે અને મને અને નન્નુને ખૂબ જ હેત કરે છે ને સાચવે છે. રમેશની મા મને કહેતી હતી કે નવી મા તને ખૂબ હેરાન કરશે, કામ કરાવશે અને ખાવા નહીં આપે. એવું જુઠ્ઠું જુઠ્ઠું કહેતી હતી પણ એવું કાંઈ નથી. સીતા મા તો સીતા મા જ છે. એ તો અમને એટલું હેત કરીને સાચવે છે કે અમને તું પણ યાદ નથી આવતી, એવું કહેવડાવવું છે હોં ફોઇ!'

સાંભળતા જ લાલીની આંખ ભીની થઈ ગઇ અને સીતા મા તો બંને છોકરાને ભેટીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. ■

Splendid

# P & G Enterprise

*Kitchenware, Household Products & Corporate Gifts*

157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
**(M) : 9106682565, 9724932540**
**E-mail : pandgenterprise@gmail.com**

**• PACKED & MARKETED BY •**

**P & G Enterprise**
Sundha Estate, Sarkhej, Ahmedabad.
**M. : 91066 82565**

વાર્તા

# રાજયોગ

• ધીમંતકુમાર પ્રા. ભટ્ટ - ગાંધીનગર •

અંજારમાં સને ૧૯૬૩-૬૪માં ભૂકંપ આવ્યો ત્યારે અબ્દુલભાઇ તેમની ગેરેજમાં બાઈક - સ્કુટર રીપેરિંગ કરી રહ્યા હતા. જૂના નાના માટીના ઘરો પડી ગયા અને એક ગેસ્ટ હાઉસની એક દીવાલ પડી જતાં ત્રણે માળના રૂમ સાવ ખુલ્લા થઈ ગયા હતા. બધા લોકો ત્યાં જોવા ગયા પરંતુ અબ્દુલભાઈ નાના ઘરો પડી ગયા ત્યાં ગયા અને ત્યાં એક નાના બાળકનો રડવાનો અવાજ આવ્યો. તેમણે તરત જ કાટમાળ ખસેડી તેને બહાર કાઢ્યો. પરંતુ બાળક લોહીલુહાણ હાલતમાં હતો. તાત્કાલિક સારવાર કરાવી. પોલીસ સ્ટેશનમાં જાણ કરી. પરંતુ પોલીસે જણાવ્યું કે હાલ તમારી પાસે જ રાખો. વાલીની જાણ થશે તો તમને બોલાવશું. તમારું નામ, સરનામું, રજિસ્ટરમાં લખી જજો. બાળકના હાથમાં જ "યોગીરાજ" નામ ત્રોફાવેલ હતું. તે નામ પણ લખાવ્યું.

અબ્દુલભાઈએ તે બાળકને ઘેર લઈ જઈ શકીલાને સોંપ્યો અને તેનો ઉછેર શરૂ કર્યો. થોડો મોટો થતાં તેને સ્કુલ પણ મોકલ્યો. તે ભણવામાં હોંશિયાર હતો. તે સાત ધોરણ સુધી ભણ્યો.

અબ્દુલભાઈએ તેને ત્યારબાદ આગળ ન ભણાવતા પોતાના ગેરેજમાં પોતાની સાથે જ કામે લગાડ્યો અને બાઇક અને સ્કુટર રીપેરિંગની તાલીમ આપી. તેની યાદશક્તિ તેજ હતી. તે જલ્દીથી બધું યાદ રાખી લેતો હતો.

યોગીરાજને અબ્દુલભાઈ યોગી જ કહેતા. બાર વર્ષનો થયો પરંતુ પોલીસ સ્ટેશનમાંથી કોઈ જ વાલીની જાણ ન થઈ.

અબ્દુલભાઈના ગેરેજમાં હવે ઘરાકી ખૂબ જ વધી ગઈ. યોગી ખૂબ જ મહેનત કરી સંતોષકારક રીપેરિંગ કરી આપતો હતો. એકાદ દિવસ પહેલા લોકો નોંધણી કરાવવા આવતા અને યુવાનોની રીપેરિંગ માટે લાઈનો લાગતી.

યોગી રોજ સવારે અબ્દુલભાઈ સાથે ચા પી લીધા પછી આજે ગેરેજમાં આવનાર બાઈક સ્કુટરની વિગત આપતો તથા ગઈકાલનો હિસાબ કે જેમાં રીપેરિંગમાં નાખેલ સાધનોની કિંમત બાદ કરી ચોક્કસ નફો પણ જણાવતો અને તે રકમ અબ્દુલભાઈને આપી દેતો હતો.

તેમની ગેરેજ નજીક ભૂરિયા બાવાની સમાધિ હતી અને એક સાર્વજનિક પરબ હતી. ત્યાં વટેમાર્ગુઓ પાણી પીને આગળ વધતા. આ કોઠીનું પાણી યોગી રોજ સવારે પાણીની નળી મૂકી ભરી દેતો.

આજે બપોરે અબ્દુલભાઈએ જમવા માટે યોગીને હાથ ધોવા કહ્યું. યોગી પેટ્રોલથી હાથ ધોઈ રહ્યો હતો ત્યારે બાજુમાં કોઈ સાધુ પરબ પર પાણી ભરી, ઓટલા પર બેસી પાણી પી રહ્યા હતા. યોગી હાથ ધોઈ રહ્યો હતો ત્યારે તેના હાથની રેખા કાળા રંગથી ઉપસી આવી અને અનાયાસે સાધુનું ધ્યાન તેના તરફ ગયું અને તેની આંખો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ અને બોલી ઉઠ્યા, અરે! આ છોકરાના હાથમાં તો 'રાજયોગ' છે.

યોગી તો કંઈ ન સમજ્યો. તેણે અબ્દુલભાઈ સામે પ્રશ્નાર્થ નજરે જોયું. ત્યારે અબ્દુલભાઈએ સમજાવ્યું કે, 'તારી રહેણીકરણી રાજા જેવી થશે.' અને બંને હસી પડ્યા...

હવે યોગી યુવાન થવા લાગ્યો હતો પરંતુ તેનું મન વિચારોના ચકરાવે ચઢેલું. તેનો બાંધો ઊંચો, પડછંદ અને ગૌરવર્ણ હતો. તેના વાળ ભૂરા અને આંખ સાગર જેવી નીલી હતી.

એક દિવસ એવો આવ્યો કે યોગીએ અબ્દુલભાઈ પાસેથી વિદાય માંગી અને કહ્યું કે હવે હું મારૂં નસીબ લઈ જશે ત્યાં જઈશ. અબ્દુલભાઈએ પણ આનાકાની કર્યા વિના રજા આપી દીધી.

યોગીએ ત્રણ જોડ કપડાની ખરીદી કરી થેલો તૈયાર કર્યો. ત્યારબાદ અબ્દુલભાઈએ તેને તે વાપરતો હતો તે બાઈકની ચાવી ભેટ સ્વરૂપે આપી. તેથી તે ખૂબ જ ખુશ થઈ ગયો. તેને તે ખૂબ જ પ્રિય હતી.

હવે તેણે ભુજ તરફ પ્રયાણ કર્યું. તે ભુજમાં મહાદેવ ગેટ બહાર મંદિરમાં પુજારીની ઓરડીની બાજુમાં રહેવા લાગ્યો. રોજ સવારે નાહી ધોઈ તૈયાર થઈ, પોતાની બાઈક તૈયાર કરી ભુજ શહેરમાં નીકળી પડતો અને કોઈ ગેરેજે જઈ બેઠક જમાવતો. ત્યાં કોઈ બાઈક ચાલુ ન થતી હોય તો મદદ કરી ચાલુ કરી આપતો. તેથી ત્યાંના ગેરેજવાળા તેના મિત્રો થતા ગયા.

ભુજમાં સાતમ-આઠમના મેળામાં હમીરસર તળાવની પાળે બેઠો. રાજેન્દ્ર પાર્ક પાસે મોટા જાયન્ટ્સ રાજ ચકડોળ

*પ્રેમ અને મોતની પસંદગી તો જુઓ, એકને હૃદય જોઈએ તો બીજાને ધબકારા...!!*

જોવા લાગ્યો. તેમાં કિલ્લોલ કરતા કુટુંબોને જોઈ તે આનંદિત થઈ જતો. તેણે મનથી કોઈ નિર્ધાર કર્યો અને મનમાં કંઈક બબડ્યો પણ ખરો.

તે સાંજે ખેંગાર પાર્ક જતાં રસ્તાની ડાબી બાજુ બાંકડા પાસે બાઈક રાખીને બેસતો અને ડાયરીમાં કંઈક લખતો. વળી ડાયરીના જૂના પાના ઉથલાવતો. વળી કંઈક લખતો. આ તેનો નિત્યક્રમ હતો.

ભુજમાં આવ્યા પછી માંડ બે માસ રહ્યો અને અદશ્ય થઈ ગયો. બધા ભુજવાસી તેને જોવા ટેવાયેલા હતા. તેથી નવાઈ લાગી કે ક્યાં ગયો હશે? પરંતુ તેમના ગેરેજવાળા મિત્રોમાંથી કોઈને સમાચાર મળ્યા કે તે માંડવી પહોંચ્યો છે. માંડવીમાં પણ બંદર કાંઠા પાસે એક રૂમમાં રહેતો અને ફરી માંડવીના ગેરેજવાળા મિત્રો સાથે કામકાજ કરતો.

સાંજે શીતલા મંદિર રોડ પર તળાવની પાળીએ બેસતો. તે તેનામાં જ મશગુલ રહેતો ને ડાયરી લખતો.

માંડવીની લાઈબ્રેરી સામે રહેતી ત્રણ બહેનો ભાનુમતિ, મીનાક્ષી અને દિપાલી ભાટિયા બહેનોનો પણ રોજનો સાંજે શીતલા મંદિર તળાવ સુધી ફરવા જવાનો નિત્યક્રમ હતો. તે આવનાર આ નવીન યુવાનને કુતુહલથી જોતી હતી.

ત્રણે બહેનોમાં મીનાક્ષી વચેટ બહેન જરા ચંચળ હતી. મોટી બહેન ભાનુમતિની ઉંમર મોટી થઈ જતા પરણી ન હતી. તેણે બંને બહેનોને લગ્ન માટે છૂટો દોર આપ્યો હતો.

એક દિવસ મીનાક્ષીને કંઈક સુઝ્યું. તે ઘરથી બહાર નીકળતી વખતે ચંપલ પહેરતા પહેલા ફરી ઉપર ગઈ અને એક ગુલાબી કાગળ લઈ આવી. પોતાની પર્સમાં સરકાવી, ફરવા માટે ચાલવા લાગી. તેની ચાલમાં આજે ગતિ હતી અને અધીરાઈ પણ...

બે બહેનોએ તેને ટોકી કે જોજે કંઈક જોવા જેવું અજુગતું ન બને તે ધ્યાન રાખજે. આપણે તે યુવાનને પ્રથમ વાર જ માંડવીમાં જોયો છે અને કોઈનો પણ પરીચિત નથી.

આ યોગીરાજ હતો જ આકર્ષક, તે પીળા નાયલોનના બુશકોટ નીચે ખારવા પહેરે તેવું જાળીવાળું ગંજી પહેરતો તથા નીચે સફેદ પેન્ટ પહેરતો. તેથી તેનું શરીર આરપાર સ્પષ્ટ દેખાતું. ક્યારેક તે કાળુ પેન્ટ અને લાલ શર્ટ પહેરતો. તેમાં પણ અંદર જાળીવાળું ગંજી તો ખરું જ. ક્યારેક તે બ્લ્યુ શર્ટ અને પોપટી કલરનું પેન્ટ પહેરતો. તે પડછંદ, ઊંચો ને સપ્રમાણ શરીર તથા ખૂબ જ રૂપાળો અને ભૂરા વાળવાળો હતો.

મીનાક્ષીએ યોગીની રોજની બેઠક પાસે જઈ ગુલાબી કાગળ મૂકી તેના પર પીપળાનું પાન મૂકી એક નાનો પથ્થર ગોઠવી તેનાથી થોડેક દૂર બીજા ઝાડ પાસે તેઓ બેસતા હતા ત્યાં પાળી પર પાછા ગોઠવાઈ ગયા.

યોગી તેના સમય પ્રમાણે આવ્યો. આજે તેની બેઠક પાસે ગુલાબી પત્ર જોયો. તેણે ધીમેથી સરકાવી વાંચવા લાગ્યો તો તેમાં લખ્યું હતું કે તમે કેમ આમ એકાંતપ્રિય છો? તમારે કોઈ મિત્ર નથી અને તીર → કરી બાજુમાં નિશાનીથી પોતાની જગ્યાનો નિર્દેશ કરી કહ્યું અમને મિત્ર બનાવશો. યોગીનું ધ્યાન ત્રણેય બહેનો પર પડ્યું. ત્યાં વચ્ચે બેઠેલ મીનાક્ષી આગળ નમી, આ બધું જોઈ રહી હતી. તેણે પોતાના જમણા હાથનો અંગુઠો ઊંચો કરી જાણે લીલી ઝંડી આપી દીધી.

યોગી પોતાની બેઠક પરથી ઉભો થઈ ગયો. મીનાક્ષી પણ ક્ષણનો વિલંબ કર્યા વિના યોગી સામે આગળ વધી અને મિત્રતાનો હાથ લંબાવી દીધો. બંનેએ હાથ મિલાવ્યા. બંનેની નજરો મળી. આ તેમનું પ્રથમ મિલન હતું.

યોગી તો હવે પછી દરરોજ બહેનો સાથે જ સાંજે સાથે બેસીને ખારી સીંગ ખાતો અને અલક મલકની વાતો કરતો. બહેનો પણ ક્યારેક ગાભાની માંડવીની પ્રખ્યાત દાબેલી - કડક લઈ આવતી અને સાથે બેસીને સૌ ખાતા.

મીનાક્ષીએ એક સવારે પોતાના પિતાજી વિજયસિંહ ભાટિયાનો સવારે ચા અને છાપું વંચાઈ ગયા પછી તેમની નજીક સરકીને બોલી, 'મને એક યુવાન ગમી ગયો છે. હું તેને પ્રેમ કરું છું. લગ્ન કરવા માગું છું.' વિજયસિંહે દીકરીની આ હિંમત જોઈને હકારમાં માથું ધુણાવ્યું અને મળવા આવવા બોલાવવા કહ્યું.

મીનાક્ષીના કહેવાથી બીજા દિવસે સવારે યોગીરાજ તૈયાર થઈ આવી ગયો. તેને જોતાં વિજયસિંહને નવાઈ લાગી. આ યુવાનને માંડવીમાં પ્રથમ વખત જ જોયો છે. વાતચીત દરમિયાન તેની સંસ્કારીતાનો ખ્યાલ આવી ગયો. ચા પાણી કરી છુટા પડ્યા.

વિજયસિંહ ભાટિયા સાંજની તેમની મિત્ર મંડળી ગાંડાભાઈ, રામૈયાભાઈ સાથે બગીચામાં બાંકડે બેઠક લીધી. પણ આજે વિજયસિંહ કંઈક વિચારમાં હતા. મિત્રોએ તેનું કારણ પૂછ્યું ત્યારે વિજયસિંહે તેની પુત્રીની પસંદગી અને લગ્ન પ્રસ્તાવની વાત કરી. પરંતુ તેમને ચિંતા એ હતી કે અજાણ્યો યુવાન છેતરીને જતો તો નહીં રહે ને? ત્યારે મિત્રોએ થોડો વિચાર કરી સલાહ આપી કે તું યુવાનને ઘરજમાઈ માટેની શરત મૂક. સાચો હશે તો તે કબૂલ

*મેડીક્લેઈમ તો આખા શરીરનો હતો, પણ ખાલી દિલ તૂટ્યું હતું એટલે ક્લેઈમ પાસ ના થયો!!*

થશે અને તને પણ પુત્ર મળી જશે અને તારો બિઝનેસ પણ સચવાઈ જશે. વિજયસિંહને આ સલાહ યોગ્ય લાગી.

વિજયસિંહે સવારે મીનાક્ષીને ઘરજમાઈની શરતની વાત કરી. જેણે જણાવ્યું કે યોગીને પૂછીને જણાવીશ. નિત્યક્રમ પ્રમાણે ફરી સાંજે ચારે મળ્યા ત્યારે મીનાક્ષીએ જ સીધી વાત કરી. મારા પપ્પાને પણ તમે પસંદ છો, પણ તેમની એક શરત છે કે તમે અમારા ઘેર જ ઘરજમાઈ તરીકે રહો. યોગીરાજે માથુ ધુણાવી હા પાડી અને લગ્નની સંમતિ આપી.

મીનાક્ષી તો ખૂબ જ રાજીના રેડ થઈ ગઈ અને એક માસમાં તો બંનેએ કોર્ટ મેરેજ કરી લીધા.

લગ્નને અમુક સમય પસાર થયો હશે ત્યારે વિજયસિંહે સવારે ચા પીતા કહ્યું કે તમને વાંધો ન હોય તો વાત કહું. યોગીરાજે કહ્યું, કહો. વિજયસિંહે કહ્યું આપણો બિઝનેસ મુંબઈમાં ચાલે છે. ત્યાં હાલ આપણા વિશ્વાસુ માણસો સંભાળે છે. પરંતુ જો તમે સંભાળી લો તો ખૂબ જ સારું. ભાનુમતિ ધંધાથી વાકેફ છે. તે તમને શરૂઆતમાં મદદરૂપ થશે. મુંબઈમાં આપણો વિશાળ ફ્લેટ પણ છે. યોગીરાજ મુંબઈ જવા તૈયાર થઈ ગયો અને બંને સાળી અને મીનાક્ષી સાથે યોગીરાજે મુંબઈ પ્રસ્થાન કર્યું. ત્યાં તે બધા સેટ થઈ ગયા.

આજે ઘણા વર્ષે તે દેશમાં પરત ફર્યો હતો. માંડવીનું ઘર બંધ હતું. હવે વિજયસિંહ રહ્યા ન હતા (સ્વર્ગે સિધાવ્યા હતા). હવે તે સર્વેસર્વા હતો. સાતમ આઠમના મેળામાં તેઓ ભુજ ફરવા ગયા. ભુજના મેળામાં ભાનુમતિની આંગળીએ યોગીની મોટી દીકરી, દિપીકાની આંગળીએ દીકરો તથા યોગીના ખભા પાછળ કાંગારૂ બેલ્ટથી બાંધેલો નાનો બાળક યોગીની પ્રતિકૃતિ જેવો બેઠો હતો.

બધા હમીરસરની પાળ પાસેથી પસાર થઇ રાજેન્દ્ર પાર્ક પાસે જાયન્ટ ચકડોળ પાસે ગયા. બાળકો અને બંને સાળીઓએ ચકડોળમાં બેસીને મેળો મહાલ્યો.

યોગીરાજ રાજ જાયન્ટ ચકડોળ સામે બોલ્યો કે મારો સંકલ્પ આજે પૂરો થયો છે. હું કુટુંબ સાથે આવ્યો છું અને મને સાધુનો ''રાજયોગ'' ફળ્યો છે તે હકીકત છે.

*મો. ૯૩૨૮૯ ૨૭૩૮૦*

લઘુકથા

## દગો પરિસ્થિતિ કરે છે અને બદનામ કિસ્મત થઈ જાય છે



ભોલાભાઈ ગોલીબાર

સિકંદર એ પાણીની તલાશમાં હતો, જેને પીવાથી માણસ અમર બની જાય. ઘણા દિવસ સુધી એ આખી દુનિયામાં ભટક્યો. આખરે જ્યાંથી અમૃતજળ મળતું હતું એ જગ્યા એને મળી ગઈ. એ જગ્યાએ પહોંચી ગયો, જ્યાં અમૃતજળ વહેતું હતું. સિકંદરે એક વાટકામાં અમૃતજળ ભર્યું અને જેવો એ અમૃતજળ પીવા માટે વાટકો મોઢા પાસે લઈ ગયો, ત્યાં અચાનક એક ઘરડી વ્યક્તિએ બૂમ મારી, 'ઓ માનવી, રોકાઈ જા. આ ભૂલ કદી ના કરતો.'

જ્યાં અમૃતજળ વહી રહ્યું હતું, એની બાજુમાં આવેલી ગુફામાં રહેતા એ ઘરડી વ્યક્તિની દુર્દશા જોઈ સિકંદર રોકાઈ ગયો. સિકંદરે ગુફામાં જઇ ગુસ્સે થતા કહ્યું, 'તું મને રોકનાર કોણ છે?'

ઘરડા માણસે જવાબ આપ્યો, 'હું પણ આ અમૃતજળની તલાશમાં હતો. તારી જેમ હું પણ જળ પી ગયો. હવે હું મરી નથી શકતો... હવે હું મરવા ચાહું છું પણ હવે હું મરી નથી શકતો. જોઈ લે મારી હાલત, હું આંધળો થઈ ગયો છું, મારા પગ ગળી ગયા છે. હું ચીખી-ચિલ્લાઈ રહ્યો છું કે કોઈ આવીને મને મારી નાખે. પણ મને કોઈ મારી પણ નથી શકતું. હવે હું પરમાત્માથી પ્રાર્થના કરું છું કે ભગવાન, તું મને મોત આપી દે.'

સિકંદર ચૂપચાપ ગુફામાંથી બહાર નીકળી ગયો. તેણે અમૃતજળ પીધા વિના પાછા ફરવાનું નક્કી કરી લીધું. સિકંદર સમજી ગયો હતો કે જીવનનો આનંદ ત્યાં સુધી જ રહે છે જ્યાં સુધી એ આનંદ માણી શકવાની સ્થિતિ અને શક્તિ હોય છે. એટલે સ્વાસ્થ્યની રક્ષા કરો, તંદુરસ્તીનું ધ્યાન રાખો. જે જીવન મળ્યું છે એને ભરપૂર જીવો. હંમેશાં ખુશ રહો... કારણકે દુનિયામાં સમય જ સિકંદર છે....

*ગરમ ચા જેવા મગજને ઠંડું કરવાનો ઉપાય...? પ્રેમની પહોળી રકાબીમાં એને રેડી દેવો...*

## લઘુકથા : લક્ષ્મીના પગલા

નાનકડી એવી વાર્તા છે. સાંજના સમયે એક છોકરો ચપ્પલની દુકાનમાં જાય છે. ટીપીકલ ગામડામાંનો. આ નક્કી માર્કેટિંગવાળો હશે. એવો જ હતો પણ બોલવામાં સહેજ ગામડાની બોલી હતી. પણ એકદમ કોન્ફિડન્ટ. ૨૨-૨૩ વર્ષનો હશે.

દુકાનદારનું પહેલા તો ધ્યાન પગ આગળ જ જાય. એના પગમાં લેધરના બુટ હતા એ પણ એકદમ ચકાચક પોલીશ કરેલા...

*દુકાનદાર :* શું મદદ કરું આપની?

*છોકરો :* મારી મા માટે ચપ્પલ જોઈએ છે. સારી અને ટકાઉ આપજો.

*દુકાનદાર :* એ આવ્યા છે? એમના પગનું માપ?

છોકરાએ વોલેટ બહાર કાઢી એમાંથી ચાર ગડી કરેલ એક કાગળિયું કાઢ્યું. એ કાગળિયા પર પેનથી બે પગલા દોરેલા હતા.

*દુકાનદાર :* અરે મને પગના માપનો નંબર આપત તોય ચાલત...!

એમજ એ છોકરો એકદમ બાંધ ફૂટે એમ બોલવા લાગ્યો, 'શેનું માપ આપું સાહેબ...?' મારી મા એ આખી જિંદગીમાં ક્યારેય ચપ્પલ પહેર્યા નથી. મારી મા શેરડી તોડવાવાળી મજૂર હતી. કાંટામાં ક્યાંય પણ જતી, વગર ચપ્પલની ઢોર હમાલી અને મહેનત કરી અમને શીખવ્યું. હું ભણ્યો અને નોકરીએ લાગ્યો. આજે પહેલો પગાર મળ્યો. દિવાળીમાં ગામડે જાઉં છું. મા માટે શું લઇ જાઉં...? આ પ્રશ્ન જ નથી આવતો. મારા કેટલા વર્ષોનું સપનું હતું કે મારા પહેલા પગારમાંથી મા માટે હું ચપ્પલ લઇશ.

દુકાનદારે સારી અને ટકાઉ ચપ્પલ દેખાડી અને કીધું આઠસો રૂપિયાની છે. છોકરાએ કીધું, 'ચાલશે.' એવી તૈયારી કરીને જ આવ્યો હતો.

*દુકાનદાર :* એમ જ પૂછું છું, કેટલો પગાર છે તને?

*છોકરો :* હમણાં તો બાર હજાર છે. રહેવાનું, ખાવાનું પકડીને સાત-આઠ હજાર ખર્ચો થાય. બે-ત્રણ હજાર માને મોકલાવું છું.

*દુકાનદાર :* અરે, તો આ આઠસો રૂપિયા થોડાક વધારે થાશે.

છોકરાએ દુકાનદારને અધવચ્ચે જ રોક્યો અને બોલ્યો, રહેવા દ્યો, ચાલશે. દુકાનદારે બોક્સ પેક કર્યું. છોકરાએ પૈસા આપ્યા અને બહુ જ ખુશ થઈને બહાર નીકળ્યો.

મોંઘું શું, પણ એ ચપ્પલની કોઈ કિંમત થાય એમ જ નહોતી.

પણ દુકાનદારના મનમાં શું આવ્યું કોને ખબર, છોકરાને અવાજ આપ્યો અને રોકાવાનું કહ્યું. દુકાનદારે બીજું એક બોક્સ છોકરાના હાથમાં આપ્યું. અને દુકાનદાર બોલ્યો, 'આ ચપ્પલ મા ને કહેજે કે તારા ભાઈ તરફથી ભેટ છે. પહેલી ચપ્પલ ખરાબ થઇ જાય તો બીજી વાપરવાની. તારી માને કહેજે હવે વગર ચપ્પલનું નહીં ફરવાનું અને આ ભેટ માટે ના પણ નથી કહેવાની.'

દુકાનદાર અને એ છોકરાના એમ બેઉની આંખમાં પાણી ભરાઈ ગયા.

'શું નામ છે તારી મા નું?' દુકાનદારે પૂછ્યું.

'લક્ષ્મી.' એટલું જ બોલ્યો.

દુકાનદાર તરત જ બોલ્યો, 'મારા જય શ્રીકૃષ્ણ કહેજે એમને. અને એક વસ્તુ આપીશ મને? પગલા દોરેલો પેલો કાગળ જોઈએ છે મને...!'

એ છોકરો પેલો કાગળ દુકાનદારના હાથમાં દઈને ખુશ થઈ નીકળી ગયો. પેલો ગડીવાળો કાગળ દુકાનદારે દુકાનના મંદિરમાં રાખી દીધો. દુકાનના મંદિરમાં રાખેલ એ કાગળ દુકાનદારની દીકરીએ જોયો અને પૂછ્યું, 'બાપુજી, આ શું છે?'

દુકાનદારે એક લાંબો શ્વાસ લીધો અને દીકરીને બોલ્યો, 'લક્ષ્મીના પગલા છે બેટા. એક સાચા ભક્તે દોરેલા છે. આનાથી બરકત મળે ધંધામાં.'

દીકરીએ, દુકાનદારે અને બધાએ જ એ પગલાને ભાવભક્તિ સાથે નમન કર્યું...!

*– ડૉ. ભાલચંદ્ર હાથી*


**Parbatbhai Patel**
**M. : 98240 62711**

**Shivam Packaging**

**Shiv Packing Industries**

**સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ • પી.વી.સી. પી.પી. રોલ અને રીમ**
**પી.પી. સુતળી, વુડન રોલ • વાંસની પટ્ટી**
**H.M., L.D., P.P. Bags**
**ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ**

Opp. Dwarkadhish Estate,
Outside Chandola Old Tol Naka,
Near Bombay Hotel, Narol Road,
Ahmedabad-382 405.
**Ph. : (O) 25394011, 25394311**

જબાન

# શબ્દબોધ
## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૭)



તુલસી કંસારા

***Sanctimonious = સેંક્ટિમોનિઅસ*** *= પવિત્રતાનો કે ધાર્મિકતાનો ડોળ કરનારું, પાખંડી.* આનો વિરોધી શબ્દ છે ***Sacrosanct*** *= સેક્રોસેંક્ટ = અનુલ્લંઘનીય, અબાધ્ય, માનપાત્ર, ધર્મપ્રભાર્થી, રક્ષિત, અત્યંત પવિત્ર.*



મધ્યકાલીન ફ્રેંચ ભાષામાં સેન્કટિમોની અને લેટીનમાં સેન્કિટમોનિયા તરીકે બોલાતો આ શબ્દ સેંક્ટિમોનિઅસ આશારામ કે નિર્મલ બાબા જેવા લેભાગુઓ કે જેઓ વ્યાસપીઠ પર બેસી ધાર્મિક પ્રવચનો કે નુસ્ખાઓ દર્શાવી ભોળા લોકોનો ગેરલાભ ઉઠાવે છે, તેવા પાખંડી લોકો માટે વાપરવામાં આવે છે. આની વિરૂધ્ધનો શબ્દ છે સેક્રોસેંક્ટ – જે પવિત્રતા માટે વાપરવામાં આવે છે. કેટલાક મંદિરોના ગર્ભગૃહમાં પ્રવેશની મંજૂરી નથી હોતી, ત્યાં માત્ર પૂજારી જ જઈ શકે છે. આવી જગ્યાઓ રક્ષિત હોય છે. અત્યંત પવિત્ર માનવામાં આવતી હોય છે. આવી જગ્યાઓને સેક્રોસંક્ટ કહેવાય. જ્યારે ભૂવા કે મેલીવિદ્યા કરતા બાવાઓ અને ધાર્મિકતાનો ડોળ કરતા કથાકારો કે ઉપદેશકોને પાખંડી, અંગ્રેજીમાં સેંક્ટિમોનિઅસ કહેવાય.

***Surrogate = સરોગેટ*** *= ને બદલે, અવેજીમાં, વિકલ્પ, વગેરે. અંગ્રેજીમાં આવા અન્ય શબ્દો છે :* ***Alternate*** *- ઓલ્ટરનેટ,* ***Behalf*** *- બીહાફ,* ***Instead*** *- ઈન્સ્ટેડ,* ***lieu*** *– ઈન લ્યુ ઑફ વગેરે. જે દરેકનો અર્થ થાય છે 'ને બદલે' 'વૈકલ્પિક.'*



સરોગસી શું છે? સરોગસીમાં એક મહિલા, બીજી મહિલા અથવા પુરુષ માટે પોતાની કૂખમાં સંતાનને રાખે છે અને બાળકનો જન્મ થયા પછી તેને તે અધિકારી મહિલા અથવા પુરુષને આપી દે છે. સરોગસીનો ઉપયોગ ત્યારે જ થાય છે જ્યારે મેડિકલી યુગલ માતા-પિતા બનવા સક્ષમ ન હોય કે આઈ.વી.એફ. ટેકનોલોજી દ્વારા પણ બાળકનો જન્મ અશક્ય હોય. સરોગસી માટે એક મહિલાની કૂખ ભાડે લેવામાં આવે છે. આ મહિલાની કૂખમાં ભૃણ રહે તે માટે જે શખ્સ પિતા બનવા માંગતો હોય તેના સ્પર્મનો ઉપયોગ કરાય છે. જો આ શખ્સ પણ મેડિકલી અસક્ષમ હોય તો ડોનર પાસેથી સ્પર્મ લેવાય છે અને તેને એન્ટર કરાવાય છે. આ ઉપરાંત માતા બનવા માંગતી મહિલાના એગ્સનો પણ ઉપયોગ પણ થઈ શકે છે. જે મહિલાની કુખ ભાડે લીધી હોય તેની સારવારથી લઈને દેખરેખ દરેકની જવાબદારી ભાડે લેનાર કપલની રહે છે. કેન્દ્રિય કેબિનેટે સરોગસી બીલ, ૨૦૧૬ને મંજૂરી આપી. સરોગસી બીલમાં સરોગસી માતાના અધિકારોનાં રક્ષણનાં ઉપાયો કરવામાં આવેલ છે.

બીલની જોગવાઈઓ આ મુજબ છે : એક કેન્દ્રિય પેનલ તૈયાર કરાશે, જે સરોગસીના કિસ્સા પર નજર રાખશે. સરોગસીનો ઉપયોગ માત્ર એક જ વખત કરી શકાશે. લગ્ન ન કર્યા હોય તેવા લોકો સરોગસીનો ઉપયોગ નહીં કરી શકે. સરોગસી માટે અરજી કરનાર યુગલનું લગ્નજીવન ૫ વર્ષનું હોવું જરૂરી છે. ભારતીય યુગલ હોય તેને જ સરોગસીનો અધિકાર રહેશે, વિદેશીઓ, એન.આર.આઈ.ને નહીં. સરોગસીનો ઉપયોગ વ્યાપાર તરીકે નહીં થાય. સરોગસી માટે નજીકના સગાનો જ ઉપયોગ કરવાનો રહેશે. સરોગસી માટે જે મહિલાની કૂખ ભાડે લીધી હોય, તેના મેડિકલ અને અન્ય ખર્ચા જ ચૂકવવાના રહેશે.

***Heckling = હેકલીંગ*** *= મૂંઝવવું, જટીલ પ્રશ્નો પૂછીને*



*મૂંઝવવું, મૂંઝવનારા પ્રશ્નોની ઝડી વરસાવી કસોટી કરવી, સતામણી કરવી, પજવણી, પરેશાન કરવું.*

આ શબ્દ મૂળ તો કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલ હતો જેનો અર્થ થતો હતો રૂ કે શણને પીંજવું = ટુ ટીઝ (to tease).

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૯ ઉપર)**

# શબ્દ શોધ : ૯૧

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | ૮ | ૯ | ■ | ■ | |
| | ■ | ૧૦ | | | | ■ | ૧૧ | |
| ૧૨ | ૧૩ | | ■ | ■ | ■ | ■ | | ■ |
| ૧૪ | | | ■ | ૧૫ | | ૧૬ | | ૧૭ |
| ■ | ■ | ૧૮ | | | ■ | | ■ | |
| ૧૯ | | | ■ | ૨૦ | ૨૧ | | ૨૨ | |
| | ■ | ■ | ૨૩ | | | ■ | | ■ |
| ૨૪ | | | | ■ | ૨૫ | | | ■ |

## આડી ચાવીઓ

૧. મરણ, નિદાન (૪)
૪. કચ્છમાં જેસલ તોરલની સમાધિ કયા શહેરમાં આવેલી છે? (૩)
૬. કેફની પ્રબળ અસર (૨)
૭. સફાઈવાળું, સારું, સુંદર (૩)
૧૦. વશિષ્ઠ ઋષિના પત્ની (૪)
૧૧. "_____ વિવાદ" (૨)
૧૨. "_____ બંધાય ત્યારે વરસાદ આવે." (૩)
૧૪. સેનાપતિ (૩)
૧૫. ખરાબ ચાલ ચલગતવાળું (૫)
૧૮. હલતું, ચંચળ, અસ્થિર (૩)
૧૯. લાકડીનો કતીકો, દંડૂકો, રુષ્ટપુષ્ટ (૩)
૨૦. રાજાનું ભવ્ય નિવાસ સ્થાન (૫)
૨૩. કીર્તિ, ખ્યાતિ (૩)
૨૪. એક જાતનું આછું ઝીણું સુકોમળ કાપડ (૪)
૨૫. ભગિની (૩)

## ઊભી ચાવીઓ

૧. ગુજરાતનું એક શહેર (૫)
૨. મહિનાનો અંધારિયો પક્ષ (૨)
૩. દુષ્ટ, લુચ્ચું, ખરાબ (૩)
૫. પહોંચ (૩)
૮. હત્યા (૨)
૯. પૃથા, કુંતા (૨)
૧૦. તોફાની, અટકચાળું (૫)
૧૧. સહેજ કડકાઈવાળી કાપડની ઝીણી વણાઈની ઊંચી જાત (૩)
૧૩. સૈન્ય, લશ્કર (૨)
૧૫. શ્રીકૃષ્ણના મોટા ભાઈ (૪)
૧૬. છેલ્લું, ઊંચી કક્ષાએ રહેલું (૩)
૧૭. નવું, નવતર (૩)
૧૯. મહાદેવ, શંકર ભગવાન (૩)
૨૧. મહેરબાન, શ્રીમાન, માનવંત (૩)
૨૨. પશુ, જાનવર (૩)
૨૩. તમારું _____ શું છે? (૨)

## શબ્દશોધ : ૯૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ભેં | સ | ■ | અ | ધ | મ | ■ | ફ | ના |
| ■ | ધ | ■ | જ | મ | ણ | ■ | ણ | ■ |
| આ | ન | ન | ■ | ધ | ■ | ગં | ગો | ત્રી |
| શ | ■ | સ | લ | મા | આ | ગા | ■ | પા |
| ર | ન | ■ | બ | ટ | ન | ■ | કો | ઠી |
| ■ | સ | બ | ક | ■ | તિ | લ | ક | ■ |
| પ | લ | ક | ■ | ■ | ■ | ત | મ | સ |
| લં | ■ | ■ | મ | ક | ર | ■ | ■ | ફ |
| ગ | જા | ન | ન | ■ | જા | મ | ફ | ળ |

## સજ્જનની વ્યાખ્યા

એક એવો માણસ જે મન, વચન, કાયાથી શુદ્ધ હોય.

જે તવંગરોની ખુશામત અને ગરીબોની અવમાનના ના કરતો હોય.

જે ફરિયાદ કર્યા વિના હારી શકતો હોય અને આત્મશ્લાઘા કર્યા વિના જીતી શકતો હોય.

જે સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધોની દરકાર કરતો હોય.

જે સત્યનિષ્ઠ અને મૂલ્યનિષ્ઠ હોય

જે સારી રીતે જીવતો હોય અને અન્યોને સારી રીતે જીવવા દેતો હોય.

***– એને સંપૂર્ણ સજ્જન કહેવાય.***

*– હોફમેન*

*તમારા પેટની સંભાળ રાખવા ઠંડી વસ્તુ ખાવાની ટાળો.*

# પ્રતિભાવ

### કચ્છશ્રુતિ – જાન્યુઆરી-૨૦૨૦ : પ્રતિભાવ

'કચ્છશ્રુતિ' જાન્યુઆરી-૨૦૨૦ના અંકમાં સૌથી વધારેમાં વધારે 'કચ્છ ભૂકંપ - ૨૦૦૧'વાળો શ્રી ધન રામપરિઆનો લેખ ગમ્યો. કેમકે, ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ધરતીકંપ વખતે હું મારા ઘેર પહેલા માળે હતો ત્યારે આ ધરતીકંપ થયો અને અડધા કલાક પછી તો મારા ઘરથી ૧૦૦ ફૂટ દૂર લોહાણા સ્મશાનગૃહમાં મૃતદેહોની વણઝાર લાગી ગઈ. તેમાં પણ ડૉ. ધીરેન્દ્ર મહેતાના એક નજીકના સગા પણ આવી ગયા. મા.શ્રી મહેતા આવતા હું અને એક-બે બીજા ભાઈઓ પણ એ કામે લાગ્યા. થોડીવારમાં સદ્‌ગત શ્રી રસિકભાઈ ઠક્કર પણ ત્યાં આવી ગયા અને ધૂણી ધખાવી બેસી ગયા. એ ધૂણીની ઉષ્ણતાને કારણે લાઇનબંધ મૃતદેહોને અગ્નિદાહ અપાતો હતો એ દૃશ્ય આજે પણ મારી નજરમાં તરવરે છે.

એવો જ બીજો આર્ટીકલ ગમી ગયો તે 'પગમેં ભમરી...'ના લેખક મુ.શ્રી લીલાધર માણેક ગડાનો. ધરતીકંપમાં મુ.શ્રી લીલાધરભાઈએ જે સેવા કરી હતી, તેનો હું સાક્ષી છું.

ત્રીજો આર્ટીકલ છે 'ભગુદાદા' (એક અવિસ્મરણિય વ્યક્તિ). કેમકે અમારા ગામ લોરિયાથી છ કિ.મી. ઉપર આવેલ ઝરામાં મારી આવજાવ હતી અને એક વખત અન્ય કામે ભગુદાદા સાથે મારી વાતચીત પણ થયેલ. ત્યારે તેઓ દેશ માટે શું શું કરે છે તેની ખબર નહોતી. પણ પાછળથી જ જાણવા મળેલ.

એ રીતે ઉપરના ત્રણ આર્ટીકલ વાંચી હું ગદ્‌ગદ્‌ થઈ ગયો કેમકે એ ત્રણેમાં પરોક્ષ કે અપરોક્ષ રીતે હું સંકળાયેલો છું. જે મારા માટે આનંદનો વિષય છે. એ ત્રણે આર્ટીકલોના લેખકોને અભિનંદન...

*ધનજી ભાનુશાલી 'કડક બંગાલી', ઍડવોકેટ - ભુજ, કચ્છ*
*મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

★

### કચ્છશ્રુતિ – નવેમ્બર-૨૦૧૯ : પ્રતિભાવ

કચ્છશ્રુતિનો નવેમ્બર-૨૦૧૯નો અંક મળ્યો. દરેક અંક સમયસર મળે છે. વિવિધતાસભર લેખો આવતા હોવાથી વાંચવામાં મજા આવે છે. જ્ઞાનમાં વધારો થતો રહે છે. તંત્રીમંડળ, લેખકો સૌને અભિનંદન.

નવેમ્બર અંકના પાના નં.-૧૩ ઉપર ભાઈશ્રી વી.જે. ઠાકરના લેખમાં ગામ મેરાવાના કવિશ્રી ચંદુભા જાડેજાનો પરિચય આપેલો છે. જે વાંચીને આનંદ થયો. શ્રી ચંદુભા જાડેજા પાસે હું ધોરણ બીજું ભણ્યો છું. મારૂં ગામ ગોધરા પણ મારા નાનાણાનું ગામ મેરાવા અને ધોરણ-૨ એક વર્ષ હું મેરાવામાં ભણ્યો. તે વખતે મેરાવા મહાજન હસ્તક ચાલતી શાળામાં મુખ્ય શિક્ષક તરીકે શ્રી ચંદ્રકાંત છાયા હતા અને શ્રી ચંદુભા જાડેજા (અમે 'ઠક્કર' કહેતા) પહેલું, બીજું ધોરણ ભણાવતા. આમ તેઓશ્રી અમારા વર્ગશિક્ષક હતા. તે વખતે મારી ઉંમર સાત વર્ષની. આજે પંચોતેર વર્ષ પૂરા થયા છે. છતાં બધું બરાબર યાદ છે. સ્વભાવે તેઓ કડક હતા. વર્ગમાં અવાજ થાય તે એમને જરા પણ પસંદ નહીં. હા, ભણાવતા ખૂબ જ સારી રીતે અને અમને બાળકોને તેઓ હંમેશાં ચાહતા - પ્રેમ કરતા.

શ્રી ચંદુભા અધ્યાત્મ યોગી જેવા હતા. તેઓ કથા-વાર્તા અને કાવ્યો લખતા. તેમણે જૈન ધર્મના ૨૪મા તીર્થંકર શ્રી મહાવીર ભગવાન વિશે કથાવાર્તા બનાવી હતી, જે મેં પોતે સાંભળેલી છે. અચલગચ્છાધિપતિ આચાર્યશ્રી ગુણસાગરસૂરિ મ.સા. મેરાવામાં જૈન વિદ્યાપીઠની સ્થાપના કરી તે વખતે ચંદુભા જાડેજા તેમના પરિચયમાં આવ્યા અને જૈન સાધુ જીવનની દિનચર્યા જોઈને એક ગીત બનાવેલું 'સાધુ થવું નથી સહેલ મનવા, સાધુ થવું નથી સહેલ' આજે પણ મને યાદ આવે છે. તેઓશ્રી હરિ કથા - સંત કથાઓ કરતા હોવાથી કથાકાર તરીકે બધા જ સમાજમાં પ્રખ્યાત હતા. દરેક જ્ઞાતિના લોકો તેઓને માન આપતા. તેઓશ્રી કથા કરવા જતા ત્યારે સાથે શ્રી ચંદ્રકાંત છાયા હાર્મોનિયમ વગાડતા. શ્રી છાયા સાહેબ પણ સરસ ગાઈ શકતા.

મારા એક સમયના શિક્ષક એવા ભક્ત કવિશ્રી ચંદુભા જાડેજાના આત્માને મારા શત શત વંદન.

*જેઠાલાલ વી. ગંગર "મંગલમ" - ડોંબીવલી (ઈસ્ટ)*
*મો. ૮૧૬૯૬ ૬૭૨૦૭*

★

### કચ્છશ્રુતિ – જાન્યુઆરી-૨૦૨૦

કચ્છશ્રુતિ જાન્યુઆરી-૨૦૨૦ના અંકમાં પાના નં.-૪૬ ઉપર મેં મોકલેલી 'સ્પીકર ઑફ કચ્છ'ની વિગતો પ્રગટ કરી તે બદલ આભારી છું. ઋણ સ્વીકાર કરું છું. તંત્રીલેખ 'કચ્છ નર્મદા જળ અભિયાન' સમિતિ વાંચીને બે લીટીઓ અસર કરી ગઈ. 'જ્યાં સુધી ગુજરાત સરકાર આ યોજનાના કાર્યોની પુર્ણાહૂતિ ના કરે ત્યાં સુધી આ સમિતિ જંપીને બેસી રહેવાની નથી' તથા 'કચ્છની પ્રજાએ પોતાના હક્ક માટે લડી લેવાના નિર્ધાર સાથે આ સમિતિની રચના કરેલ છે.' બંને વાક્યો અસરકારક અને વેધક છે.

હક્ક મથે તરાપ પઇ, કરયો કેસરિયા. જય કચ્છ!

*નિખિલ ઠક્કર - ભુજ, કચ્છ*

*તમારા લીવરની સંભાળ રાખવા ફેટવાળા ફાસ્ટ ફુડ ખાવાનું ટાળો.*

### કચ્છશ્રુતિ – જાન્યુઆરી-૨૦૨૦ : પ્રતિભાવ

'કચ્છશ્રુતિ' જાન્યુઆરી-૨૦૨૦નો અંક સાભાર મળેલ છે. ખૂબ જ માહિતીપ્રદ સુંદર અંક નિયમિત વાંચવા મળે છે. આ અંકમાં તંત્રીલેખ 'કચ્છ નર્મદા જળ અભિયાન'માં કચ્છને પાણીની સવલત મળે તે માટે ઘણી જ સુંદર, ઉપયોગી વિગતો આપી છે. 'કચ્છનો ભૂકંપ', 'પગમેં....', કાવ્ય લેખ સહિતની ઉત્તમ માહિતી વાંચવા મળે છે. જે વિગત વાચકોને ઉપયોગી જાણકારી આપે છે. ઉપરાંત કચ્છની અન્ય માહિતી વગેરે ખૂબ જ ગમે છે. અભિનંદન.

***દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ***
***વિપુલ બી. જોશી 'કચ્છી બેફામ' - ભુજ, કચ્છ***

### કચ્છશ્રુતિ : માસ સપ્ટેમ્બર-૨૦૧૯

'કચ્છશ્રુતિ' માસ સપ્ટેમ્બર-૨૦૧૯નો અંક ખૂબ જ ગમ્યો. આ અંકમાં યાદગાર કૃતિ 'વેરણ વીજળી' એક મર્મસ્પર્શી રચના છે. 'વીજળી' સ્ટીમરની કરુણ ઘટના સદાય સ્મરણિય રહેશે. આ લોકગીતના સંકલનકર્તા જીના વીરેન શેઠને અભિનંદન. 'કચ્છશ્રુતિ' એક ઉમદા મેગેઝીન છે. ઉત્તમ કૃતિઓથી સભર આ મેગેઝીન વાચકોને ઉત્તમ સાહિત્યની ભેટ આપે છે. ધન્યવાદ.

***ઇશ્વરભાઈ પરમાર - અમદાવાદ***

## ગુજરાતી સારસ્વત પરિચય

- **ફાધર વાલેસ**થી જે યાત્રા પ્રારંભી
- અને જાણે **નરસિંહરાવ દિવેટિયા**એ મંગળ મંદિર ખોલ્યા.
- ત્યાં તો **દલપતરામે** ઋતુઓનું વર્ણન કર્યું.
- **'ગની' દહીંવાલા**એ નિષ્ફળ નિષ્ફળ રમતા શીખવ્યું.
- **અમૃત 'ઘાયલ'**એ શાનદાર જીવ્યાનો દાખલો આપ્યો.
- દૂધમાં સાકરની જેમ **ઉમાશંકર જોશી** એ પરિચય આપ્યો.
- **મરીઝ**એ ધીમા પ્રવાસનું ભાન કરાવ્યું
- **'શૂન્ય' પાલનપુરી**એ મંદિરમાં દેવોના દર્શન આપ્યા.
- **ધૂમકેતુ** 'મરિયમ ન મળી, કાગળે ન મળ્યો'ના દુઃખદ સંદેશા લાવ્યા.
- ગુજરાતનો નાથ **કનૈયાલાલ મુન્શી** પાસેથી મળી આવ્યા.
- **ઝવેરચંદ મેઘાણી**એ લગાડ્યો કસુંબીનો રંગ.
- સરસ્વતીચંદ્ર આપી **ગોવર્ધનરામ ત્રિપાઠી**એ ધન્ય કર્યા.
- **રમણલાલ દેસાઇ**એ દેખાડ્યું, કેમ આકાશમાં ઉડતું કિલ્લોલ કરતું પક્ષી એકાએક આજ્ઞાધારી વિમાન બની ગયું!
- **ખબરદાર** એ જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત! દાખવ્યું.
- **બોટાદકર,** સાચે જ જનનીની જોડ જગે નહીં જડે રે લોલ!
- છ અક્ષરનું નામ પણ **રમેશ પારેખ** ઘણું કહી ગયા.
- **બાલાશંકર કંથારિયા**એ જીવનમંત્ર આપ્યું – ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહેજે. ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.
- **ઇન્દુલાલ ગાંધી**એ આંધળી માનો પત્ર પહોંચાડ્યો.
- **રાવજી પટેલે** મારી આંખે કંકુના સૂરજ આથમ્યાથી હૃદય કંપાવી દીધું.
- **અખા**એ તમને મૂરખ બનતા બચાવ્યા. 'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.'
- **સુંદરજી બેટાઇ**એ પ્રોત્સાહન આપ્યું 'જાવું જરૂર છે, બંદર છો દૂર છે.'
- **રાજેન્દ્ર શુક્લ**ના પ્રશ્નનો નથી જવાબ હજી - કીડી સમી ક્ષણોની આ આવજાવ શું છે?
- **નરસિંહ મહેતા** સાથે વૈષ્ણવજન થયા અને પીડ પરાઈ જાણી.
- **હેમંત દેસાઇ**ને મનગમતું ગમ્યું –

  'બુટ બાટા સિવાયના, કઠોણ ચણાદાળ સિવાયના,
  શાક રીંગણ સિવાયના અને કપડાં ખાદી સિવાયના
  કોઈ પણ મને ગમે."
- માણસમાં રાખ્યા **જયંત પાઠક** એ 'રમતા રમતા લડી પડે ભૈ, માણસ છે. હસતા હસતા રડી પડે ભૈ, માણસ છે.'
- **બાલમુકુંદ દવે**એ સમજાવી દીધું શાનમાં.
- **કૃષ્ણલાલ શ્રીધરાણી**એ સાચી પૂજા શીખવી. ઘંટના નાદે કાન ફૂટે મારા, ધૂપથી શ્વાસ રૂંધાય; ફૂલમાળા દૂર રાખ પૂજારી, અંગ મારું અભડાય; ન નૈવેદ્ય તારું આ! પૂજારી પાછો જા!
- પાન લીલું જોયું ને **હરીન્દ્ર દવે** યાદ આવ્યા.
- **પ્રીતમ**નો હરિનો મારગ શૂરાનો છે.
- **મકરંદ દવે**નો ગુલાલ તો કદી ગુંજે નહીં ભરાઈ 'ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ, ગમતાનો કરીએ ગુલાલ.'

*તમારા પેટની સંભાળ રાખવા તમારા ખોરાકમાં લીલા શાકભાજી વધારો.*

- **ચંદ્રકાંત બક્ષી**નું આ વાક્ય બહુ મોડું વાંચ્યું : 'ખરાબ આદતોને નાની ઉંમરથી શરૂ કરવી જોઈએ કે જેથી મધ્ય વયમાં છોડી શકાય!'
- **સુરેશ દલાલ**, તમે વાતો કરો તો થોડું સારું લાગે.
- 'હું તો બસ ફરવા આવ્યો છું!' **નિરંજન ભગત** સાથે ફરવાની મજા આવી.
- **''બેફામ'** તો યે કેટલું થાકી જવું પડ્યું? નહીં તો જીવનનો માર્ગ છે, કબર સુધી.''
- **જયંતિ દલાલ**નું સચોટ વાક્ય ''સૌથી ભયંકર વસ્તુ એ છે કે, આજે આપણને કશું ભયંકર લાગતું જ નથી.''
- **કુન્દનિકા કાપડિયા** સાથે સાત પગલા આકાશમાં ભર્યા.
- ખરેખર **શયદા,** ''તું કહે છે અશ્રુ ચાલ્યા જાય છે, હું કહું છું જિંદગી ધોવાય છે.''
- **પિનાકિન ઠાકોર** સાથે પોકારું, ''હે ભુવન ભુવનના સ્વામી.''
- **કલાપી** તમને શું કહું, જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની.
- **કુમારપાળ દેસાઇ**એ દર્દ અને દયાનો ભેદ દાખવ્યો. 'મારી આંખોમાં દર્દ છે, દયાની ભીખ નથી.'
- ''યાહોમ કરીને પડો, ફત્તેહ છે આગે.'' ખરું કહ્યું **નર્મદે.**
- **શ્યામ સાધુજી** ''બારી બહાર શૂન્યતા ખડખડ હસી પડી, ઘરમાં ઉદાસ મૌનના ટોળા હળી ગયા.''
- **કરસનદાસ માણેક** તમારું જીવન અંજલિ થયું.
- **મનોજ ખંડેરિયા** તમે કહેશો કેમ આમ બને કે પકડું કલમને, ને હાથ આખેઆખો બળે છે?
- **'સૈફ' પાલનપુરી** તમે તો છો ગઝલ સમ્રાટના શિષ્ય, મને બનવું તમારા શિષ્ય.
- **નાથાલાલ દવે,** ''કામ કરે ઇ જીતે રે માલમ! કામ કરે ઇ જીતે.''
- **દિનકર જોશી** સાહેબ, 'પ્રકાશના કાંઈ પડછાયા હોય?'
- ''જુદી જિંદગી છે મિજાજે-મિજાજે, **સરોદજી!**
- ઘણીવાર વિચારું **જગદીશ જોષીજી** ''ધારો કે એક સાંજ આપણે મળ્યા અને આપણે હળ્યા પણ આખા આ આયખાનું શું?''
- ''માથું અરીસામાં જ રહ્યું, ને બહાર નીકળી પડી હું'' **સંસ્કૃતિરાણી દેસાઇ** તમે કદાચ મળી જશો.
- તમારી વાત સાવ સાચી **હિમાંશી શેલતજી.** ''જીવીએ પહેલાં પછી લખાય તો ઠીક છે, ન લખાય તો વસવસો નથી.''
- ''હાસ્ય એ દરેક રોગોનો રામબાણ ઇલાજ છે'' **તારક મહેતા** સાહેબનું રામબાણ અક્સીર છે.
- **ચંદ્રકાંત શેઠ** ''કવિતા જન્મે છે વ્યક્તિમાં, પણ જીવે છે સમાજમાં.''
- **અશોક દવે,** તમારે તો ''લખવાના કારણે બપોરનાય ઉજાગરા થાય છે.'' ■

## મને ગમે દુશ્મન છે

આ તે કેવું મન છે
મને ગમે દુશ્મન છે.

સંબંધો તો કાચની જેમ
તૂટી જતા હોય છે.
પોતાનાઓના હાથ પણ
છૂટી જતા હોય છે.
પલટી જાતા પવન છે
મને ગમે દુશ્મન છે.

સરસ મજાનું ચિત્ર હશે
હતું કે સારા મિત્ર હશે
કૃષ્ણ અને સુદામા જેવા
સંબંધો આ પવિત્ર હશે.
સુગંધ વગરના સુમન છે
મને ગમે દુશ્મન છે!

સમુદ્ર ભલે ખારો છે
નાવને લઇ જનારો છે
કિનારા કરતાં ઘણીવાર
સારા લાગે મઝધારો છે.
માઝીના ભીના નયન છે
મને ગમે દુશ્મન છે!!

*રજનીકાંત ઓઝા - ભુજ, કચ્છ*

## ...રસ છે

ફોન, ફ્રીજ, ફિયાટ ને ફોક્સમાં રસ છે,
જર, જમીન, જોરૂ ને જોક્સમાં રસ છે.
આપને અમારા વચ્ચે છે ફર્ક કેટલો?
આપને મોક્ષમાં અમને ''બોક્ષ''માં રસ છે.

*અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ*

*તમારી કિડનીની સંભાળ રાખવા દિવસ દરમિયાન ખૂબ જ પાણી પીવાનું રાખો.*

વિવિધતા

# વેલેન્ટાઇન સ્પે. : કપલ-ગેમ



ભાવના એ. ઝવેરી

ફેબ્રુઆરી મહિનો એટલે જાણે પ્રેમનો અહેસાસ અભિવ્યક્ત કરવાનો મહિનો.

*દરેક સાંજ સુહાની હોતી નથી,*
*દરેક ચાહતની પાછળ કહાની હોતી નથી;*
*કેટલીક તો અસર છે પ્રેમની,*
*નહિંતર ગોરી રાધા પણ સાવલા શ્યામની દિવાની હોતી નથી.*

આ ગેમ વેલેન્ટાઇનની કપલ પાર્ટીમાં રમાડી શકશો.




આપેલ ચિત્રની કલર પ્રિન્ટ કરાવી રમનાર બધાને તે કાગળ, પેન અને પેડ આપો. આપેલ કલરફુલ રાઉન્ડમાં ૧થી ૯૦ માંથી મનપસંદ નંબર લખીને તૈયાર રાખો.

***<u>હોસ્ટ</u> :*** હાઉસીનું બોર્ડ અને ટોકન નંબર લઈ આ ગેમ રમાડશે. આ ગેમ રમાડતી વખતે ગીફ્ટ બધી જ લાલ કલરના રેપરથી પેક કરવી. તેમાં ચોકલેટ બોય, ટેડી બેર, લવ ફ્રેમ, લવ મેસેજ કાર્ડ, ફૂલોનો પુષ્પગુચ્છ, પેર ગીફ્ટ વગેરેની તૈયારી કરી રાખવી.

**આ ગેમ રમવાની કેમ અને તેના વિનર વિશે :**

૧. રોઝના બંને નંબર કટ થઈ જાય તે વિનર.
*જવાબમાં :* તેના પાર્ટનરને રોઝ આપવું.

૨. ચોકલેટના બંને નંબર કટ થઈ જાય તે વિનર.
*જવાબમાં :* તેના પાર્ટનરને ચોકલેટ ખવડાવીને બધાને આપવી.

૩. કિસ ડે ના નંબર થાય તે વિનર.
*જવાબમાં :* તેના પાર્ટનરને હાથમાં કિસ કરવી.

૪. પ્રપોઝ ડે ના નંબર થાય તે વિનર.
*જવાબમાં :* પાર્ટનરને પ્રપોઝ કરવું. બે-ચાર વાક્ય બોલવા.

૫. ટેડી ડે ના નંબર થાય તે વિનર.
*જવાબમાં :* પાર્ટનરને ટેડી ગીફ્ટ આપવું.

૬. હગ ડે ના નંબર થાય તે વિનર.
*જવાબમાં :* પોતાના પાર્ટનરને ભેટવું.

૭. વેલેન્ટાઇન ડે ના નંબર થાય તે વિનર.
*જવાબમાં :* પાર્ટનરને 'હેપ્પી વેલેન્ટાઇન' કહી રોઝનો બુકે આપવો.

૮. જેના બધા જ નંબર થઈ જાય તે વિનર.
*જવાબમાં :* બંને જણાએ ડાન્સ કરવો. સાથે બધા જ કપલ જોઈન્ટ થશે.

૯. પ્રોમીસ ડે ના નંબર થાય તે વિનર.
*જવાબમાં :* પાર્ટનરે પોતાની દિલની ફિલીંગ્સ વ્યક્ત કરવાની રહેશે.

આમ આ ગેમ રમવાની બહુ જ મજા આવશે. બધાને "વેલેન્ટાઇન ડે"ની શુભેચ્છા. એન્જોય યોર લાઇફ.

## આત્મવિશ્વાસ

એક લકવાગ્રસ્ત માણસ વ્હીલચેરમાં બેસીને વિશ્વયાત્રાએ નીકળ્યો. તેના ઉમંગ, ઉત્સાહ અને આનંદ અજોડ હતા.

કોઈકે પૂછ્યું : 'પક્ષઘાત હોવા છતાં તું નિરુત્સાહ નથી થતા. મુશ્કેલીઓનો હસતા ચહેરે સામનો કર્યે જાય છે, તારી આ અડગતાનું રહસ્ય શું છે?'

તેણે જવાબ આપ્યો : 'પક્ષઘાત માત્ર મારા પગમાં થયો છે, મારા મસ્તિષ્કમાં નહીં.'

*તમારી કિડનીની સંભાળ રાખવા રાત્રે ખૂબ જ ઓછું પાણી પીવાનું રાખો.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ નર્મદા જળ અભિયાન

'કચ્છ નર્મદા જળ અભિયાન' સમિતિની એક જાહેર સભા રવિવાર, તા. ૨-૨-૨૦૨૦ના રોજ ભુજ ખાતે યોજવામાં આવી હતી. જેમાં ઉપસ્થિતોની સંખ્યા ૧૦૦થી પણ વધુની રહેવા પામેલ હતી. આ સભામાં ખેડૂત આગેવાનો, વિવિધ ગ્રામ પંચાયતોના સરપંચ, વિવિધ સમાજોના અગ્રણીઓ, સ્વામિનારાયણ સંપ્રદાયના મહંતશ્રીઓ તથા વિવિધ રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેલ હતા. કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, પૂર્વ સાસંદ શ્રી પુષ્પદાન ગઢવી તથા નખત્રાણા વિભાગના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેલ હતા.

દીપ પ્રાગટ્ય અને આવકાર પ્રવચન બાદ સંસ્થાના મહામંત્રી શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના નિયમિત પાણીની કેનાલોના કાર્યો પૂર્ણ થતા ના હોવાને કારણે અને કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના વધારાના પાણીના કાર્યો હજુ સુધી શરૂ કરવામાં ન આવેલ હોવાના કારણે કચ્છમાં વ્યાપકપણે અસંતોષ ફેલાઇ ગયેલ હોવાથી તથા આ કાર્યો ગુજરાત સરકારશ્રી પાસે પૂર્ણ કરાવવાના અનુસંધાને "કચ્છ નર્મદા જળ અભિયાન" સંસ્થાની રચના કરવામાં આવેલ છે કે જેમાં ખેડૂત અગ્રણીઓ તથા પ્રબુધ્ધ વર્ગનો સમાવેશ કરવામાં આવેલ છે. આજની આ જાહેર સભા યોજવાના મુખ્યત્વે બે કારણ છે : (૧) કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના નિયમિત પાણીની મુખ્ય કેનાલ શક્ય ત્વરાએ માંડવીના મોડકુવા સુધી પહોંચાડવામાં આવે અને તેની પેટા કેનાલો બનાવી શક્ય ત્વરાએ આ પાણી કચ્છના ખેતરો સુધી પહોંચાડવામાં આવે. (૨) કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણીના કાર્યોને વહીવટી મંજૂરી આપી તે કામો તરતમાં શરૂ કરી દેવામાં આવે અને તેના માટે ગુજરાતના વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં ઓછામાં ઓછી રૂા. ૨૫૦૦ કરોડની રકમની ફાળવણી કરવામાં આવે. ત્યારબાદ શ્રી અશોક મહેતાએ આ યોજનાની વિગતવાર માહિતી આપી હતી અને એ તરફ પણ ધ્યાન દોર્યું હતું કે ૧૯૭૯માં જળપંચે આપેલ ચુકાદાની ફેર વિચારણા કરવાની ૪૫ વર્ષની અવધિ વર્ષ ૨૦૨૪માં આવતી હોવાથી, કચ્છના આ કાર્યો મોડામાં મોડા ૨૦૨૪ સુધી પરિપૂર્ણ કરવામાં આવે અને નહીં તો બિનવપરાશના કારણે આ પાણી અન્ય રાજયોને કદાચ ફાળવી દેવામાં આવે તેવો ભય પણ રહેલો છે.

### *કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના નિયમિત પાણી અને વધારાની પાણીના અગત્યના મુદ્દાઓ*

**નિયમિત પાણી :**

- ★ *જળપંચના ૧૯૭૯ના ચુકાદા પછી કચ્છને ૦.૫ M.A.F. નિયમિત પાણી ફાળવવામાં આવ્યું.*
- ★ *ચુકાદાના ૨૭ વર્ષ બાદ એટલે કે વર્ષ ૨૦૦૬માં કચ્છ બ્રાંચ કેનાલના કામ શરૂ કરવામાં આવ્યા.*
- ★ *વર્ષ ૨૦૦૬ બાદ આજ દિવસ લગી એટલે કે વર્ષ ૨૦૨૦ સુધી એટલે કે ૧૪ વર્ષ પછી પણ કચ્છ બ્રાંચ કેનાલના કામો પૂરા કરી માંડવીના મોડકુવા સુધી પાણી પહોંચાડવામાં આવ્યા નથી.*
- ★ *૩૫૨ કિ.મી.ની લંબાઈની કચ્છ બ્રાંચ કેનાલના હજુ ૧૨૫ કિ.મી.ના કામ બાકી છે.*
- ★ *એક પણ સબ બ્રાંચ, સબસીડિયરી, માઈનોર કે સબ માઈનોર કેનાલના કામ પૂર્ણ કરવામાં આવ્યા નથી.*
- ★ *એક પણ ખેડૂત મંડળીની રચના કરવામાં આવી નથી.*
- ★ *૨,૮૫,૦૦૦ એકર જમીનમાં ખેતીના આ પાણી પહોંચાડવાની સામે એક પણ એકર જમીનમાં આ પાણી પહોંચાડ્યા નથી.*
- ★ *અગર આ પાણી કચ્છના ખેતરોમાં પહોંચતા થાય તો તેના થકી જો નિયમિત અનાજના પાકો લેવામાં આવે તો કચ્છના ખેડૂતોને દર વર્ષે રૂા. ૫૦૦ કરોડ નફા સ્વરૂપે મળી શકે અને જો આ પાણીથી રોકડિયા પાકો અથવા બાગાયતી પાકો લેવામાં આવે તો ખેડૂતોનો એ વાર્ષિક નફો રૂા. ૧૫૦૦ કરોડનો થઈ શકે.*
- ★ *કેન્દ્રીય જળપંચ તેના વર્ષ ૧૯૭૯ના ચુકાદા બાદ ૪૫ વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૪માં (૪૫ વર્ષમાંથી હવે માત્ર ૪*

*વર્ષ બાકી રહે છે) ફરી આ યોજનાની સમીક્ષા કરશે ત્યારે ગુજરાત રાજ્યે આ પાણી હજુ સુધી વાપર્યા ન હોવાથી તેની ફાળવણી કેન્સલ કરી તે પાણી અન્ય વપરાશકર્તા રાજ્યને ફાળવી દે તેવી પૂરેપૂરી શક્યતા રહેલ છે.*

★ *કચ્છની જનતાએ ચેતી જવાનો આ સમય છે.*

**વધારાના પાણી :**

★ *વર્ષ ૨૦૦૬માં નર્મદા નદીના વધારાના ૩.૦૦ **M.A.F.** પાણીમાંથી કચ્છને ૧.૦૦ **M.A.F.**, સૌરાષ્ટ્રને ૧.૦૦ **M.A.F.** અને ઉત્તર ગુજરાતને ૧.૦૦ **M.A.F.** પાણી ફાળવ્યાની ગુજરાત સરકારશ્રીએ જાહેરાત કરી.*

★ *વર્ષ ૨૦૧૦માં "સુજલામ્ સુફલામ્" યોજના અંતર્ગત ઉત્તર ગુજરાતના વધારાના પાણીના કામો પરિપૂર્ણ કરી દેવામાં આવ્યા.*

★ *"સૌની" યોજના અંતર્ગત રૂા. ૧૦,૦૦૦ કરોડના અંદાજિત ખર્ચ સામે સૌરાષ્ટ્રના વધારાના પાણીના કાર્યો માટે અત્યાર સુધી રૂા. ૧૭,૦૦૦ કરોડ વપરાઈ ચૂકેલ છે અને વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન બાકી રહેતા કાર્યો પરિપૂર્ણ કરી દેવામાં આવશે.*

★ *કચ્છને ફાળવાયેલ ૧.૦૦ **M.A.F.** પાણીના રૂા. ૪૮૦૦ કરોડના અંદાજિત ખર્ચ સામે હજુ સુધી તેને ગુજરાત રાજ્યના પ્રધાન મંડળે વહીવટી મંજૂરી આપેલ નથી. આ સામે કોઈ રકમની ફાળવણી કરવામાં આવેલ નથી અને આ પાણીના કાર્યોની બિલકુલ શરૂઆત કરવામાં આવેલ નથી.*

★ *જો આ પાણી કચ્છના ખેતરોમાં પહોંચતા થાય તો તેના થકી નિયમિત પાકની સામે દર વર્ષે કચ્છના ખેડૂતને રૂા. ૧૫૦૦ કરોડ નફા સ્વરૂપે મળી શકે. પરંતુ જો તે પાણીથી રોકડિયા પાકો કે બાગાયતી પાકો લેવામાં આવે તો તે નફો રૂા. ૪૫૦૦ કરોડ જેટલો થઈ શકે.*

★ *ગુજરાત સરકારશ્રીના કચ્છ પ્રત્યેના આ પ્રકારના વર્તનથી કચ્છની પ્રજાને ભારે ગ્લાનિની લાગણી ઉત્પન્ન થયેલ છે.*

★ *કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના નિયમિત પાણીના કાર્યો સંતોષજનક રીતે આગળ ન વધી શકતા હોવાથી અને વધારાના પાણીના કાર્યો બિલકુલ શરૂ થયેલ ન હોવાથી તેના રાજકીય પ્રતિનિધિઓની મર્યાદાનો ખ્યાલ કચ્છની જનતાને આવી ગયેલ છે અને તે અંગે પણ ઠેરઠેરથી રોષની લાગણી વ્યક્ત થતી દેખાય છે.*

કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ જણાવેલ કે વધારાના પાણીના કાર્યો માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને મેં રૂા. ૨૦૦૦ કરોડ ફાળવવાની માંગણી કરેલ છે અને તેની જાણ દિલ્હીમાં પ્રધાન મંત્રીશ્રીને પણ કરેલ છે. આપણે સૌ સાથે રહી આ બાબતે સહિયારા પ્રયાસ કરીએ તો જ આ હકીકતના યોગ્ય પરિણામ આવી શકશે.

કચ્છના પૂર્વ સાંસદ શ્રી પુષ્પદાનભાઈ ગઢવીએ જણાવેલ કે નર્મદાના પાણીના કાર્યો માટે આપણે સૌ સાથે રહીને સહિયારા પ્રયાસો કરવા જોઈશે. હું મારા પક્ષની મીટિંગમાં પણ જણાવું છું કે જો આપણે નર્મદા નદીના નિયમિત તથા વધારાના પાણી આયોજન મુજબ કચ્છના ખેતરોમાં પહોંચાડી નહીં શકીએ તો ભવિષ્ય આપણને બિલકુલ માફ કરશે નહીં.

અબડાસા વિભાગના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવેલ હતું કે વધારાના પાણીના કાર્યો માટે સરકારશ્રી આવતા બજેટમાં પૂરતા નાણાં ફાળવે તેવું તેમણે સરકારશ્રીને પત્ર દ્વારા જણાવી દીધેલ છે અને જો સરકારશ્રી પૂરતા નાણાં નહીં ફાળવે તો પોતે વ્યક્તિગત રીતે ગાંધીનગરમાં ઉપવાસ પર બેસી જશે તેવી પણ તેમણે સરકારશ્રીને માહિતી આપી દીધેલ છે.

ભાજપ મહામંત્રી શ્રી અનિરુધ્ધ દવે, આર.એસ.એસ.ના સહ કાર્યવાહક શ્રી ત્રિકમભાઈ છાંગા, કચ્છ જિલ્લા સરપંચ સંઘના પ્રમુખ શ્રી સુરેશભાઈ છાંગા, અખિલ ચારણ સમાજના પ્રમુખ શ્રી વિજયભાઈ ગઢવી, અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ શ્રી અબજીભાઈ પટેલ, લેઉઆ પટેલ સમાજના મંત્રી શ્રી ગોપાલભાઈ પટેલ, જાણીતા એડવોકેટ શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી હંસરાજભાઈ ધોળુ, શ્રી હંસરાજભાઈ કેસરાણી વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કરેલ હતા.

આ પ્રસંગે ભાજપ મહામંત્રી શ્રી જે.પી. મહેશ્વરી, હિંદુસ્તાન નિર્માણ દળના પ્રદેશ અધ્યક્ષ શ્રી શશીકાંત પટેલ, સમિતિના ઉપપ્રમુખ શ્રી માવજીભાઈ જાટિયા, કચ્છ જિલ્લા સરપંચ સંઘના મહામંત્રી શ્રી ઈકબાલભાઈ ઘાંચી, ભારતીય કિસાન સંઘના દરેક તાલુકાના પ્રમુખ - મંત્રીશ્રીઓ અને સક્રિય સભ્યશ્રીઓ તથા જિલ્લાના અનેક ગામોમાંથી સક્રિય ખેડૂત આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારબાદ આ સભાએ નીચે મુજબના બે ઠરાવો સર્વાનુમતે બહાલ રાખી તેને સરકારશ્રીમાં વિવિધ સ્થળે મોકલી આપવા

તથા કચ્છના વિવિધ રાજકીય આગેવાનોને મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

■ **ઠરાવ નં.-૧ :**

***"કચ્છ નર્મદા જળ અભિયાન" સમિતિની આજની આ મીટિંગમાં ઉપસ્થિત કચ્છના રાજકીય આગેવાનો, ખેડૂત આગેવાનો, સામાજિક કાર્યકરો તથા પ્રબુધ્ધ નાગરિકો તથા સ્વામિનારાયણ સંપ્રદાયના ઉપસ્થિત સંતશ્રીઓની સર્વ સહમતિથી "ગુજરાત સરકારશ્રી"ને તથા "સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ"ના ચેરમેન / મેનેજિંગ ડાયરેક્ટરશ્રીને અપીલ કરવામાં આવે છે કે કચ્છને ફાળવાયેલ નિયમિત પાણી અંગેની કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો વર્ષ ૨૦૨૦ના અંત ભાગ સુધીમાં પૂર્ણ કરી, આયોજન મુજબ માંડવીના મોડકુવા સુધી આ પાણી પહોંચતા કરવામાં આવે. સાથે સાથે એ પણ ઠરાવ કરવામાં આવે છે કે આ બ્રાંચ કેનાલની સબ-બ્રાંચ કેનાલ, સબસીડિયરી કેનાલ, માઈનોર કેનાલ, સબ માઈનોર કેનાલના કાર્યો તથા ખેડૂત મંડળીઓ (પાણી મંડળીઓ)ની રચના કરી, વર્ષ ૨૦૨૨ના અંત ભાગ સુધી આ પાણી કચ્છના ખેતરોમાં પહોંચાડવામાં આવે.***

■ **ઠરાવ નં.-૨ :**

***કચ્છ નર્મદા જળ અભિયાન સમિતિની આજની આ મીટિંગમાં ઉપસ્થિત કચ્છના રાજકીય આગેવાનો, ખેડૂત આગેવાનો, સામાજિક કાર્યકરો, પ્રબુદ્ધ નાગરિકો તથા સ્વામિનારાયણ સંપ્રદાયના સંતશ્રીઓની સર્વ સહમતિથી ગુજરાત સરકારશ્રીને તથા તેના જળસિંચાઈ વિભાગને અપીલ કરવામાં આવે છે કે વર્ષ ૨૦૦૬માં કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યોને વહીવટી મંજૂરી આપી, ગુજરાત સરકારશ્રીના વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં આ કાર્યો માટે ઓછામાં ઓછા રૂા. ૨૫૦૦ કરોડની રકમ ફાળવવામાં આવે અને તેના સંપૂર્ણ કાર્યો વર્ષ ૨૦૨૨ના અંત ભાગ સુધીમાં પૂર્ણ કરવામાં આવે.***

ઉપરોક્ત ઠરાવો સર્વાનુમતે પાસ કરાયા બાદ પ્રમુખકીય પ્રવચનમાં શ્રી જેન્તીભાઈ પોકારે જણાવેલ હતું કે આ સમિતિ બંને પ્રકારના પાણી કચ્છને વહેલામાં વહેલી તકે મળે તે માટે સૌને સાથે રાખી જ્યાં સુધી ન્યાય ન મળે ત્યાં સુધી હકારાત્મક કામગીરીના રાહે આગળ વધશે અને જ્યાં જરૂર જણાશે ત્યાં અસરકારક રીતે રજૂઆત પણ કરશે.

આભારવિધિ સમિતિની નિયમિત પાણીના કન્વીનર શ્રી શિવજીભાઈ બારડિયાએ કરેલ હતી જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી કમલેશભાઈ નાકરાની તથા મંત્રી શ્રી વીરમભાઈ ગઢવીએ કરેલ હતું.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ બોપલ ખાતેના મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે બોપલ ખાતે એક નવીન મેડિકલ સેન્ટરનું નિર્માણ કરી તેના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ રવિવાર, તા. ૧૨-૧-૨૦૨૦ના રોજ યોજવામાં આવેલ હતો.

આ મેડિકલ સેન્ટર અંદાજિત ૬૨૦૦ ચો.ફૂટ જેટલા કાર્પેટ એરીયાના વિસ્તારમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે, કે જે નવનીત ફાઉન્ડેશન્સ દ્વારા આ સંસ્થાને અર્પિત કરવામાં આવેલ છે. તદુપરાંત શ્રીમતી કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ તરફથી રૂા. ૧.૫૧ કરોડ, દીપ ફાઉન્ડેશન્સ તરફથી રૂા. ૧.૦૦ કરોડ અને એચ.એન. સફલ ગ્રુપ તરફથી રૂા. ૫૧ લાખના દાન આપવામાં આવેલ છે. તદુપરાંત રૂા. ૨૧ લાખથી રૂા. ૨.૫૧ લાખ સુધી દાન આપનારની સંખ્યા ૧૦થી પણ વધુ દાનવીરોની એ સમયે નોંધાયેલ હતી.

આ સમારંભના પ્રમુખ સ્થાને શ્રી દીપકભાઈ ભેદા - મુંબઈ અને અતિથિ વિશેષશ્રી તરીકે શ્રી હરીશભાઈ રંગવાલા (હર્ષા એન્જિનિયર્સ - અમદાવાદ) અને શ્રી મેઘજીભાઈ પટેલ (પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ - અમદાવાદ) ઉપસ્થિત રહેલ હતા. તદુપરાંત શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી હરસુખભાઈ પટેલ, શ્રી અશોકભાઈ રઘુરામ ઠક્કર, શ્રી પરબતભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

આ મેડિકલ સેન્ટરમાં મુખ્યત્વે ઓ.પી.ડી. વિભાગ, એક્સ-રે, સોનોગ્રાફી, ટી.એમ.ટી., પેથોલોજી લેબોરેટરી, ફિઝિયોથેરાપી સેન્ટર, ડેન્ટલ વિભાગ વગેરે પ્રકારના વિભાગો કાર્યરત રહેવાના છે. અહીંના ચાર્જિસ ટ્રસ્ટની હોસ્પિટલની જેમ ખૂબ જ કિફાયતી દર પ્રકારના રાખવામાં આવશે કે જેથી જાહેર જનતા તેનો બહોળા પ્રમાણમાં લાભ મેળવી શકે.

આ રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેનું એક વધુ સોપાન અમદાવાદ ખાતે કાર્યરત કરેલ છે.

*તમારા ફેફસાની કાળજી રાખવા સીગારેટ પીવાનું છોડી દો.*

## સ્પીકર ઑફ કચ્છ

કચ્છ યુનિવર્સિટી, અદાણી ફાઉન્ડેશન અને દૈનિક 'કચ્છમિત્ર'ના સંયુક્ત ઉપક્રમે કચ્છની કોલેજોના વિદ્યાર્થીઓને અને અન્ય યુવાનોને વક્તૃત્વ કળામાં માહિર કરવા માટે 'સ્પીકર ઑફ કચ્છ - ૨૦૨૦'ની આખરી સ્પર્ધા તા. ૧૧-૧-૨૦૨૦, શનિવારના રોજ GAIMS (ગુજરાત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ) ના હોલમાં બપોરે ૩.૩૦ વાગે યોજવામાં આવી હતી.



કુ. પંક્તિ એમ. ભાલોડિયા

આ સ્પર્ધામાં જુનિયર વિભાગમાં પ્રથમ આવેલ કુ. પંક્તિ મુકેશભાઈ ભાલોડિયાની મુલાકાત અત્રે પ્રસ્તુત છે.

*મુલાકાત લેનાર :*
નિખિલ એચ. ઠક્કર - ભુજ

***પ્ર. : પંક્તિબેન, આપશ્રીનો ટૂંકો પરિચય આપશો?***

***જ. :*** હા. ***નામ :*** પંક્તિ મુકેશભાઈ ભાલોડિયા

***વતન :*** લાલપુર, જિલ્લો જામનગર.

***માતાનું નામ :*** નીતાબેન ભાલોડિયા

***બહેનનું નામ :*** વિશ્વાબેન ભાલોડિયા

પરિવારમાં ચાર સભ્યો.

M.B.B.S. માં સેમિસ્ટર ત્રીજું, દોઢ વર્ષ અભ્યાસમાં થઈ ગયું.

***પ્ર. : આપને 'સ્પીકર ઑફ કચ્છ – ૨૦૨૦'માં ભાગ લેવાની પ્રેરણા કેમ થઈ અને આ અંગે કોની પાસેથી અને કેવી રીતે માર્ગદર્શન મળ્યું?***

***જ. :*** અમારી M.B.B.S. ની ગર્લ્સ હોસ્ટેલમાં રૂમ પાર્ટનરની પ્રેરણા તેમજ એનેટોમિના પ્રો. નિવેદીતાબેન તરફથી પ્રેરણા મળી. શરૂઆતમાં એટલી ગંભીરતાથી આ સ્પર્ધાને ન લીધી, પરંતુ આગળ કહ્યું તેમ રૂમ પાર્ટનર - ક્લાસમેટ અને પ્રોફેસર મેડમની પુનઃ પ્રેરણાથી ભાગ લેવા માટે ઉત્સાહ વધ્યો. વધુમાં જામનગર રહેતા પિતાજી તરફથી પણ ઘણું માર્ગદર્શન મળ્યું. ગર્લ્સ હોસ્ટેલની સખીઓ અને નાની બહેન વિશ્વાએ પણ જામનગરથી ફોન પરથી ઘણી માહિતી અને માર્ગદર્શન આપ્યું. મને આવી વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેવાનો શોખ, હું જ્યારે પાંચમા ધોરણમાં અભ્યાસ કરતી હતી ત્યારથી જ છે. આ વખતે 'સ્પીકર ઑફ કચ્છ - ૨૦૨૦' મેં જુનિયર વિભાગમાં પ્રથમ ક્રમ મેળવ્યો, જેનો મને આનંદ છે. તેમાં મારો વિષય હતો : "વાહ! મારું એ બાળપણ." તેમાં મને મારું વક્તવ્ય રજૂ કરવાનું બહુ જ ગમ્યું.

***પ્ર. : આપના શોખ, રૂચિ અને આ ડૉક્ટરી વ્યવસાય – જેમાં હાલ આપ અભ્યાસ કરો છો, તે અંગે મંતવ્ય જણાવશો?***

***જ. :*** બાળપણથી જ ઇતર વાંચનનો શોખ છે. ધોરણ-૧૦ સુધી વતન જામનગરમાં જ અભ્યાસ કર્યો. અખબારોની રવિવારીય પૂર્તિ ખૂબ વાંચી છે. વધુમાં ચિત્રકળાનો પણ શોખ છે. ચિત્રો દોર્યા છે. ધોરણ-૫થી ધોરણ-૧૦ સુધીના અભ્યાસમાં શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ છે. વ્યવસાયની વાત કરું તો M.B.B.S. માં અભ્યાસ કરું છું તો અનુભવે એવું જણાય છે કે, આ બધા દર્દીઓ કેટલા દુઃખી છે? એમના દર્દો કેવી રીતે દૂર કરીને એમની સેવા કરી શકાય એવી ભાવના સાચા દિલથી થાય છે. એમની સેવા કરવા માટે આ અભ્યાસમાં જોડાઈ છું અને હવે પછી જ્યારે વ્યવસાયનો સમય આવશે ત્યારે ચોક્કસ સેવાભાવનાથી જ આ વ્યવસાયમાં સફળ થઈશ એવું નમ્ર મંતવ્ય રજૂ કરું છું.

***પ્ર. : આપે આ સ્પર્ધામાં જે અનુભવ મેળવ્યો તે અંગે પ્રતિભાવો જણાવશો? આ સ્પર્ધાના જુનિયર વિભાગમાં પ્રથમ આવ્યા તે બદલ આપના મંતવ્ય કહેશો?***

***જ. :*** પ્રથમ રાઉન્ડ તા. ૨૪-૧૨-૨૦૧૯ના હતો, જેમાં મારો વિષય હતો : "વોટ્સઍપ અને વેરવિખેર સંબંધો." વક્તવ્ય રજૂ કરવાનો ખૂબ જ આનંદ આવ્યો.

આ સ્પર્ધા કચ્છ યુનિવર્સિટીમાં હતી. શીઘ્ર વક્તૃત્વમાં વિષય હતો : "બળાત્કાર."

બીજો રાઉન્ડ : આ પહેલા ગ્રુપ ડિસ્કશન અને ડીબેટ હતી. જેમાં વિષય હતો : "વસતી ગણતરીમાં જાતિ અને જ્ઞાતિનો ઉલ્લેખ જરૂરી છે?" મેં હકારમાં મારું વક્તવ્ય રજૂ કર્યું હતું. જેમાં પણ આનંદ આવ્યો.

ફાઈનલ રાઉન્ડમાં "વાહ! મારું એ બાળપણ" એ વિશે વક્તવ્ય આપ્યું અને એક મિનિટના વક્તવ્યમાં, 'જો આ સ્પર્ધામાં પ્રથમ નંબર આપના સિવાય અન્ય સ્પર્ધકોને આપવો હોય તો કોને આપો?' તો મેં કાજલબા જાડેજા જે આર.આર. લાલન કૉલેજની અંગ્રેજીની વિદ્યાર્થિની છે, તેને પ્રથમ ક્રમ આપવા માટે મારું મંતવ્ય એક

મિનિટમાં રજૂ કર્યું. જે જુનિયર વિભાગની સ્પર્ધામાં ત્રીજે નંબરે આવી. **વધુમાં આનંદની વાત એ કહું કે આ જુનિયર વિભાગની સ્પર્ધામાં ફાઇનલ રાઉન્ડમાં બધી જ વિદ્યાર્થિનીઓ હતી.** જેથી ખૂબ જ આનંદ અને રોમાંચ અનુભવ્યો! સાથે સાથે એ પણ જણાવું કે આવી સ્પર્ધાઓ દ્વારા તુરંત નિર્ણય શક્તિનો વિકાસ થાય છે, જે ખૂબ જરૂરી છે.

**પ્ર. :** *આજના આ સમયમાં આવી સ્પર્ધા દ્વારા યુવાઓમાં વ્યક્તિગત કે સામાજિક જવાબદારીની ભાવના વિકસે છે કે નહીં તે વિશે આપનું મંતવ્ય જણાવશો?*

**જ. :** ચોક્કસ. આવી સ્પર્ધાઓ દ્વારા યુવાઓમાં વ્યક્તિગત અને સામાજિક જવાબદારીની ભાવના બિલકુલ વિકસે જ છે. આ સ્પર્ધામાં જે સ્પર્ધકો હતા અને જે વિજેતાઓ થયા તેઓ બધાએ આવેલા નિર્ણયને સહર્ષ સ્વીકાર્યો તે આનંદની વાત છે અને યુવાઓએ 'સ્પોર્ટસમેન સ્પીરીટ' બતાવી, તે પણ આનંદની વાત છે. આ સ્પર્ધામાં જે વિષયો હતા તે વર્તમાન સમયને ઊંડાણપૂર્વક સ્પર્શતા હતા અને અમો યુવાઓને વિચારતા કરી મૂકે તેવા તથા ભવિષ્યમાં અમારા જીવનમાં ઉપયોગી થઈ શકે તેવા હતા. આ સ્પર્ધા દ્વારા યુવાઓને કચ્છ યુનિવર્સિટી, દૈનિક 'કચ્છમિત્ર' અને હું જ્યાં અભ્યાસ કરું છું તે મારી માતૃસંસ્થા 'અદાણી મેડિકલ કૉલેજ' – આ ત્રણે સંસ્થાઓએ કચ્છના યુવાઓને જે પ્લેટફોર્મ પૂરું પાડ્યું તે બદલ સૌ વતી હું આ સંસ્થાઓની ઋણી છું અને આભાર તેમજ આનંદની લાગણી વ્યક્ત કરું છું.

મને આ સ્પર્ધામાં મારા પોતાનાઓની મદદ, માર્ગદર્શન મળ્યું તેનો પુનઃ આનંદ વ્યક્ત કરું છું. મારા પિતા મુકેશભાઈ, માતા નીતાબેન, નાની બહેન વિશ્વા, અમારી કોલેજના પ્રોફેસરો નિવેદીતા મેડમ અને શિલ્પા મેડમ, બધી જ સખીઓનો હું આ ક્ષણે ખરા દિલથી આભાર માનું છું અને કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરું છું.

છેલ્લે, પ્રોફેસર ડૉ. આર.વી. બસિયા સાહેબ, કચ્છ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના એસો. પ્રોફેસર જેમની પ્રેરણા પણ મને આ સ્પર્ધામાં ઘણી જ ઉપયોગી થઈ છે, તેમનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું. નમસ્તે.

*મુસીબતમાં આપણી પડખે ઉભા રહે તો ક્યારેક આપણી બાજી બગાડે પણ ખરા, આપણે જેને દબાવીને રાખીએ એ જ મુદ્દો ઉપાડે પણ ખરા... દોસ્ત છે, ધંધે લગાડે પણ ખરા!*

## મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ

મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળની વર્ષ ૨૦૨૦થી ૨૦૨૪ની કારોબારી સમિતિની, ચૂંટણી અધિકારી ચીમન મોતાએ જાહેરાત કરી હતી. જેમાં હેમરાજ શાહ (મુંબઈ), જયપ્રકાશ પારેખ (નાગપુર), રાજેશ હીરાલાલ શાહ (પૂણે), દિગ્વિજય કાપડિયા (નાસીક), લખમશી એમ. શાહ (મુંબઈ), ભરતભાઈ કે. શાહ (પૂણે), સૌ. નીતા એસ. શેઠ (મહાડ), માજીમંત્રી અનિલ પટેલ (ઔરંગાબાદ), અરુણકામ એ. શેઠ (સાંગલી), કેતન કુલીનકાંત નાગડા (નાંદેડ), સૌ. શૈલાબેન મયુર (જલગામ), એડ. સંજીવ વાણી (ધુલીયા), બિપીનભાઈ એમ. પટેલ (સોલાપુર), રમેશભાઈ સી. પટેલ (જાલના), સુરેશભાઈ વોરા (આકોલા), બિપીન પાશ્વીર નાગડા (ભીવંડી), વિજય જાની (આકોલા), શ્યામલાલ ગુજરાતી (ચોપડા), શરદચંદ્ર કે. સરાફ (પૂણે), નારાયણભાઈ પટેલ (શ્રીરામપુર), લલીતભાઈ કે. શાહ (લાતુર), ડૉ. મહેશ શાહ (સાંગલી), શ્રી ચંદ્રકાંત વી. શાહ (મુંબઈ) અને રાજેશ રતિલાલ દોશી (મુંબઈ)નો સમાવેશ થાય છે. ચૂંટણી અધિકારી તરીકે મુલુંડના ચીમનભાઈ મોતાએ સેવા બજાવી હતી.

## બૃહસ્પતિ સાહિત્ય સભા

### ગુજરાતભરના કવિઓનો કાવ્ય સંગ્રહ ટૂંક સમયમાં પ્રકાશિત કરવામાં આવશે

સાહિત્ય પ્રવૃત્તિના વિકાસ અને સંવર્ધન માટે કાર્ય કરતી સંસ્થા 'બૃહસ્પતિ સાહિત્ય સભા' - ભુજના ઉપક્રમે સ્વ. બાપાલાલ જોશી સ્મૃતિ તરીકે નવોદિત, શોખીન સહિત સેવા કરતા લખતા ગુજરાતીના વિકાસ અને પ્રોત્સાહન માટે ટૂંક સમયમાં 'કાવ્ય સંગ્રહ' પ્રકાશિત થનાર છે. જેમાં બે કાવ્ય સ્વચ્છ અક્ષરે નામ, સરનામું અને મોબાઇલ નંબર સહિતની માહિતી લખીને દિવસ-૧૫માં નીચેના સરનામે મોકલી આપવાની રહેશે.

**વિપુલ જોશી 'કચ્છી બેફામ'**
ઇંદીરા નગરી, ઓરિએન્ટ કોલોની પાછળ,
ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
***મો. ૯૯૦૯૭ ૨૬૧૦૬ ઉપર વધુ માહિતી માટે સંપર્ક કરવો.***

### ગુજરાતી ભાષા વિકાસલક્ષી બેઠક યોજાઈ

ગુજરાતી ભાષા અને સાહિત્ય સંવર્ધન માટે સ્વ. બાપાલાલ

*તમારા નાકની કાળજી રાખવા ફુદીનો નિયમિત ખાવો જોઈએ.*

જોશીની સ્મૃતિમાં 'કાવ્ય સંગ્રહ' પ્રકાશિત કરવા માટે આયોજન અને ચર્ચા વિચારણા બેઠક યોજાઈ હતી. જેમાં વિપુલ જોશી 'કચ્છી બેફામ'એ માહિતી આપી હતી તેમજ દિલીપ આચાર્ય 'દિલકશ'ના આયોજન અને માર્ગદર્શન હેઠળ આ પ્રવૃત્તિ કાર્યની ચર્ચા અને સૂચન કરવામાં આવેલ હતું. જેમાં મધુબેન જોશી, ભગવતીબેન આચાર્ય સહિતના સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી અખિલ હિંદ શ્રીમાળી સોની મહામંડળ - વડતાલ દ્વારા ભુજના શ્રીમતી ભાવના એ. ઝવેરીને "સેવા સન્માન" એવોર્ડ

શ્રી અખિલ હિંદ શ્રીમાળી સોની મહામંડળ - વડતાલની પરિષદ વડતાલ મુકાને ૪-૫ જાન્યુઆરીના યોજાઈ હતી. જેમાં મહાસમિતિ સભ્ય અને મહિલા ઉત્કર્ષ સમિતિના સહ કન્વીનર તરીકેની અપ્રતીમ, અદ્વિતીય અને મહામૂલી નિઃસ્વાર્થ સેવાના યજ્ઞમાં અવિસ્મરણીય ભૂમિકા બદલ શ્રીમાળી સોની મહામંડળના પ્રમુખ ડૉ. જયેન્દ્રભાઈ રાણપુરા, શ્રી શશીકાંત પાટડિયાના વરદ્ હસ્તે ભાવનાબેન એ. ઝવેરીને "સેવા સન્માન" ઍવોર્ડ આપવામાં આવ્યો. આ સાથે જ ભુજના પ્રખ્યાત ચિત્રકારો શ્રી બિપીનભાઈ આર. સોની, જીગર નવીનભાઈ સોની અને રૂચિનભાઈ સોનીને કલા-કારીગરીનો "શ્રી રમણલાલ સોની સુવર્ણ ચંદ્રક" એનાયત કરવામાં આવ્યો. સોની સમાજ - ભુજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભાવનાબેન અનેક સંસ્થાઓ સાથે જોડાઈને સેવા-કાર્યમાં પોતાનું યોગદાન આપવા ઉપરાંત વિશેષ પ્રવૃત્તિઓ કરતા રહે છે. તેઓ લાયોનેસ ક્લબ ઓફ ભુજના સ્થાપક ખજાનચી છે અને સોની મહિલા મંડળના સ્થાપક ઉપપ્રમુખ રહી ચૂક્યા છે. ઉમા યોગ કેન્દ્રમાં તેઓ નિઃશુલ્ક સેવા આપી અનેકને ફિટનેસ માટે જાગૃત કરીને યોગના ક્લાસ લેતા હોય છે. તેમની આ સેવાને શુભેચ્છાઓ. ■

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## જાન્યુઆરી / ફેબ્રુઆરી - ૨૦૨૦

★ **રવિવાર, તા. ૫-૧-૨૦૨૦**

- આજે યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં મહાવીર જૈન વિદ્યાલયના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા. અહીં અન્ય કચ્છી મહાનુભાવો પણ ઉપસ્થિત હતા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું.

★ **શનિવાર, તા. ૧૧-૧-૨૦૨૦**

- કચ્છશ્રુતિ જાન્યુઆરી-૨૦૨૦ના અંકની PDF ફાઈલ બનાવી લગભગ ૮૦૦ કચ્છીઓના વોટ્સ એપ નંબર પર મોકલી આપી.

★ **રવિવાર, તા. ૧૨-૧-૨૦૨૦**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બોપલ ખાતેના મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમયે આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી હરીશભાઈ રંગવાલા, શ્રી મેઘજીભાઈ પટેલ, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી હરસુખભાઈ પટેલ, શ્રી પરબતભાઈ પટેલ વગેરે અનેક કચ્છી મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા. તદુપરાંત આ સમારોહમાં શ્રી હરીશભાઈ રંગવાલા તથા શ્રી મેઘજીભાઈ પટેલ અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેલ હતા.

★ **સોમવાર, તા. ૨૦-૧-૨૦૨૦**

- આજરોજ ભુજથી પત્રકાર શ્રી વિનોદભાઈ ગાલા સમાજની ઑફિસ પર આવેલ હતા અને તેમની સાથે કચ્છના અનેકવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ **મંગળવાર, તા. ૨૧-૧-૨૦૨૦**

- "કચ્છ નર્મદા જળ અભિયાન"નું બંધારણ બનાવી તેના પ્રમુખશ્રી, મંત્રીશ્રી વગેરે પર PDF ફાઈલ બનાવી મોકલી આપ્યું.

★ **રવિવાર, તા. ૨-૨-૨૦૨૦**

- આજરોજ ભુજ ખાતે ફોકિયાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નિમેષ ફડકે સાથે કચ્છના ઉદ્યોગોના ૨ ટકા CSR ફંડ માટે, કચ્છમાં વ્યાપક પ્રમાણમાં ઘાસ ઉગાડવા માટે, વૃક્ષારોપણ માટે તથા કચ્છમાં નર્મદા નદીની કેનાલોના કાર્યો વગેરે વિશે ચર્ચા કરવામાં આવી.
- આજે ભુજ ખાતે "કચ્છ નર્મદા જળ અભિયાન"ની મીટિંગ મળેલ હતી. જેમાં કચ્છના ૧૦૦ ઉપરાંત ખેડૂત અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ સભામાં શ્રી વિનોદભાઈ ચાવડા, શ્રી પુષ્પદાનભાઈ ગઢવી તથા શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેલ હતા. ■

*તમારા હૃદયની કાળજી રાખવા મીઠાનો ઉપયોગ બંધ કરવો.*

ESTD. 1995

# ધી ભુજ મર્કેન્ટાઇલ કો.ઓપ. બેંક લિ.
# The Bhuj Mercantile Co.op. Bank Ltd.

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**FDR વ્યાજ દર Upto 9.00% & Loan Upto 15 Cr.**

## બેંકની વિશેષતાઓ

- C/A ચાલુ ખાતા (Flexi Deposit)માં વ્યાજ 5.50% @
- S/B બચત ખાતા (Flexi Deposit)માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / SMS Alert & Cheque Book Charges Service Charges : NIL (Zero)*
- Cash / RTGSનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬ સુધી
- BMCB Rupay / ATM Card & E-com Payment
- Lockers • ઇ-સ્ટેમ્પિંગ • ઇ-સ્ટેટમેન્ટ
- GST / INCOME TAX / Govt. pyts. ભરવાની સગવડ
- POS / Swiping Machine ફક્ત રૂા. ૧૫૦૦/-માં*
- રાષ્ટ્રીયકૃત બેંકો જેવું / જેટલું જ થાપણ વીમા કવરેજ.
- 24x7 ફ્રી બેલેન્સ એલર્ટ સુવિધા : 95120 04408
- મિની સ્ટેટમેન્ટ માટેની સુવિધા : 98120 04409
- પ્રધાનમંત્રી જીવન વીમા અને અકસ્માત વીમાની સગવડ

The Best Performing Co.Op. Bank of India



Year 2008

Rajiv Gandhi Shiromani Award



Year 2009

Banco Puraskar 1st Rank in India



Year 2017

Technology Excellent Award



Year 2018

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ





**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

**મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર**

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીટોટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, ઓબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેકશન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડિસીન
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | ... | NABL | ACC | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS®
Care Institute of Medical Sciences

ગુજરાત મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:

# કચ્છ નર્મદા જળ અભિયાન

## સમિતિ દ્વારા તાજેતરમાં થયેલા કાર્યોની તસવીરી ઝલક











REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 • R.N.I. 46515/87
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

BUILDERS WE PRESENT

shivalik

& Many More...

BUY • SALE • RENT • INVEST
RESIDENT, COMMERCIAL, LAND
48, 4th Floor, Amrapali Axiom,
Nr. Bopal Ring Road, Bopal, Ahmedabad-380058.
Mo : +91 98795 32139 +91 98700 63481
E : primeproperty123@yahoo.com

PRIME PROPERTY
- Inspection of Property
- Evaluate Property
- Pricing of Property
- Goodwill of Developer
- Validation of Document
- Time of Delivery
- Tenant Screening
- Ultimate Properties



SILICON®
ZERO MAINTENANCE LAMINATE
RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.:

INDOTEX PAINTS
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (O) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh



DEEP Industries Limited
Oil & Gas Exploration Production & Services
- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

CONTACT DETAILS
Deep Industries Limited
Address : 12A & 14, Abhi Shree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
Phone # : +91-2717-298510 Fax # : +91-2717-298520
Website : www.deepindustries.com E-mail : info@deepindustries.com

RADHA VALLABH GROUP
Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 Hirenkumar : M. 98799 97777

જાહેરાત આવકાર્ય

જાહેરાત આવકાર્ય

જાહેરાત આવકાર્ય

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)